વર્ષ : 3 અંક : 19

1-15 એપ્રિલ, 2023 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



**બજેટ વેબિનાર**

# બજેટનો અમલ

## કરવાની યુગાંતરકારી પહેલ


**એક સમયે આર્થિક લેખા-જોખાનો દસ્તાવેજ બનીને દર વર્ષે રજૂ થતું સામાન્ય બજેટ હવે એક અનુષ્ઠાનથી આગળ વધીને જન-ભાગીદારીનું સશક્ત માધ્યમ બનીને સરકારની ઉર્જાને વ્યાપક વિકાસની પ્રાથમિકતાઓથી સજ્જ કરી રહ્યું છે**

**ઉત્કલ દિવસ : 1 એપ્રિલ 2023**

# ઓડિશાની અનોખી સંસ્કૃતિને વંદન

લગભગ 2000 વર્ષ જૂનો ઐતિહાસિક અને ભવ્ય સાંસ્કૃતિક વારસો પોતાના હૃદયકુંજમાં સમાવતું ઓડિશા, ભારતમાં ઈતિહાસથી લઈને વર્તમાન સુધી મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. માનવજાતને પ્રેમ અને શાંતિનો શાશ્વત સંદેશો આપનારી આ ભૂમિના અનન્ય સાંસ્કૃતિક વારસા, પ્રાકૃતિક સૌંદર્ય, સ્થાપત્ય કળા, હસ્તકળા અને નૃત્ય કળા પર દેશને ગૌરવ છે. ઓડિશા 1 એપ્રિલ 2023 ના રોજ તેનો 88મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે, જે તેના દયાળુ અને મહેનતુ લોકો માટે પણ જાણીતું છે. 1 એપ્રિલ 1936ના રોજ 'ઓરિસ્સા'ની રચના ભાષાકીય આધાર પર કરવામાં આવી હતી અને 2011માં તેનું નામ બદલીને 'ઓડિશા' રાખવામાં આવ્યું હતું. ભગવાન જગન્નાથ, લિંગરાજ, કોણાર્ક અને અન્ય સમૃદ્ધ વારસાની ભૂમિ ઓડિશા સમગ્ર વિશ્વને શાંતિ, પ્રેમ અને હિંસાથી દૂર રહેવાનો સંદેશ આપે છે

> ઉત્કલ દિવસના વિશેષ અવસર પર, ઓડિશાના લોકોને શુભેચ્છાઓ. ઓડિયાના લોકો ભારતની પ્રગતિમાં ઐતિહાસિક યોગદાન આપી રહ્યા છે અને દુનિયાભરમાં ઓડિયા સંસ્કૃતિની પ્રશંસા કરવામાં આવે છે. હું ભવિષ્યમાં ઓડિશાનો વિકાસ થાય તેવી શુભેચ્છા પાઠવું છું.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



न्यू ईन्डिया
# સમાચાર

વર્ષ 3, અંકઃ 19 |1-15 એપ્રિલ, 2023

**મુખ્ય સંપાદક**
**રાજેશ મલ્હોત્રા**
મુખ્ય મહાનિદેશક, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષ કુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**પવન કુમાર**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમિત કુમાર (અંગ્રેજી)**
**જય પ્રકાશ ગુપ્તા (અંગ્રેજી)**
**નદીમ અહેમદ (ઉર્દૂ)**
**પૉલમી રક્ષિત (બંગાળી)**

સિનિયર ડિઝાઈનર
**રાજીવ ભાર્ગવ**

ડિઝાઈનર
**અભય ગુપ્તા**
**ફિરોઝ અહેમદ**




13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરોઃ
https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ- @NISPIBIndia**

## અંદરના પાને
## જોગવાઈથી ઉકેલ સુધીની સફર...



**કવર સ્ટોરી**


બજેટ વેબિનારની નવી પરંપરાથી સામાન્ય બજેટ સુશાસનને ગતિ આપી રહ્યું છે, જેને પ્રધાનમંત્રી સ્તરેથી જ સીધી વ્યવહારિક બ્લુપ્રિન્ટમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. | 8-33


## ન્યૂ ઈન્ડિયા સમાચાર વિશેષ

**બજેટ વેબિનાર**

### સપ્તઋષિના મંત્ર સાથે ઉકેલની દિશામાં આગળ વધતા ડગલાં

**અમૃતકાળના પહેલા સામાન્ય બજેટને જન ભાગીદારી સાથે પાયાના સ્તરેથી અમલમાં મૂકવા માટે પ્રધાનમંત્રી મોદીએ 12 વેબિનારમાં સંબોધન આપ્યું.**


હરિત વિકાસ | પેજ 12-13
કૃષિ અને સહકારિતા | પેજ 14-15
યુવાશક્તિનો ઉપયોગ | પેજ 16-17
સર્વજન હિતાય, સર્વજન સુખાય | પેજ 18
પ્રધાનમંત્રી કૌશલ્ય સન્માન | પેજ 19
ટેકનોલોજીઃ જીવન સરળ બનાવવું | પેજ 20-21
શહેરી આયોજન, વિકાસ અને સ્વચ્છતા | પેજ 22-23
મિશન મોડમાં પર્યટનનો વિકાસ | પેજ 24-25
પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન | પેજ 26-27
સ્વાસ્થ્ય અને ચિકિત્સા સંશોધન | પેજ 28-29
આર્થિક સેવાઓની કાર્યદક્ષતા વધારવી | પેજ 30-31
મહિલાઓનું આર્થિક સશક્તિકરણ | પેજ 32-33

સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ – ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવાર
'સ્વતંત્ર ભારત' તેમના જીવનનું એક માત્ર લક્ષ્ય હતું | 6-7

કર્ણાટકને વિકાસની ભેટ
ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી કર્ણાટકના વિકાસને મળી ગતિ | 34-35

**વૈશ્વિક પડકારોને ઉકેલ આપતું ભારત**
G-20ની યજમાની કરી રહેલું ભારત અધ્યક્ષ તરીકે વૈશ્વિક ફલક પર ગ્લોબલ સાઉથનો અવાજ બની રહ્યું છે | 40-43

**અમૃત મહોત્સવઃ**



બ્રિટિશ સામ્રાજ્ય સામે સંઘર્ષ કર્યો, લોકોને સંગઠિત કર્યા અને નવી ચેતના જગાડી | 44-47

ફેમ ઈન્ડિયા
હરિત યાત્રા વિકલ્પની મૂક ક્રાંતિ | 36-37

પ્રધાનમંત્રી મુદ્રા અને ઈ-નામ યોજના
નાના વેપારીઓ અને ખેડૂતોને બમણો સહારો | 38-39

ઓસ્કાર પુરસ્કાર 2023 | 48



પ્રકાશક અને મુદ્રક - મનીષ દેસાઈ, મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો મુદ્રણઃ ઈન્ફિનિટી એડવર્ટાઈઝિંગ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, FBD વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, NH-1, ફરીદાબાદ- 121003 | પત્રવ્યવહાર અને ઈમેઈલ એડ્રેસઃ રૂમ નં - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 | ઈ-મેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે

## જન સામર્થ્ય દ્વારા જન ભાગીદારીની બ્લુપ્રિન્ટ

સાદર નમસ્કાર,


સામાન્ય બજેટની વાત હોય કે અન્ય યોજનાઓને આકાર આપવાની વાત હોય, સંકલ્પો સાકાર કરવા માટે સખત મહેનત એ જ કેન્દ્ર સરકારની નીતિઓનો આધાર છે. સામાન્ય રીતે બજેટ પહેલાં સંબંધિત ક્ષેત્રના લોકો પાસેથી સૂચનો લેવાની અને બજેટ રજૂ થયા પછી સંસદમાં ચર્ચા કરવાની જ પરંપરા રહી છે. પરંતુ પ્રથમ વખત કેન્દ્ર સરકારે બજેટની રજૂઆત બાદ પણ નવી કાર્ય સંસ્કૃતિ અપનાવીને છેલ્લા ત્રણ વર્ષથી હિતધારકો સાથે સંવાદની નવી પરંપરાનો પ્રારંભ કર્યો છે. જૂની પદ્ધતિમાં એક નવું પરિમાણ ઉમેરીને 'બજેટ વેબિનાર' દ્વારા ગહન મંથન કરવામાં આવી રહ્યું છે.

2047ના સ્વર્ણિમ ભારત માટે, જે રીતે દર વર્ષે સામાન્ય બજેટને સાતત્ય સાથે આગળ વધારવામાં આવે છે, તેવી જ રીતે સંવાદની શ્રૃંખલાનું વિસ્તરણ કરીને, પ્રધાનમંત્રી મોદીએ 2023-24ના સામાન્ય બજેટમાં ઉલ્લેખિત 'સપ્તઋષિ'ની પ્રાથમિકતાઓને એક ડઝન વિષયોમાં સમાવીને વેબિનારમાં સંબોધન આપ્યું. જન સામર્થ્ય દ્વારા જન ભાગીદારીની બ્લુપ્રિન્ટ બનેલું સામાન્ય બજેટ સુશાસનને નવી ગતિ આપી રહ્યું છે.

આ તમામ વેબિનારના આધારે બજેટ અમલીકરણની સફરની વાત જ આ વખતે અમારી કવર સ્ટોરી બની છે.

વ્યક્તિત્વની શ્રૃંખલામાં, ‘સ્વતંત્ર ભારત’ જ જેમના જીવનનું લક્ષ્ય હતું એવા ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવારની પ્રેરક વાર્તા અને મુખ્ય યોજનાઓમાં ફેમ ઈન્ડિયા, પીએમ મુદ્રા, ઈ-નામને આ અંકમાં સમાવી લીધી છે. અમૃત મહોત્સવની શ્રૃંખલામાં રાષ્ટ્રનાયકોના સંઘર્ષની ગાથા, પ્રધાનમંત્રીનો કર્ણાટકનો પ્રવાસ, G-20ના વિદેશ મંત્રીઓની બેઠક અને અન્ય કાર્યક્રમોનો આ અંકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 'મન કી બાત'ના આગામી 100મા વૃત્તાંત એટલે કે જનસંવાદની શ્રેણીના એક મહત્વપૂર્ણ પડાવની માહિતી પણ આ અંકના બેક કવર પર આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત, ઓડિશાની સ્થાપનાનો 88મો ઉત્કલ દિવસ ઈનસાઈડ કવર તરીકે સમાવી લીધો છે.

તમારા સૂચનો અમને મોકલતા રહો.



(રાજેશ મલ્હોત્રા)

હિંદી, અંગ્રેજી તેમજ અન્ય 11 ભાષામાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ ડાઉનલોડ કરો.
https://newindiasamachar.pib.gov.in/news.aspx

# આપની વાત...




### મેગેઝિન સારી રીતે સંપાદિત છે અને લેખો માહિતીપ્રદ છે.

ન્યૂ ઇન્ડિયા સમાચારના તાજેતરના અંકમાં, આત્મવિશ્વાસી નારી તું નારાયણીની પહેલ ખૂબ જ પ્રશંસનીય છે. આશા રાખવી જોઈએ કે આઝાદીના સ્વર્ણિમ વર્ષમાં નારી શક્તિની આકાંક્ષાઓને નવી ઉડાન મળે. લોકપદ્મ પુરસ્કારથી સન્માનિત વિશિષ્ટ વ્યક્તિઓના વિશેષ કાર્યો વિશે માહિતીથી અવગત કરાવ્યા તે પ્રશંસનીય છે. તેમના વિશે વાંચીને વાચકો ચોક્કસપણે પ્રભાવિત અને પ્રેરિત થશે. આ મેગેઝિન સારી રીતે સંપાદિત છે અને અન્ય સામગ્રી પણ માહિતીપ્રદ છે. સંરક્ષણ સેવાઓનું આધુનિકીકરણ ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય છે અને સરકાર તેના પર પણ ધ્યાન આપી રહી છે.

anuragmishrabhu@gmail.com

### ન્યૂ ઇન્ડિયા સમાચાર અદ્ભુત મેગેઝિન છે

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝિન પોતાની રીતે એક અદ્ભુત મેગેઝિન છે. આ મેગેઝિનના માધ્યમથી અમે દેશ-વિદેશમાં ચાલતી તમામ ઘટનાઓથી માહિતગાર રહીએ છીએ. આ મેગેઝિનનું પ્રકાશન કરવા બદલ માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ખૂબ ખૂબ આભાર.

amanverma2405@gmail.com

### ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝિનના મહત્વથી અવગત થયો

મારું નામ જીવન ભારતી છે. હું કાયદાનો સ્નાતક છું અને જાહેર સેવા પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું. તાજેતરમાં જ મને સરકારના પાક્ષિક ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝિન વિશે ખબર પડી અને તેનું મહત્વ સમજાયું. સરકારની યોજનાઓ અને નીતિઓ વિશેષરૂપે આ મેગેઝિનમાં પ્રકાશિત કરવામાં આવે છે.

jeevabharathaniannadurai@yahoo.com

### ન્યૂ ઇન્ડિયા સમાચારમાં વિગતવાર માહિતી આપવામાં આવે છે

મોટા અખબારોની સરખામણીએ ન્યૂ ઇન્ડિયા સમાચારમાં પોતાના વાચકો માટે પરિયોજનાઓ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અસંગઠિત ક્ષેત્રો માટેની સામાજિક સુરક્ષા વગેરે વિશે વિગતવાર માહિતી આપવામાં આવે છે. માહિતી આપવામાં આવે છે. માર્ચ મહિનાના પ્રથમ અંકમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) અંગે વિગતવાર માહિતી આપવામાં આવી છે જે તુમકુરુ ઔદ્યોગિક ટાઉનશિપમાં એશિયાની સૌથી મોટી હેલિકોપ્ટર ફેક્ટરી બની ગઈ છે. તેનાથી રોજગાર પણ પેદા થશે અને તે દર્શાવે છે કે ભારત દરેક ક્ષેત્રમાં અગ્રેસર બની રહ્યું છે.

ભગવાન દાસ

bhagwan.sel@gmail.com

### 'ન્યૂ ઇન્ડિયા સમાચાર' મેગેઝિનની રાહ જોઉં છું

હું હંમેશા પાક્ષિક મેગેઝિન 'ન્યૂ ઇન્ડિયા સમાચાર'ની રાહ જોઉં છું. આ મેગેઝિન ખૂબ જ સારી રીતે ડિઝાઈન કરવામાં આવે છે. આમાં આપેલી સામગ્રી ખૂબ જ ઉપયોગી અને હકીકતલક્ષી હોય છે. માર્ચ મહિનાનો પ્રથમ અંક મહિલાઓને સમર્પિત છે જે ખૂબ જ પ્રશંસનીય છે. હું આ મહત્વપૂર્ણ પ્રયાસને સામે લાવવા બદલ સમગ્ર ટીમના પ્રયાસોની પ્રશંસા કરું છું.

prashantshirke5@gmail.com

**અમને ફોલો કરો @NISPIBIndia**

**પત્રવ્યવહાર અને ઈમેઈલનું સરનામું:** રૂમ નંબર - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 **ઈમેઈલ** - response-nis@pib.gov.in

# ચારધામના યાત્રાળુઓને દવા પહોંચાડવા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે



ચારધામની યાત્રા કરતા શ્રદ્ધાળુઓને યાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓથી બચાવવા અને તબીબી ઈમરજન્સીનો સામનો કરવા માટે ત્રણ સ્તરીય સ્વાસ્થ્ય સુવિધાઓનું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે. સાથે જ, ઊંચા વિસ્તારોમાં ઈમરજન્સીની સ્થિતિમાં દવાઓ આપવા માટે સરકારે ડ્રોનનો ઉપયોગ કરવાનો નિર્ણય પણ લીધો છે. વાસ્તવમાં કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી 10,000 ફૂટની ઉંચાઈ પર આવેલા છે. આવા સ્થળોએ ઈમરજન્સીના કિસ્સામાં સરકાર ડ્રોન દ્વારા શ્રદ્ધાળુઓ સુધી દવાઓ પહોંચાડવાની વ્યવસ્થા કરશે. એઈમ્સ ઋષિકેશ, દૂન મેડિકલ કોલેજ અને શ્રીનગર મેડિકલ કોલેજ સાથે મજબૂત રેફરલ સપોર્ટ સિસ્ટમ (બેક એન્ડ સિસ્ટમ) તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, ચાર ધામ ધોરીમાર્ગ પર લાઈફ સપોર્ટ અને ઈમરજન્સી પરિવહન માટે એમ્બ્યુલન્સ ઉપલબ્ધ કરાવવામાં આવશે. મુસાફરીના સમયગાળા દરમિયાન સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવા માટે પોસ્ટ ગ્રેજ્યુએટ (PG) વિદ્યાર્થીઓને નિયુક્ત કરવામાં આવશે. યાત્રાળુઓને હવામાનની સ્થિતિ વિશે માહિતી આપવાની સુવિધા વેબસાઈટ અને પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. માર્ગમાં સ્વાસ્થ્ય સુવિધાઓનું સ્થાન, કૉલ સેન્ટરનો ફોન નંબર, મુસાફરી પહેલાંની તપાસ, ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો પણ ઉપલબ્ધ રહેશે.

# નેનો DAPથી ખેડૂતોનું જીવન સરળ બનશે, નફો વધશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ ખાતરની બાબતમાં ઝડપથી આત્મનિર્ભર બની રહ્યો છે. આ દિશામાં દેશે વધુ એક મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. નેનો યુરિયા બાદ હવે નેનો DAPને પણ મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી મનસુખ માંડવિયાએ કરેલી ટ્વીટના જવાબમાં પ્રધાનમંત્રી મોદીએ આ નિર્ણયને ખેડૂતોનું જીવન સરળ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.

કેન્દ્ર સરકારે લીધેલા આ નિર્ણય બાદ હવે ખેડૂતોને ડાય એમોનિયમ ફોસ્ફેટ (DAP)ની બોરીઓ ઉપાડીને લઈ જવાની જરૂર નહીં પડે. નેનો DAPની એક બોટલ, DAPની એક બોરી ખાતર જેટલી જ અસરકારક રહેશે. અગાઉ, ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (IFFCO) એ પણ 1 ઑગસ્ટ, 2021થી ગુજરાતના કલોલમાં આવેલા પ્લાન્ટ ખાતે દરરોજ 1,50,000 બોટલ (500 ml) નેનો યુરિયાના ઉત્પાદનના લક્ષ્ય સાથે વ્યાપારી ધોરણે ઉત્પાદનનો પ્રારંભ કરી દીધો છે. વર્ષ-2021-22 દરમિયાન દેશમાં 2.12 કરોડ બોટલ (500 મિલીની પ્રત્યેક બોટલ)નું વેચાણ થયું હતું જ્યારે 3.06 લાખ બોટલની નિકાસ શ્રીલંકામાં કરવામાં આવી હતી. વર્ષ 2022-23 (12 ડિસેમ્બર 2022 સુધી) દરમિયાન દેશમાં 2.01 કરોડ બોટલનું વેચાણ થયું હતું જ્યારે 0.6 લાખ બોટલની નિકાસ નેપાળમાં કરવામાં આવી હતી. નેનો યુરિયાની એક બોટલની કિંમત 225 રૂપિયા છે.




## જેનરિક દવાઓ અંગે જાગૃતિ માટે જન ઔષધી મિત્ર

સમગ્ર દેશમાં ખાસ કરીને સમાજના આર્થિક રીતે નબળા વર્ગોને સસ્તી અને સારી ગુણવત્તાની દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી આખા દેશમાં જન ઔષધી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી રહી છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, ડૉ. મનસુખ માંડવિયાએ યુવાનોને જન ઔષધી મિત્ર બનવાની વિનંતી કરી છે જેથી જેનરિક દવાઓના ઉપયોગ અને જન ઔષધી કેન્દ્રો પર ઉપલબ્ધ આવી દવાઓના ફાયદાઓ વિશે લોકોમાં જાગૃતિ ફેલાવી શકાય. ફાર્માસ્યુટિકલ્સ વિભાગ દ્વારા 7 માર્ચ 2023ના રોજ જન ઔષધી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. 1 માર્ચથી 7 માર્ચ દરમિયાન લોકોમાં જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સૌને સસ્તા ભાવે જેનરિક દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે નવેમ્બર 2008માં પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી પરિયોજના શરૂ કરવામાં આવી હતી.

**9082**

જન ઔષધી કેન્દ્રોની સંખ્યા સમગ્ર દેશમાં 31 જાન્યુઆરી 2023 સુધીમાં થઈ ગઈ છે અને 743 જિલ્લા સુધી આ કેન્દ્રોની પહોંચ થઈ ગઈ છે.


**1759**

પ્રકારની દવાઓ, 280 પ્રકારના સર્જિકલ સાધનો અને પ્રોટીન પાવડર, માલ્ટ-બેસ્ટ ફૂડ સપ્લીમેન્ટ્સ, પ્રોટીન બાર, ઈમ્યુનિટી બાર, સેનિટાઈઝર, માસ્ક, ગ્લુકોમીટર અને ઓક્સિમીટર જેવા ઉપકરણો પણ મળી રહ્યાં છે.

## ઉનાળાની ઋતુમાં તમામ વિભાગો માટે અલગ-અલગ પ્રોટોકોલ તૈયાર કરવામાં આવશે

ગરમી અને તેની આડઅસરોથી બચવા માટે રાષ્ટ્રીય સ્તરે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તૈયારીઓને ધ્યાનમાં રાખીને ઉનાળામાં કોઈ પણ પ્રકારના અનિચ્છનીય બનાવ ન બને તે માટે અને તેનું નિરાકરણ લાવવા માટે મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકો, સ્વાસ્થ્ય કર્મચારીઓ, નગરપાલિકા, પંચાયત સત્તામંડળ, ફાયર બ્રિગેડ અને અન્ય હિતધારકો માટે વિવિધ જાગૃતિ સામગ્રીઓ તૈયાર માટેના નિર્દેશો આપ્યા છે. બાળકોને અતિશય ગરમીની સ્થિતિનો સામનો કરવા માટે સંવેદનશીલ બનાવવા માટે શાળાઓને મલ્ટી-મીડિયા વક્તવ્ય સત્રોનો સમાવેશ કરવાનું પણ કહેવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ ભારતીય હવામાન વિભાગને દૈનિક હવામાનની આગાહી એવી રીતે બહાર પાડવાનો નિર્દેશ આપ્યો છે કે તેને સરળતાથી સમજી અને સમજાવી શકાય. દેશભરની હોસ્પિટલોના ફાયર ઓડિટ હાથ ધરવાની અને ફાયર બ્રિગેડ દ્વારા મૉક ફાયર ડ્રિલ યોજવાની સલાહ આપવામાં આવી છે. પ્રધાનમંત્રી મોદી દ્વારા પશુઓ માટે ઘાસચારો અને જળાશયોમાં પાણીની ઉપલબ્ધતા પર દેખરેખ રાખવા અને ઠંડા હવામાનના કિસ્સામાં ભારતીય ખાદ્ય નિગમને અનાજનો મહત્તમ સંગ્રહ સુનિશ્ચિત કરવા અંગે પણ સૂચનાઓ પણ આપવામાં આવી છે.

## વંદે ભારત એક્સપ્રેસની પ્રથમ મહિલા લોકો પાઈલટ




નારી શક્તિ જે ઝડપી ગતિએ દેશને આગળ ધપાવી રહી છે તે દિશામાં વધુ એક મહત્વની સીમાચિહ્નરૂપ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. આ સિદ્ધિ માત્ર મહિલાઓ માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે પણ ગૌરવની વાત છે. સુરેખા યાદવ નામની મહિલા દેશમાં પ્રથમ મહિલા લોકો પાઈલોટ બની છે જેમણે સ્વદેશમાં નિર્મિત પ્રથમ સેમી હાઈ-સ્પીડ એક્સપ્રેસ ટ્રેન 'વંદે ભારત'નું પાઈલોટિંગ કરવાનું ગૌરવ મેળવ્યું છે. સુરેખાએ આ ટ્રેન 13 માર્ચ 2023ના રોજ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ રેલવે સ્ટેશન અને સોલાપુર સ્ટેશન વચ્ચે દોડાવી હતી. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ચલાવનાર પ્રથમ મહિલા લોકો પાઈલટને અભિનંદન પાઠવ્યા હતા. રેલ્વે મંત્રીએ ટ્વીટ દ્વારા કહ્યું હતું કે, પ્રથમ વખત વંદે ભારત ટ્રેન નારી શક્તિ દ્વારા ઓપરેટ કરવામાં આવી છે.



## ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવાર

# 'સ્વતંત્ર ભારત' તેમના જીવનનું એક માત્ર લક્ષ્ય હતું


**સ્વાતંત્ર્ય સેનાની ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવાર. ભારતની સ્વતંત્રતા જ તેમના જીવનનું એક માત્ર લક્ષ્ય હતું. તેમણે વિદ્યાર્થી જીવનમાં 'વંદે માતરમ્' આંદોલન ચલાવ્યું હતું. અરવિંદ ઘોષ, ભાઈ પરમાનંદ, સુખદેવ અને રાજગુરુ વગેરે જેવા મહાન ક્રાંતિકારીઓના સંપર્કમાં તેઓ રહ્યા હતા. 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ની સ્થાપના સાથે જ, જેમણે પોતાનું સમગ્ર જીવન હિન્દુ સમાજ અને રાષ્ટ્ર માટે સમર્પિત કરી દીધું હતું**

**જન્મ: 1 એપ્રિલ 1889, નિધન: 21 જૂન 1940**

વાત 22 જૂન 1897ની વાત છે, જ્યારે રાણી વિક્ટોરિયાના રાજ્યાભિષેકની 60મી વર્ષગાંઠ હતી અને ઉજવણીનો માહોલ હતો. તે સમયે ત્રીજા ધોરણમાં ભણતો બાળક ઉદાસ હતો. આ ઉજવણી દરમિયાન જે મીઠાઈઓ વહેંચવામાં આવી હતી તેને આ બાળકે કચરામાં ફેંકી દીધી હતી. જ્યારે શિક્ષકે પૂછ્યું કે, શું તને મીઠાઈ નથી ભાવતી? ત્યારે બાળકનો જવાબ હતો- "જેમણે આપણું પોતાનું રાજ્ય છીનવી લીધું અને આપણને ગુલામ બનાવ્યા તેમના રાજ્યાભિષેક સમારંભની મીઠાઈઓ આપણા માટે કેવી રીતે મીઠાઈ હોઈ શકે? આ દિવસ આપણા માટે કેવી રીતે ઉજવણીનો દિવસ બની શકે? આ શોકનો દિવસ છે. આ બાળક ડૉ.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લખાયેલા પુસ્તક – “જ્યોતિપુંજ”ના અંશ

એક લેખક તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ‘જ્યોતિપુંજ’ પુસ્તકમાં ડૉ. કેશવરાવ બલિરામ હેડગેવાર વિશે લખ્યું છે કે, ડૉક્ટરજીએ દેશની આઝાદી માટે એક યા બીજી રીતે કંઈપણ કરવાના અનેક પ્રયાસ કર્યા હતા. ડૉક્ટર સાહેબ ક્યારેક તિલકજી, ક્યારેક ક્રાંતિકારીઓ, ક્યારેક સુભાષજી તો ક્યારેક અરવિંદ પાસે સત્યની શોધમાં કંઈક પરિણામજન્ય કરી બતાવવાના ઉદ્દેશ્યથી દોડી જતા હતા... ડૉક્ટરજીના જીવનનો પ્રારંભિક સમયગાળો માત્ર દેશને આઝાદ કરાવવા માટે પ્રાણોની પણ આહૂતિ આપી દેવાની પ્રચૂર ભાવનાથી છલકાતો હતો. દેશને ગુલામ બનાવનારા અંગ્રેજો સાથે સંઘર્ષ કરવો એ તો જાણે કે તેમની પ્રવૃત્તિ બની ગઈ હતી.. રાષ્ટ્રનો પરમોન્નતિ જ જાણે કે તેમના જીવનનો ઉદ્દેશ્ય બની ગઈ હતી. સમાજના પુરુષોને મળવાની પ્રક્રિયામાં સમાજની દરેક વ્યક્તિ તેમના મનમાં પરમાત્મા બની ગઈ હતી. સ્વામી વિવેકાનંદની જેમ જ ભારતમાતા જ તેમના આરાધ્ય દેવી બની ગયા હતા.





કેશવરાવ બલિરામ હેડગેવાર હતા. 1 એપ્રિલ, 1889ના રોજ બલિરામ પંત અને રેવતીના ઘરે તેમના છઠ્ઠા સંતાન તરીકે કેશવરાવનો જન્મ થયો હતો. માત્ર 11 વર્ષની ઉંમરે તેમના માતા-પિતાનું અવસાન થયું હતું, જેઓ નાગપુરમાં ફેલાયેલા પ્લેગથી પીડિત લોકોની સેવા દરમિયાન આ રોગની ઝપેટમાં આવી ગયા હતા.

દેશભરમાં જ્યારે વંદે માતરમ્ ચળવળ શરૂ થઈ ગઈ હતી, ત્યારે નાગપુરની શાળાઓમાં ચળવળના અગ્રણી જૂથમાં ડૉ. હેડગેવાર સામેલ હતા. આ સમય દરમિયાન, શાળાના વર્ગોમાં નિરીક્ષકોનું સ્વાગત વંદે માતરમના ઉદ્ઘોષ સાથે કરવામાં આવતું હતું. આ આંદોલનથી ગુસ્સે ભરાયેલી બ્રિટિશ સરકારે નાગપુરની તમામ શાળાઓ બંધ કરી દીધી હતી અને આંદોલન ચલાવનારાઓની શોધખોળ શરૂ કરી હતી. ડૉ. હેડગેવારની અદ્ભુત સંગઠન શક્તિના પરિણામ સ્વરૂપે જ ચાર મહિના સુધી કોઈનું પણ નામ સામે આવ્યું નહીં. આખરે સરકારી કર્મચારીઓ અને વાલીઓએ મળીને એક ફોર્મ્યુલા બનાવી કે શાળાઓ ફરી શરૂ કરવામાં આવે અને શાળામાં પ્રવેશતી વખતે દરવાજા પર ઊભેલા હેડમાસ્તર દરેક વિદ્યાર્થીને પૂછશે કે શું તેણે ભૂલ કરી છે કે નહીં? અહીં વિદ્યાર્થીઓ માથુ ધુણાવીને હા કહે પછી તેમને માફી આપ્યા બાદ જ તેમને શાળામાં પ્રવેશ આપવાનો હતો, પરંતુ નાગપુરમાં બે વિદ્યાર્થીઓએ તેમ કરવાની ના પાડી દીધી હતી. કેશવરાવ હેડગેવાર પણ તેમાંના એક હતા. તેને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. બાદમાં ગમે તેમ કરીને તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી.

કેશવરાવ હેડગેવારની સંગઠન શક્તિ અને રાષ્ટ્ર પ્રત્યેના પ્રેમને ધ્યાનમાં રાખીને નાગપુરના નેતાએ ભંડોળ એકત્ર કર્યું અને તેમને કલકત્તાની નેશનલ મેડિકલ કોલેજમાં અભ્યાસ માટે મોકલ્યા હતા. અભ્યાસના બહાને અહીં દેશના ક્રાંતિકારી કાર્યકરો વચ્ચે તાલમેલ પણ સાધવામાં આવતો હતો. તેમણે મેડિકલની પરીક્ષા ફર્સ્ટ ક્લાસમાં પાસ કરી હતી અને પછી નાગપુર પાછા ફર્યા હતા. ડૉ. હેડગેવારે દેશ અને સમાજના હિત માટે નોકરીનો પણ ઈનકાર કરી દીધો હતો. લગ્નના સંદર્ભમાં, તેમનું પાલનપોષણ કરીને ઉછેરનારા કાકાને તેમણે પત્ર લખ્યો કે, “મેં જીવનભર બ્રહ્મચારી જીવન જીવીને દેશ માટે મારું જીવન સમર્પિત કરવાની પ્રતિજ્ઞા લીધી છે. મારે લગ્ન નથી કરવા.” આ પછી તેમણે બ્રિટિશ સરકાર વિરુદ્ધ આંદોલનને પોતાના જીવનનું એકમાત્ર લક્ષ્ય બનાવ્યું હતું અને જેલમાં પણ ગયા હતા. એવું માનવામાં આવે છે કે. શહીદ રાજગુરુ જ્યારે ભૂગર્ભમાં રહ્યા હતા તે દરમિયાન ડૉ. હેડગેવારે નાગપુરમાં તેમના માટે રહેવાની વ્યવસ્થા કરી આપી હતી. રાષ્ટ્રને પરમ ગૌરવ સુધી પહોંચાડવા અને ચૈરેવેતિ- ચૈરેવેતિના મૂળ મંત્ર સાથે, 1925માં, વિજયાદશમીના દિવસે, 17 સાથીઓ સાથે તેમણે સંઘનો પાયો નાખ્યો હતો. 21 જૂન 1940ના રોજ તેમનું નિધન થયું હતું. ●






બજેટ વેબિનાર

# જોગવાઈ થી ઉકેલ સુધીની સફર...

**બજેટ વેબિનારની નવી પરંપરાના માધ્યમથી સામાન્ય બજેટ સુશાસનને વેગ આપી રહ્યું છે, જેને પ્રધાનમંત્રીના સ્તરેથી સીધા વ્યવહારિક બ્લુપ્રિન્ટમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. ભારતના સંસદીય ઈતિહાસમાં આવું પહેલી વખત બન્યું છે જ્યારે દેશનું સામાન્ય બજેટ માત્ર નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટેનો દસ્તાવેજ જ નહીં, પરંતુ તેને પાયાના સ્તરે અમલમાં મૂકવાનો સંકલ્પપત્ર બની ગયો છે. બજેટ પહેલાં માત્ર સૂચનો લેવાની પરંપરાને તોડીને સરકારે બજેટ રજૂ કર્યા બાદ જોગવાઈથી ઉકેલની દિશામાં પગલું ભર્યું છે. આને સાકાર કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતે જ તમામ હિતધારકો સાથે સંવાદ અને સંકલન સ્થાપિત કરીને સરકાર તેમજ ખાનગી ક્ષેત્ર વચ્ચે વિશ્વાસનો સેતુ બની રહ્યા છે જેથી કરીને જ્યારે ભારત આઝાદીના શતાબ્દી વર્ષની ઉજવણી કરે ત્યારે માત્ર સરકાર જ નહીં, પરંતુ દેશના 135 કરોડ લોકોના વિચારથી આત્મનિર્ભર અને વિકસિત નવા ભારતનું સ્વપ્ન સાકાર થાય...**

એક સમય હતો જ્યારે દેશમાં સામાન્ય બજેટ બનાવવામાં આવે અને તેને રજૂ કરવામાં આવે ત્યાર પછી લોકો ભૂલી જતા હતા. પરંતુ સંસદીય ઈતિહાસમાં, 2021 એક વર્ષ તરીકે ઉભરી આવ્યું જ્યારે સામાન્ય બજેટને 100 ટકા સાકાર કરવા માટે એક નવી પરંપરાનો ઉદય થયો. બજેટ પહેલાં કરવામાં આવતા પરામર્શની પરંપરાને આગળ ધપાવીને કેન્દ્ર સરકારે બજેટ પછી 'સંવાદ' કરવાની એક નવી શરૂઆત કરી છે. આ વિચાર સાથે જ, આ વર્ષના સામાન્ય બજેટ પછી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે દેશની જરૂરિયાતો અને અપાર સંભાવનાઓને એક નવો પરિપ્રેક્ષ્ય આપવા માટે ખાનગી ક્ષેત્ર અને અન્ય તમામ હિતધારકોને એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું જેથી સામાન્ય બજેટ ભારતની આઝાદીના શતાબ્દી વર્ષ (2047) સુધીના વિઝન ડોક્યુમેન્ટના રૂપમાં સાકાર થઈ શકે. માત્ર સરકાર જ નહીં, પરંતુ દેશના દરેક સામાન્ય નાગરિક તેમાં ભાગીદાર બને.

વાસ્તવમાં, દરેક રાષ્ટ્રની જીવનયાત્રામાં એવા તબક્કા આવતા હોય છે જ્યારે તેઓ પોતાની જાતને ફરીથી પરિભાષિત કરે છે. અમૃતકાળમાં જ્યારે આવી તક આવી છે ત્યારે હંમેશા 'રાષ્ટ્ર પ્રથમ'ના સિદ્ધાંતનું પાલન કરનારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીક અને પરંપરાઓથી દૂર જઈને સંસદીય ઈતિહાસમાં એક અનોખી પહેલ કરી છે. અમૃતકાળના પ્રથમ સામાન્ય બજેટ પછી, પ્રધાનમંત્રી મોદીએ એક ડઝન વિષયો પર બજેટ વેબિનારમાં સંબોધન આપ્યું જેથી કરીને બજેટને પાયાના સ્તર પર 100 ટકા સાકાર કરી શકાય. આ પરંપરાની શરૂઆત કોવિડના સંકટ સમયે વર્ષ 2021માં કરવામાં આવી હતી, પરંતુ આ વર્ષના વેબિનારનું મહત્વ એટલા માટે વધી જાય છે કારણ કે ભારત હવે 2047માં વિકસિત રાષ્ટ્ર બનવાના સંકલ્પ સાથે આગેકૂચ કરી રહ્યું છે.



ભારતની વિકાસ યાત્રાને એ હકીકત પરથી સમજી શકાય છે કે કોવિડ મહામારી અને રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધના કારણે વૈશ્વિક સંકટ આવ્યું હોવા છતાં દેશના સામાન્ય બજેટ 2023-24નું કદ વધીને 45 લાખ કરોડ રૂપિયા કરતાં વધુ થઈ ગયું છે. આ બાબત દર્શાવે છે કે, કોવિડના સમયગાળામાં પણ ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે. આ સામાન્ય બજેટ એક એવું બજેટ છે જે અમૃતકાળનો મજબૂત પાયો નાખે છે. આ બજેટમાં સર્વાંગી રીતે દેશના આગામી 25 વર્ષના વિકાસની બ્લૂ પ્રિન્ટના વિવિધ આયામો પર ભાર મૂકવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પહેલાની જેમ, અમૃતકાળના પ્રથમ સામાન્ય બજેટને પાયાના સ્તર પર 'જનભાગીદારી' સાથે સાકાર કરવા માટે 23 ફેબ્રુઆરીથી 11 માર્ચ, 2023ની વચ્ચે 12 વેબિનારને સંબોધિત કર્યા હતા. તે સામાન્ય બજેટમાં ઉલ્લેખિત 'સપ્તઋષિ'ના મંત્ર પર આધારિત હતા. પ્રધાનમંત્રીના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ હેઠળ, સરકારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં બજેટલક્ષી અનેક સુધારાઓ હાથ ધર્યા છે. વિવિધ મંત્રાલયો અને વિભાગોને ચોમાસાની શરૂઆત પહેલા ભંડોળનો ઉપયોગ કરવા માટે પૂરતો સમય મળી રહે તે માટે બજેટની રજૂ કરવાની તારીખ આગળ લાવીને 1 ફેબ્રુઆરી કરવામાં આવી છે. બજેટ પછી યોજવામાં આવતા વેબિનાર એ બજેટના અમલીકરણમાં સુધારો કરવાની દિશામાં લેવાયેલા બીજા પગલા તરીકે એક નવતર વિચાર હતો.

સામાન્ય રીતે એવી પરંપરા રહી છે કે, બજેટ પછી સંસદમાં બજેટને લઈને ચર્ચા કરવામાં આવે છે, પરંતુ પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે તેને એક ડગલું આગળ ભર્યું છે અને બજેટ પહેલાં તેમજ પછી તમામ હિતધારકોની બેઠકો યોજીને તેના પર ઊંડા મંથનની નવી પરંપરા શરૂ કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય બજેટની જાહેરાતોને સમયબદ્ધ રીતે અમલમાં મૂકવાનો છે. પ્રધાનમંત્રી મોદી એક એવા રાજનેતા છે જેમને સરકારના વડા તરીકે બે દાયકા કરતાં વધુ સમયનો અનુભવ છે. આ જ કારણ છે કે, છેલ્લા 9 વર્ષમાં સુશાસનને છેવાડાની વ્યક્તિ સુધી લઈ જવા માટે નવી પરંપરાઓનો ઉદય થયો છે. આ વેબિનારની અનોખી પરંપરાને 2021માં બજેટમાં કરવામાં આવેલી જાહેરાતોના અસરકારક, ઝડપી અને વિના અવરોધે અમલીકરણમાં તમામ સંબંધિત હિતધારકોની સહભાગીતા અને માલિકીને પ્રોત્સાહિત કરવા જનભાગીદારીની ભાવનાથી શરૂ કરવામાં આવી હતી.

બજેટ વેબિનારની આ નવી પરંપરામાં, સંબંધિત કેન્દ્રીય મંત્રીઓ, સરકારી વિભાગોના મુખ્ય હિતધારકો, નિયમનકારો, શિક્ષણવિદો, વેપાર અને ઉદ્યોગ સંઘો વગેરેએ ભાગ લીધો હતો. આ વખતે યોજાયેલા બજેટ વેબિનારમાં બજેટમાં આવું થયું હોત, એવું ન થયું હોત કે કેમ તેવી કોઈ જ ચર્ચા કરવાને બદલે તમામ હિતધારકોએ બજેટને સૌથી વધુ ફાયદાકારક કેવી રીતે બનાવી શકાય, તેના માટેના માર્ગો શું હોઈ શકે છે તેની વિસ્તૃત ચર્ચા કરી હતી.

ભારતમાં 2014થી અત્યાર સુધીમાં જેટલા પણ બજેટ આવ્યા છે, તેમાં એક એવી પેટર્ન જોવા મળી છે કે તેને નવા યુગના સુધારાના વિચાર સાથે રજૂ કરવામાં આવ્યા છે. જો તેનો અભ્યાસ કરવામાં આવે તો એવું સ્પષ્ટપણે જોવા મળે છે કે છેલ્લા 8 વર્ષની જેમ આ વખતે પણ બજેટમાં કૃષિને ઘણું



મહત્વ આપવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દરેક બજેટને ગામડાઓ, ગરીબ લોકો અને ખેડૂતોનું બજેટ કહેવામાં આવે છે. 2014માં કૃષિ બજેટ 25 હજાર કરોડ રૂપિયા કરતાં પણ ઓછું હતું, જે હવે વધીને 1 લાખ 25 હજાર કરોડ રૂપિયા કરતાં વધુ થઈ ગયું છે. એવી જ રીતે, 21મી સદીનું બદલાતું ભારત પોતાના નાગરિકોને ટેક્નોલોજીની શક્તિથી સતત સશક્ત બનાવી રહ્યું છે. આ બજેટમાં ટેક્નોલોજીની સાથે માનવીય પાસાને પણ પ્રાથમિકતા આપવામાં આવી છે.

અગાઉની સરકારોના શાસન દરમિયાન, આ વર્ગને હંમેશા દબાણ, સરકારી દખલગીરી, ડગલને-પગલે વિવિધ પ્રકારના અવરોધોનો અનુભવ થતો રહ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્દ્ર સરકારના પ્રયાસોના પરિણામ સ્વરૂપે આ સ્થિતિમાં પરિવર્તન આવવા લાગ્યું છે. આજે સરકારની નીતિઓ અને નિર્ણયોની સકારાત્મક અસર એવી દરેક જગ્યાએ જોવા મળી રહી છે, જ્યાં તેની સૌથી વધુ જરૂર હોય. તમામ હિતધારકો સાથે મળીને, આ બજેટનો મહત્તમ લાભ વધુમાં વધુ લોકો સુધી કેવી રીતે શક્ય તેટલી વહેલી તકે મળે, બજેટમાં કરાયેલી જોગવાઈઓ અને દરેકના સંકલ્પની શક્તિ જોડાય, તે દિશામાં વેબિનારનું આયોજન એક મહત્વપૂર્ણ પહેલ છે. આમાં ભાગ્યે જ કોઈને શંકા હશે કે આજનું નવું ભારત નવી કાર્ય સંસ્કૃતિ સાથે આગળ વધી રહ્યું છે. જો જૂની કાર્ય સંસ્કૃતિ ચાલુ રહી હોત તો આવા બજેટ વેબિનારનો વિચાર પણ ન આવ્યો હોત.

ચોક્કસરૂપે, જનભાગીદારીના મંત્ર સાથે બજેટ વેબિનારમાં દરેકનો અનુભવ, વ્યક્તિગત વિકાસ માટે દરેકનો સંકલ્પ, દેશના વિકાસના સંકલ્પ સાથે જોડાઈને, સામૂહિક પ્રયાસથી અને સામૂહિક શક્તિ દ્વારા ચોક્કસપણે સફળતા પ્રાપ્ત થશે. પ્રત્યેક હિતધારક માટે, આ નવી જવાબદારીઓ, નવી સંભાવનાઓ અને સાહસિક નિર્ણયોનો સમય છે. સામાન્ય બજેટ પછી, સરકાર વેબિનાર દ્વારા બજેટના અમલીકરણમાં સામૂહિક માલિકી અને સહિયારા સહકારનો મજબૂત માર્ગ તૈયાર કરી રહી છે કારણ કે આ વર્ષના બજેટને દેશને 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાના લક્ષ્યની શરૂઆત કરનારા બજેટ તરીકે જોવામાં આવી રહ્યું છે. બજેટને ભાવિ અમૃતકાળના દષ્ટિકોણથી જોવામાં અને પારખવામાં આવ્યું છે. દેશના નાગરિકો પણ આગામી 25 વર્ષોને આ લક્ષ્યો સાથે જોડીને બજેટને જોઈ રહ્યા છે તે ખરેખર દેશ માટે એક સારો સંકેત છે.

*આવો, આગળ જાણીએ કે સામાન્ય બજેટને સો ટકા સાકાર કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટ વેબિનાર દ્વારા કેવી રીતે માર્ગ બતાવ્યો...*



**"**

**આપ સૌ જાણો છો કે અમે એક નવી પરંપરા શરૂ કરી છે. એક તો, અમે બજેટ રજૂ કરવાની તારીખ એક મહિના વહેલી કરી દીધી છે. બજેટ 1 એપ્રિલથી લાગુ કરવામાં આવે છે, તેથી તે દરમિયાન અમને તૈયારી માટે બે મહિનાનો સમય મળે છે. અમે પ્રયાસો કરી રહ્યા છીએ કે બજેટના અનુસંધાનમાં તમામ હિતધારકો - ખાનગી, જાહેર, રાજ્ય-કેન્દ્ર સરકાર, સરકારના વિવિધ વિભાગો સાથે મળીને સામાન્ય બજેટને શક્ય તેટલી વહેલી તકે પાયાના સ્તર પર સરળતાથી કેવી રીતે લાવી શકે અને મહત્તમ પરિણામો પ્રાપ્ત કરી શકે, તેના પર અમારે કેવો ભાર મૂકવો જોઈએ, તે માટે આપ સૌના સૂચનો મેળવવામાં આવશે. તે કદાચ સરકારને તેની નિર્ણય લેવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં મદદ કરશે. અમલીકરણ માટેનો રોડ મેપ પણ સારો બનશે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

હરિત વિકાસ

# ભાવિ પેઢીના ઉજ્જવળ ભવિષ્યનો શિલાન્યાસ

હરિત વિકાસ માટે સામાન્ય બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓએ આ ક્ષેત્રમાં રોકાણની ઉત્તમ તક આપી છે, જે આ ક્ષેત્રમાં આવી રહેલા સ્ટાર્ટઅપ માટે પણ ઉપયોગી સાબિત થવા જઈ રહી છે. 2014થી અત્યાર સુધીમાં, ભારતે હરિત ક્ષેત્રની ક્ષમતામાં ઝડપથી વધારો કર્યો છે. ભારત ગ્રીન એનર્જી ટેક્નોલોજીમાં નેતૃત્વ લઈ શકે છે અને વૈશ્વિક કલ્યાણનું કામ કરી શકે છે. આવી સ્થિતિમાં આ બજેટ માત્ર એક તક નથી, પરંતુ ભવિષ્યની સુરક્ષાની ગેરંટી પણ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિત વિકાસ માટે બજેટની જોગવાઈઓને આગળ લઈ જવાનો નવો માર્ગ ચિંધ્યો છે...



## બજેટમાં જોગવાઈ

- ગોબરધન યોજના હેઠળ 500 નવા 'વેસ્ટ ટુ વેલ્થ' પ્લાન્ટ લગાવાશે, 10,000 કરોડ રૂપિયાનો ખર્ચ થશે.
- ત્રણ વર્ષમાં એક કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે સહાય આપવામાં આવશે.
- 4,000 MWHની ક્ષમતા સાથે બૅટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ સ્થાપિત કરવામાં સરકાર મદદ કરશે.
- વાહન સ્ક્રેપિંગ પોલિસી માટે બજેટમાં 3 હજાર કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે. નવા ખરીદવામાં આવતા વાહનોમાં 7% ઈલેક્ટ્રિક વાહનોનો લક્ષ્યાંક છે.
- ઉદ્યોગો માટે ગ્રીન ક્રેડિટ કાર્યક્રમ, ખેડૂતો માટે પીએમ-પ્રણામ યોજના.

**19,700 કરોડ**


રૂપિયાના ખર્ચે રાષ્ટ્રીય હરિત હાઈડ્રોજન મિશનનો પ્રારંભ.

**35,000 કરોડ**

રૂપિયા ઉર્જા પરિવર્તન, નેટ ઝીરો ઉદ્દેશ્યો અને ઉર્જા સુરક્ષામાં મૂડીગત રોકાણ માટે રાખવામાં આવ્યા.



## હરિત વિકાસ અને ઉર્જા ટ્રાન્સફરના ત્રણ સ્તંભ




## સ્વચ્છ ભારત મિશન

**89,500**

વૉર્ડમાં આ વર્ષે 100% ડોર-ટુ-ડોર ઘન કચરાનું એકત્રીકરણ શરૂ થશે. 89% વૉર્ડમાં સ્રોત પર જ કચરાનું વર્ગીકરણ શરૂ કરવામાં આવશે.

## આધારરૂપ સિદ્ધિઓ

- ભારતે 9 વર્ષ અગાઉ સ્થાપિત વિદ્યુત ક્ષમતામાં 40 ટકા બિન-અશ્મિભૂત ઈંધણના યોગદાનનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે.
- ભારતે પેટ્રોલમાં 10 ટકા ઈથેનોલના મિશ્રણનું લક્ષ્ય પણ 5 મહિના વહેલું પ્રાપ્ત કર્યું છે.
- ભારતે 2030ને બદલે 2025-26 સુધીમાં 20 ટકા ઈથેનોલ મિશ્રણનું નવું લક્ષ્ય નક્કી કર્યું છે.
- ચાર રાજ્યોમાં ગંગા નદીના કિનારે 1.48 લાખ હેક્ટરનો વિસ્તાર પ્રાકૃતિક ખેતી માટેની વાર્ષિક યોજનામાં સામેલ કરવામાં આવ્યો છે.



## અમલીકરણની સફર...

- ભારત 2030 સુધીમાં 500 ગીગાવોટ બિન-અશ્મિભૂત આધારિત વિદ્યુત ક્ષમતાનું લક્ષ્ય પ્રાપ્ત કરશે.
- પ્રધાનમંત્રી મોદીએ ઊર્જા જગત સાથે સંકળાયેલા હિતધારકોને ભારતમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું છે.
- તાજેતરમાં E20 ઈંધણ લોન્ચ કરવામાં આવ્યું છે. ભારતમાં ઘણા બધા કૃષિ અવશેષો છે. આવી સ્થિતિમાં રોકાણકારોએ દેશના ખૂણે ખૂણે ઈથેનોલ પ્લાન્ટ સ્થાપવાની તક ગુમાવવી જોઈએ નહીં.
- રાષ્ટ્રીય હરિત હાઈડ્રોજન મિશનની મદદથી, ભારત દર વર્ષે 5 MMT ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરશે અને તેના માટે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહિત કરવામાં આવશે.
- ભારત પાસે ગાયના છાણમાંથી 10,000 મિલિયન ક્યુબિક મીટર બાયોગેસ અને કૃષિ અવશેષોમાંથી 1.5 મિલિયન ક્યુબિક મીટર ગેસનું ઉત્પાદન કરવાની ક્ષમતા છે. તેનાથી દેશના શહેરી ગેસ વિતરણમાં 8% જેટલું યોગદાન મળી શકે છે.
- કેન્દ્ર સરકારનો વેસ્ટ ટુ એનર્જી કાર્યક્રમ દેશના ખાનગી ક્ષેત્ર અને MSME માટે એક નવું બજાર ઉભું કરી રહ્યો છે.
- ગામડાઓમાંથી કૃષિ સંબંધિત કચરા અને શહેરી ઘન કચરામાંથી કોમ્પ્રેસ્ડ બાયો ગેસનું ઉત્પાદન એ એક ખૂબ જ ઉત્તમ તક છે. સરકાર કરવેરામાં છૂટ અને નાણાકીય મદદ આપી રહી છે.
- હરિત વિકાસની વ્યૂહરચનામાં વાહન સ્ક્રેપિંગ પોલિસી એક મહત્વનો ભાગ છે. આગામી કેટલાક મહિનામાં કેન્દ્ર અને રાજ્ય સરકારના લગભગ 3 લાખ વાહનો કે જે 15 વર્ષથી વધુ જૂના છે તેને સ્ક્રેપ કરવામાં આવશે.
- વાહનોના સ્ક્રેપિંગથી વલયાકાર અર્થતંત્રને વધુ મજબૂતી પ્રાપ્ત થશે. પ્રધાનમંત્રી મોદીએ સ્ટાર્ટઅપ્સને વલયાકાર અર્થતંત્રના માધ્યમ સાથે જોડાવાનો આગ્રહ કર્યો છે.
- ભારતે આગામી 6-7 વર્ષમાં તેની બૅટરી સ્ટોરેજ ક્ષમતા વધારીને 125 GW કરવાની છે. આના માટે લાખો કરોડ રૂપિયાના રોકાણની જરૂર પડવાની છે. આ રોકાણ પછીના નુકસાનની ભરપાઈ વિશેષ યોજના દ્વારા કરવામાં આવશે.
- ભારતમાં જળ પરિવહનનું ઘણું મોટું ક્ષેત્ર છે, પરંતુ હાલમાં દરિયાકાંઠાના માર્ગો પર માત્ર 5% માલ વહન થાય છે. હવે જળમાર્ગોનું નિર્માણ કરવાથી આ ક્ષેત્રોમાં ઘણી તકો ઊભી થઈ રહી છે.

## કૃષિ અને સહકારિતા

# કૃષિ સંબંધિત પડકારો દૂર કરીને સર્વાંગી વિકાસનું લક્ષ્ય

છેલ્લા 9 વર્ષની જેમ આ વખતે પણ બજેટમાં કૃષિને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી દરેક બજેટને 'ગામ, ગરીબ અને ખેડૂતનું બજેટ' કહેવામાં આવે છે. આઝાદી પછી લાંબા સમય સુધી કૃષિ ક્ષેત્ર અછતના દબાણ હેઠળ રહ્યું હતું અને ભારત ખાદ્ય સુરક્ષા માટે સમગ્ર દુનિયા પર નિર્ભર હતું. આજે ભારત માત્ર આત્મનિર્ભર નથી બન્યું પરંતુ વિશ્વમાં નિકાસ પણ કરી રહ્યું છે. આત્મનિર્ભરતાની વાત હોય કે નિકાસની, આપણું લક્ષ્ય માત્ર ચોખા અને ઘઉં સુધી સીમિત ન હોવું જોઈએ. વર્ષ 2021-22માં, લગભગ 2 લાખ કરોડ રૂપિયા માત્ર કઠોળ, મૂલ્યવર્ધિત ખાદ્ય ઉત્પાદનો અને ખાદ્ય તેલની આયાત પર ખર્ચવામાં આવ્યા હતા, જેનો મતલબ એવો થાય છે કે આટલી રકમ દેશની બહાર જતી રહી હતી. જો દેશ આ કૃષિ ઉત્પાદનોના ક્ષેત્રમાં પણ આત્મનિર્ભર બને તો આ નાણાં આપણા ખેડૂતો સુધી પહોંચી શકે છે. છેલ્લા કેટલાક વર્ષથી આ ક્ષેત્રોને આગળ લઈ જવા માટે બજેટમાં નિર્ણયો લેવામાં આવી રહ્યા છે...



## બજેટમાં જોગવાઈ

**20 લાખ** કરોડ રૂપિયા સુધી ખેડૂતોને ધિરાણ વધારવામાં આવશે


**60,000** કરોડ રૂપિયા પીએમ કિસાન નિધિ માટે રાખવામાં આવ્યા.

- કૃષિ ક્ષેત્રમાં ઓપન સોર્સ આધારિત પ્લેટફોર્મને પ્રોત્સાહન આપવું.
- એગ્રી-ટેક સ્ટાર્ટઅપ્સ માટે એક્સિલરેટર ફંડની વ્યવસ્થા.
- મેન્યુફેક્ચરિંગ સાથે સંકળાયેલી નવી સહકારી મંડળીઓને ઓછા કર દરનો લાભ મળશે.
- સહકારી મંડળીઓના 3 કરોડ સુધીના ઉપાડ પર TDS નાબૂદ.
- સુગર કોઓપરેટિવ દ્વારા 2016-17 પહેલાના બાકી નાણાંની કરવામાં આવેલ ચુકવણી પર કર મુક્તિ. આનાથી સુગર કોઓપરેટિવને 10 હજાર કરોડનો ફાયદો થશે.
- 6,000 કરોડના ખર્ચે પીએમ મત્સ્ય સંપદા યોજના હેઠળ એક નવા પેટા ઘટકની જાહેરાત.
- ભારતને શ્રી અન્નનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય મિલેટ્સ રિસર્ચ હૈદરાબાદને સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે પ્રોત્સાહિત કરવામાં આવશે.





## કૃષિ બજેટ




## આધારરૂપ સિદ્ધિઓ

- લઘુતમ ટેકાના ભાવ (MSP)માં વધારો કરવામાં આવ્યો છે, કઠોળના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, ફૂડ પ્રોસેસિંગ પાર્કની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે.
- 9 વર્ષ પહેલાં, દેશમાં લગભગ કોઈ એગ્રી સ્ટાર્ટઅપ નહોતા, પરંતુ હવે 3000 કરતાં વધુ છે.
- છેલ્લા લગભગ 9 વર્ષમાં દેશમાં મત્સ્ય ઉત્પાદનમાં લગભગ 70 લાખ મેટ્રિક ટનનો વધારો થયો છે. 2014 પહેલાં ઉત્પાદનમાં તેટલો વધારો કરવામાં લગભગ 30 વર્ષ લાગ્યા હતા.
- દેશે હવે આ બજેટમાં જ બરછટ અનાજને 'શ્રી અન્ન'ની ઓળખ આપી છે.

## એક વર્ષમાં આ લક્ષ્યો પૂરા કરવામાં આવશે

**1,31,100**

કરોડ રૂપિયા યુરિયાની સબસિડી, યુરિયા ઉત્પાદન વધારવા માટે અને 20% યુરિયાની નિકાસ ઘટાડવા માટે ખર્ચવામાં આવશે.

**7 કરોડ**

ખેડૂતો અને 4.35 કરોડ હેક્ટર જમીનને પાક વીમા યોજના હેઠળ લાવવાનું લક્ષ્ય

**2,400**

ખેડૂત ઉત્પાદક સંઘ બનશે, 4.80 લાખ ખેડૂતોને તેમાં આવરી લેવામાં આવશે.

# અમલીકરણની સફર...

- સરકારે UPI જેવા જ એક ઓપન સોર્સ પ્લેટફોર્મ તરીકે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આગળ મૂક્યું છે. જે રીતે UPI વ્યવહારો વધી રહ્યા છે તેવી જ રીતે, કૃષિ-ટેક ડોમેનમાં પણ રોકાણ અને ઈનોવેશન માટે અપાર સંભાવનાઓ બની રહી છે.
- ઓપન સોર્સ પ્લેટફોર્મ લોજિસ્ટિક્સમાં સુધારો કરી શકે છે અને મોટા માર્કેટ સુધી પહોંચવાનું સરળ બનાવી શકે છે.
- ટેક્નોલોજી દ્વારા ટપક સિંચાઈને પ્રોત્સાહન આપવાની સાથે જ યોગ્ય સલાહ યોગ્ય વ્યક્તિ સુધી સમયસર પહોંચશે.
- યુવાનો તેમના ઈનોવેશનથી સરકાર અને ખેડૂત વચ્ચે માહિતીનો સેતુ બનશે.
- પાક અંગે અંદાજ કાઢવા માટે ડ્રોનનો ઉપયોગ કરી શકાય છે. નીતિ નિર્માણમાં પણ મદદ કરી શકે છે, કયો પાક મહત્તમ નફો આપી શકે છે તે પણ કહી શકાય છે.
- હવામાનના થતા ફેરફારો વિશે વાસ્તવિક સમયની માહિતી પણ આપી શકાય છે.
- ભારતે પહેલ કરી હોવાથી, 2023ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ભારતે તેનું નામ 'શ્રી અન્ન' રાખ્યું છે. આના કારણે જાડા અનાજને આંતરરાષ્ટ્રીય ઓળખ અને વૈશ્વિક બજાર ઉપલબ્ધ થશે.
- ભારતના સહકારી ક્ષેત્રમાં નવી ક્રાંતિ થઈ રહી છે. અત્યાર સુધી તે દેશના કેટલાક રાજ્યો અને કેટલાક પ્રદેશો પૂરતું મર્યાદિત હતું, પરંતુ હવે સમગ્ર દેશમાં તેનું વિસ્તાર કરવામાં આવી રહ્યું છે.
- જે વિસ્તારોમાં સહકારી સંસ્થાઓ પહેલાંથી અસ્તિત્વમાં નથી, ત્યાં ડેરી અને મત્સ્યઉદ્યોગને લગતી સહકારી સંસ્થાઓથી નાના ખેડૂતોને ઘણો ફાયદો થશે.
- પીએમ મત્સ્ય સંપદા યોજના હેઠળ જાહેર કરવામાં આવેલા નવા પેટા ઘટકોથી માછીમારો અને નાના ઉદ્યમીઓ માટે નવી તકોનું સર્જન થશે અને મત્સ્યઉદ્યોગ મૂલ્ય શૃંખલાથી બજારને વેગ મળશે.
- પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે અને રસાયણ આધારિત ખેતી ઘટાડવાની દિશામાં પણ ઝડપથી કામ કરવામાં આવશે.

## યુવાશક્તિનો ઉપયોગ - કૌશલ્ય અને શિક્ષણ

# વિકસિત ભારતનો સંકલ્પ યુવા નેતૃત્વમાં અમૃતકાળની સફર

ભૂતકાળના નિયમો અને કાયદાઓના બોજમાંથી વિદ્યાર્થીઓને મુક્ત કરવાની સાથે સાથે સરકાર દ્વારા શિક્ષણ અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રોમાં વધુ સુધારો કરવામાં આવશે. અમૃતકાળમાં કૌશલ્ય અને શિક્ષણ દેશના બે સૌથી મહત્વપૂર્ણ સાધનો છે. યુવાનો વિકસિત ભારતના વિઝન સાથે દેશની અમૃત યાત્રાનું નેતૃત્વ કરી રહ્યા છે. એટલા માટે અમૃતકાળના પ્રથમ સામાન્ય બજેટમાં યુવાનોને સૌથી વધારે મહત્વ આપવામાં આવ્યું છે. શિક્ષણને વ્યવહારુ અને ઉદ્યોગલક્ષી બનાવવાનો પાયો મજબૂત કરવામાં આવ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ભણતર એટલે કે શીખવા પર અને કૌશલ્ય પર સમાન ભાર મૂકવામાં આવ્યો છે. 'સ્વયમ' જેવા ઈ-લર્નિંગ પ્લેટફોર્મ અને નેશનલ ડિજિટલ લાઈબ્રેરી પણ જ્ઞાનનું એક મહાન માધ્યમ બનવા જઈ રહ્યાં છે જેથી સૌની ભાગીદારીથી, એક નવા સંકલ્પ, નવી ઊર્જા સાથે આપણી યુવા પેઢી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકાય...



## બજેટમાં જોગવાઈ

- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના 4.0માં લાખો યુવાનોને સ્કીલ, રી-સ્કીલ અને અપ-સ્કીલ કરવામાં આવશે.
- પીએમ વિશ્વકર્મા કૌશલ સન્માન યોજનામાં પરંપરાગત કારીગરો, હસ્તકલાકારો, કસબીના કૌશલ્ય વિકાસ પર ભાર મૂકવામાં આવશે.
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે ત્રણ સેન્ટર ઓફ એક્સેલન્સ બનશે.
- પ્રયોગશાળાઓ હવે મેડિકલ કોલેજો અને ખાનગી ક્ષેત્રની સંશોધન અને વિકાસ ટીમોને પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.



### 50 લાખ

યુવાનોને 'નેશનલ એપ્રેન્ટિસશીપ પ્રમોશન સ્કીમ'માં આર્થિક સહાયતા આપવામાં આવશે.

### 30 સ્કીલ ઈન્ડિયા

ઈન્ટરનેશનલ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. કૌશલ્યવાન યુવાનોને આંતરરાષ્ટ્રીય સ્તરે તકો આપવા માટે તે શરૂ કરાશે.





## આધારરૂપ સિદ્ધિઓ

- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના 4.0ની મદદથી, આદિવાસીઓ, દિવ્યાંગો અને મહિલાઓની જરૂરિયાતો અનુસાર કાર્યક્રમો બનાવવામાં આવી રહ્યા છે.
- ઈન્ડસ્ટ્રી 4.0માં સામેલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક્સ, ડ્રોન જેવા ઘણા ક્ષેત્રો માટે કાર્યદળનું નિર્માણ કરવામાં આવી રહ્યું.
- આજે નેશનલ ઈન્ટર્નશીપ પોર્ટલ પર લગભગ 75 હજાર નોકરીદાતાઓ ઉપસ્થિત છે જ્યાં આજદિન સુધીમાં 25 લાખ ઈન્ટર્નશીપ જરૂરિયાતો પોસ્ટ કરવામાં આવી છે.
- કેન્દ્રીય મંત્રીમંડળે પૂર્વોત્તર રાજ્યો માટે પીએમ-ડિવાઈન યોજનાને મંજૂરી આપી છે. આ યોજના યુવાનો અને મહિલાઓની આજીવિકાને લગતી પ્રવૃત્તિઓમાં રહેલા અંતરને દૂર કરશે.

"

સરકાર AI, રોબોટિક્સ, IoT અને ડ્રોન જેવા ઈન્ડસ્ટ્રી 4.0 ક્ષેત્રો માટે કૌશલ્યવાન માનવબળ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ રીતે, રી-સ્કીલિંગ પર વધુ ઊર્જા અને સંસાધનો ખર્ચ કર્યા વિના આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે પ્રતિભાવાન ઉમેદવારો શોધવાનું સરળ બનશે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## અમલીકરણની સફર...

- ઘણા દેશો 'ઓન-ધ-જોબ લર્નિંગ' પર વિશેષ ભાર મૂકે છે. કેન્દ્ર સરકાર દેશના યુવાનોને 'ક્લાસરૂમની બહારનો અનુભવ' આપવા માટે આ ઈન્ટર્નશીપ અને એપ્રેન્ટિસશીપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.
- ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓ નેશનલ ઈન્ટર્નશિપ પોર્ટલનો મહત્તમ ઉપયોગ કરે અને દેશમાં ઈન્ટર્નશિપની સંસ્કૃતિને વધુ વિસ્તૃત કરે.
- ભારતમાં શિક્ષણ ક્ષેત્રમાં ઝડપથી ફેરફારો લાવવા માટે શૈક્ષણિક જગત અને ઉદ્યોગો વચ્ચેની ભાગીદારીની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો છે.
- સંશોધન ઉદ્યોગથી યોગ્ય ભંડોળ માટે શક્યતાઓ ઊભી કરીને બજારની જરૂરિયાતો અનુસાર સંશોધનો કરવા જોઈએ.
- દેશમાં સંશોધન અને વિકાસની ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે લેવામાં આવેલા તમામ પગલાંનો ખાનગી ક્ષેત્રએ સંપૂર્ણ લાભ લેવો જોઈએ.
- શિક્ષણ અને કૌશલ્ય માત્ર સંબંધિત મંત્રાલય કે વિભાગ પૂરતા મર્યાદિત નથી, પરંતુ દરેક ક્ષેત્રમાં તેની શક્યતાઓ અસ્તિત્વમાં છે.
- પ્રધાનમંત્રી મોદીએ તમામ નિપુણતા અને શિક્ષણ સાથે સંકળાયેલા હિતધારકોને વિવિધ ક્ષેત્રોમાં તકોનો અભ્યાસ કરવા અને જરૂરી માનવબળ બનાવવા માટે મદદ કરવાની વિનંતી કરી છે.
- પ્રધાનમંત્રીએ એવા યુવાનોનો અપડેટેડ ડેટાબેઝ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે જેમણે 'સ્કીલ ઈન્ડિયા મિશન' હેઠળ તાલીમ મેળવી હોય.
- ડિજિટલ ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આગમન પછી ભારતની પ્રશિક્ષિત માનવશક્તિ પાછળ ન રહી જાય, એટલા માટે પ્રધાનમંત્રી મોદીએ ઉદ્યોગજગતના નિષ્ણાતોને આ દિશામાં કામ કરવા વિનંતી કરી છે.



કોવિડના સમયગાળા દરમિયાન, એવું લાગ્યું કે નવી ટેકનોલોજીની મદદથી એક નવા પ્રકારના વર્ગખંડનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેથી, સરકાર એવા સાધન પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે જેમાં 'ગમે ત્યાં જ્ઞાનની પહોંચ' સુનિશ્ચિત કરી શકાય. ભવિષ્યવાદી પહેલો આપણા શિક્ષણ, કૌશલ્ય અને જ્ઞાન-વિજ્ઞાનનો સમગ્ર પરિપ્રેક્ષ્યને બદલી નાખશે.

## સર્વજન હિતાય, સર્વજન સુખાય

# મોટા સંકલ્પો સાકાર કરવાની દિશામાં અગ્રેસર

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા હતા કે, "તમારી નીતિઓ, તમારી યોજનાઓ છેવાડાએ બેઠેલી વ્યક્તિ સુધી કેટલી ઝડપથી પહોંચે છે, કેવી રીતે પહોંચે છે, તે ખૂબ મહત્વનું છે." બજેટમાં જન કલ્યાણને લગતી અનેક યોજનાઓ હોય છે, પરંતુ પારદર્શિતા સાથે લાભાર્થી સુધી કેવી રીતે પહોંચાડી શકાય તેના પર અગાઉના સમયમાં બહુ જ ઓછું ધ્યાન આપવામાં આવતું હતું. હવે, વર્તમાન કેન્દ્ર સરકાર 'અંત્યોદય'ના સિદ્ધાંતને સાકાર કરી રહી છે. લોકો સુધી 100 ટકા રસીકરણ કવરેજ પહોંચાડવાની વાત હોય કે સામાજિક યોજનાઓના લાભો આપવાના હોય, આજે 'સબકા સાથ, સબકા વિકાસ' સુશાસનના મંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી રહ્યા છે.



## બજેટમાં જોગવાઈ

- જલ-જીવન મિશન માટે 70 હજાર કરોડ રૂપિયાની જોગવાઈ.
- પ્રધાનમંત્રી PVTG વિકાસ મિશન - આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં છેવાડાની વ્યક્તિ સુધી પહોંચવાના મંત્ર પર વિશેષ ધ્યાન.
- 500 મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમથી વિશ્વાસ વધશે.
- પીએમ આવાસ યોજનામાં રૂ. 79,000 કરોડની ફાળવણી કરવામાં આવી.



## આધારરૂપ સિદ્ધિઓ

- શેરી પરના ફેરિયાઓને પ્રથમ વખત પીએમ સ્વનિધિ યોજના હેઠળ બેંકિંગ સાથે જોડવામાં આવ્યા છે.
- દેશમાં સૌપ્રથમ વખત વણજારા, વિચરતા - અર્ધ વિચરતા વર્ગ માટે કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવી છે.
- ગામડાઓમાં 5 લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર બનાવવામાં આવ્યા છે.
- દેશના ગ્રામીણ વિસ્તારોમાં 11 કરોડથી વધુ ઘરોમાં નળનું પાણી પહોંચી રહ્યું છે.

"

જે દિવસે આપણે નક્કી કરી લઈએ કે દરેક વિસ્તારમાં, દરેક નાગરિક સુધી દરેક પાયાની જરૂરિયાત પહોંચાડવામાં આવશે, ત્યારે આપણે સ્થાનિક સ્તરે કાર્ય સંસ્કૃતિમાં મોટું પરિવર્તન જોઈશું. સંતૃપ્તિની નીતિ પાછળ આ લાગણી કામ કરી રહી છે. જ્યારે આપણો ઉદ્દેશ્ય દરેક વ્યક્તિ સુધી પહોંચવાનો હોય, તો ભેદભાવ અને ભ્રષ્ટાચારને કોઈ અવકાશ નહીં રહે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## અમલીકરણની સફર...

- જળ સંરક્ષણ માટે 'કેચ ધ રેઈન' અને અન્ય પહેલ માટે લોકોની સક્રિયતા વધારવામાં આવશે.
- બજેટમાં ગરીબોના ઘર માટે 79 હજાર કરોડ રૂપિયાની ફાળવણી. જેમાં ટેક્નોલોજી, સસ્તા અને વધુ ટકાઉ મકાનો અને ગ્રુપ હાઉસિંગનું મોડલ લાગુ કરવામાં આવી રહ્યું છે.
- આદિવાસી સમુદાયની ક્ષમતાને બહાર લાવવાની પહેલ. ત્રણ વર્ષમાં 740 એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓમાં 38,800 શિક્ષકો અને સ્ટાફની ભરતી કરવાનું મોટું અભિયાન શરૂ કરાયું.
- આ શાળાઓમાં અટલ ટિંકરિંગ લેબ, સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ માર્કેટિંગ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવશે.
- વંચિત આદિવાસી સમુદાય માટે વિશેષ મિશન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં દેશના 200 કરતાં વધુ જિલ્લાઓના 22 હજારથી વધુ ગામડાઓમાં આદિવાસી સમુદાયને સુવિધાઓ મળશે.
- આ સંદર્ભમાં, પસમંદા મુસ્લિમોનો ઉલ્લેખ પણ જરૂરી છે કારણ કે આઝાદીના આટલા વર્ષો પછી પણ તેઓ ઘણા પાછળ રહી ગયા છે.
- બજેટમાં સિકલ સેલ બીમારીથી સંપૂર્ણ મુક્તિ મેળવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.
- દેશના 500 તાલુકામાં મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમ શરૂ કરાયો છે.

## પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન (પીએમ વિકાસ)

# કૌશલ્યને આપી નવી ઓળખ

સ્થાનિક હસ્તકળાના ઉત્પાદનમાં નાના કારીગરો ઘણી મહત્વની ભૂમિકા ભજવે છે. પીએમ વિશ્વકર્મા યોજના આવા કારીગરોને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રાચીન ભારતમાં કૌશલ્યવાન કારીગરો પોતપોતાની રીતે યોગદાન આપતા હતા પરંતુ આ કૌશલ્યવાન કાર્યદળની લાંબા સમય સુધી ઉપેક્ષા કરવામાં આવી હતી અને ગુલામીના લાંબા સમયગાળા દરમિયાન તેમનું કાર્ય મહત્વનું ન હોય તેવું માનવામાં આવતું હતું. કૌશલ્યવાન કારીગરો આત્મનિર્ભર ભારતની સાચી ભાવનાનું પ્રતીક છે અને હવે વર્તમાન કેન્દ્ર સરકાર આવા લોકોને નવા ભારતના વિશ્વકર્મા માને છે. આપણા લુહાર, સોની, કુંભાર, સુથાર, શિલ્પકાર, ચણતર કામ કરનારા એવા ઘણા છે જેઓ તેમની વિશિષ્ટ સેવાઓને કારણે સદીઓથી સમાજનું અભિન્ન અંગ રહ્યા છે. આવા લોકોને પીએમ વિશ્વકર્મા યોજનાથી નવી ઓળખ મળશે...



## બજેટમાં જોગવાઈ

પીએમ વિશ્વકર્મા યોજના, પ્રધાન મંત્રી કૌશલ્ય વિકાસ યોજના 4.0ને ઉદ્યોગ અને બજારમાં કૌશલ્યવાન કાર્યદળની પ્રાદેશિક માંગ અનુસાર કૌશલ્ય પ્રદાન કરવા માટે આગળ લઈ જવામાં આવશે.

## આધારરૂપ સિદ્ધિઓ

**1.37 કરોડ**

ઉમેદવારોને વર્ષ 2015થી 2022 સુધીમાં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત તાલીમ આપવામાં આવી.

**24.36 લાખ**

પ્રમાણિત ઉમેદવારોને સમગ્ર દેશમાં નોકરી મળી હોવાની માહિતી છે.

**11,880 કરોડ**

રૂપિયા PMKVYમાં 2015થી ડિસેમ્બર 2022 સુધીમાં ફાળવવામાં આવ્યા છે.



## અમલીકરણની સફર...

- પીએમ વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના નવી પરંતુ મહત્વપૂર્ણ છે. તેનો ઉદ્દેશ સમૃદ્ધ પરંપરાને જાળવી રાખવાનો અને તેનો વિકાસ કરવાનો છે.
  આ વર્ગને આમ જ તેમની સ્થિતિ પર છોડી શકાય નહીં. આ એવો વર્ગ છે, જે સદીઓથી પરંપરાગત પદ્ધતિઓ દ્વારા પોતાની હસ્તકળા સાચવી રહ્યો છે.
- શહેરો અને ગામડામાં એવા કારીગરો છે કે જેઓ પોતાના હાથના કૌશલ્યથી સાધનોનો ઉપયોગ કરીને આજીવિકા રળે છે. આ યોજના અંતર્ગત આવા વિખરાયેલા સમુદાયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.
- કેન્દ્ર સરકાર દરેક વિશ્વકર્મા સાથીને સર્વાંગી સંસ્થાકીય સહાય પૂરી પાડશે. એવું સુનિશ્ચિત કરવામાં આવશે કે વિશ્વકર્મા મિત્રોને સરળતાથી લોન મળે, તેમનું કૌશલ્ય સુધરે, તેમને તમામ પ્રકારની ટેકનિકલ સહાય પ્રાપ્ત થઈ શકે.
- ડિજિટલ સશક્તિકરણ, બ્રાન્ડ પ્રમોશન અને ઉત્પાદનો અને કાચી સામગ્રીના બજારની સુલભતા પણ સુનિશ્ચિત કરવામાં આવશે.
- આજના વિશ્વકર્મા લોકોને આવતીકાલના મોટા ઉદ્યોગસાહસિકો બનાવવા માટે, આ યોજનામાં તેમના પેટા-વ્યાપાર મોડેલમાં ટકાઉપણું હોવું આવશ્યક છે. તેમના દ્વારા બનાવેલા ઉત્પાદનોને વધુ સારા બનાવવા તેમજ તેના આકર્ષક ડિઝાઈનિંગ, પેકેજિંગ અને બ્રાન્ડિંગ પર પણ કામ કરવામાં આવી રહ્યું છે.
- સ્ટાર્ટઅપ્સ, ઈ-કોમર્સ મોડલ દ્વારા ક્રાફ્ટ ઉત્પાદનો માટે વિશાળ બજાર તૈયાર થઈ શકે છે. સ્થાનિકની સાથે સાથે વૈશ્વિક બજારને પણ લક્ષ્ય કરવામાં આવી રહ્યું છે.
- વિશ્વકર્મા મિત્રોની વચ્ચે કેવી રીતે જઈ શકાય અને તેમની કલ્પનાઓને કેવી રીતે પાંખો આપી શકાય તે વિશે આપણે બધાએ વિચારવું જોઈએ એવો સૌનો આગ્રહ કરવામાં આવે છે.
- ઉદ્યોગજગત આ લોકોને તેમની જરૂરિયાતો સાથે જોડીને ઉત્પાદન વધારી શકે છે, તેમને તાલીમ આપી શકે છે.
- મોટાભાગના લોકો એવા વર્ગના છે જેમના માટે એવી વ્યૂહરચનાની જરૂર છે કે જેના કારણે પીએમ વિશ્વકર્મા યોજના વિશે તેમને જાણ કરી શકાય અને તેમના સુધી લાભ પહોંચાડી શકાય.

## ટેક્નોલોજીનો ઉપયોગ કરીને જીવન સરળ બનાવવું


# ટેક્નોલોજીથી જીવનની સુગમતા સુનિશ્ચિત થઈ રહી છે

21મી સદીનું બદલાઈ રહેલું ભારત પોતાના નાગરિકોને ટેક્નોલોજીની તાકાતથી સતત સશક્ત બનાવી રહ્યું છે. લોકોના જીવનને સરળ બનાવવામાં ટેક્નોલોજીએ મહત્વની ભૂમિકા ભજવી છે. ભારતે ટેક્નોલોજીના માધ્યમથી સફળતાના જે રેકોર્ડ બનાવ્યા છે, તે ગતિને આગળ લઈ જવા માટે ટેકનિક અને ટેક્નોલોજીનો ઉપયોગ અમૃતકાળની સફરમાં મુખ્ય આધારસ્તંભ બનવા જઈ રહ્યા છે. આજે, ભારતનો દરેક નાગરિક આ પરિવર્તનને સ્પષ્ટપણે અનુભવી રહ્યો છે કે હવે સરકાર સાથે સંવાદ કરવાનું ખૂબ જ સરળ થઈ ગયું છે. આ વર્ષના બજેટમાં ટેક્નોલોજી અને તેની માનવ પાસાને પ્રાથમિકતા આપવામાં આવી છે...



**7,000 કરોડ** રૂપિયાની ઈ-અદાલત પરિયોજનાનો તબક્કો -3 શરૂ કરવામાં આવશે.

## બજેટમાં જોગવાઈ



- દેશની ત્રણ શૈક્ષણિક સંસ્થાઓમાં ત્રણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.
- KYC ધોરણોને હળવા કરવાનો નિર્ણય લેવાયો.
- એકીકૃત ફાઈલિંગ પ્રક્રિયા વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવશે.
- સરકારી એજન્સીઓની તમામ ડિજિટલ સિસ્ટમમાં PAN એકાઉન્ટનો ઉપયોગ સામાન્ય ઓળખકર્તા તરીકે કરવામાં આવશે.
- ડિજિલૉકર સેવા અને આધારનો ઉપયોગ મૂળભૂત ઓળખ તરીકે કરવામાં આવશે.
- ઈનોવેશન અને સંશોધનને શરૂ કરવા માટે રાષ્ટ્રીય ડેટા ગવર્નન્સ નીતિ લાવવામાં આવશે.
- સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો, મોટા ઉદ્યોગો અને ચેરિટેબલ ટ્રસ્ટ માટે એક સંસ્થા ડિજિલૉકરની સ્થાપના કરવામાં આવશે.
- લાખો સરકારી કર્મચારીઓ માટે તેમના કૌશલ્યમાં વધારો કરવા માટે એક સંકલિત ઑનલાઈન તાલીમ પ્લેટફોર્મ i-GOT કર્મયોગીનો પ્રારંભ.

**5G** સેવાઓનો ઉપયોગ કરીને એપ્લિકેશન તૈયાર કરવા માટે એન્જિનિયરિંગ સંસ્થાઓમાં 100 લેબોરેટરીઓ સ્થાપિત કરવામાં આવશે.



## આધારરૂપ સિદ્ધિઓ

- ટેક્નોલોજી, વન નેશન- વન રેશન કાર્ડનો આધાર બની છે. તેના કારણે કરોડો ગરીબોને પારદર્શક રીતે રાશન મળે તેવું સુનિશ્ચિત કરી શકાયું છે.
- જન ધન ખાતું, આધાર અને મોબાઈલ આ ત્રણેયને કારણે ટેક્નોલોજી દ્વારા કરોડો ગરીબોના બેંક ખાતામાં સીધા પૈસા મોકલવાનું શક્ય બન્યું છે.
- આરોગ્ય સેતુ અને કોવિન (Co-WIN) એપ ટેક્નોલોજીએ કોરોના દરમિયાન દેશને ટ્રેસિંગ અને રસીકરણ કરવામાં ઘણી મદદ કરી છે.
- કોમન સર્વિસ સેન્ટરનું નેટવર્ક તમામ જરૂરિયાતમંદ વ્યક્તિને ટેક્નોલોજી દ્વારા સરકારી સેવાઓ સાથે સરળતા જોડવાનું કામ કરે છે.
- દેશવાસીઓ તેમના વિચારો સરળતાથી સરકાર સુધી પહોંચાડી રહ્યા છે અને તેઓ તરત જ તેનો ઉકેલ મેળવી રહ્યા છે.
- ટેક્નોલોજીની મદદથી સમગ્ર કરવેરા વ્યવસ્થાને ફેસલેસ બનાવી દેવામાં આવી છે.

## ડિજિટલ ઈન્ડિયા

**18,000**

કરોડ ડિજિટલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શન સાથે ગયા વર્ષની સરખામણીએ 30% ડિજિટલ ટ્રાન્ઝેક્શન વધારવાનું લક્ષ્ય.

**4.50 કરોડ**

નવા ડિજિલૉકર સેટઅપ કરવામાં આવશે જેથી 12.5% યુઝર વધશે.

**10,000**

નવી ગ્રામ પંચાયતોમાં કોમન સર્વિસ સેન્ટર શરૂ કરવામાં આવશે.

**1 કરોડ**

ગ્રામીણ લોકોને પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન સાથે જોડવામાં આવશે.

**17,500**

ગ્રામ પંચાયતોને હાઈસ્પીડ બ્રોડબેન્ડ કનેક્શન દ્વારા જોડવામાં આવશે.

**33,000**

પેક્સને કોમ્પ્યૂટર અને ઈન્ટરનેટ સેવા સાથે જોડવામાં આવશે.



## અમલીકરણની સફર...

- વિવિધ વિભાગો તેમની સેવાઓને વૈશ્વિક ધોરણની બનાવવા માટે એકબીજા સાથે મળીને ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકે છે. અહીંથી એક પગલું આગળ વધીને, એવા ક્ષેત્રોને પણ ઓળખી કાઢવામાં આવશે જ્યાં સરકાર સાથે સંવાદ કરવાનું સરળ બનાવી શકાય.
- મિશન કર્મયોગી દ્વારા સરકારી કર્મચારીઓને તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમ આપવા પાછળનો હેતુ કર્મચારીઓને નાગરિક કેન્દ્રિત બનાવવાનો છે.
- ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે જંગી માત્રામાં રોકાણ કરવામાં આવી રહ્યું છે અને ડિજિટલ ક્રાંતિના લાભો સમાજના દરેક વર્ગ સુધી પહોંચી શકે તે માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- 5G અને AI ઉદ્યોગ, દવા, શિક્ષણ, કૃષિ અને તમામ ક્ષેત્રોમાં મોટા પરિવર્તનો આવવાના છે. આના માટે કેટલાક ચોક્કસ લક્ષ્યાંક નક્કી કરવામાં આવશે.
- ટેક્નોલોજીનો ઉપયોગ સામાન્ય માણસની ભલાઈ માટે કેવી રીતે થઈ શકે તેના માટે ક્ષેત્રોની ઓળખ થવી જોઈએ. દરેક ક્ષેત્રમાં ઓછામાં ઓછી 10 એવી સમસ્યાઓ ઓળખી કાઢવી જોઈએ કે જેનો ઉકેલ AI દ્વારા લાવી શકાય છે.
- ડિજિલૉકરની વિભાવનાનું વધારે વિસ્તરણ કરવાની જરૂર છે.
- ભારતને મેન્યુફેક્ચરિંગનું હબ બનાવવાનું છે. ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ આ આપણ માટે પ્રાથમિકતા હોવી જોઈએ. આમાં પણ ટેક્નોલોજી ઘણી મદદરૂપ થઈ શકે છે.

"

અમારી સરકાર ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે મોટા પાયે રોકાણ કરી રહી છે. અમે ભારતમાં આધુનિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યા છીએ. આ સાથે એ પણ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે ડિજિટલ ક્રાંતિનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

### શહેરી આયોજન, વિકાસ અને સ્વચ્છતા


# નવા શહેરોનો વિકાસ અને જૂની વ્યવસ્થાઓનું આધુનિકીકરણ

21મી સદીમાં ભારત જે રીતે ઝડપી ગતિએ વિકાસ કરી રહ્યું છે, તે જોતા આવનારા સમયમાં ભારતના ઝડપી માહોલમાં અનેક નવા શહેરો સમયની જરૂરિયાત બની જશે. ભારતમાં શહેરી વિકાસના બે મુખ્ય પાસાઓ છે - નવા શહેરોનો વિકાસ અને જૂના શહેરોમાં રહેલી જૂની વ્યવસ્થાઓનું આધુનિકીકરણ. આ બાબતને ધ્યાનમાં રાખીને જ દરેક બજેટમાં શહેરી વિકાસને મહત્વ આપવામાં આવી રહ્યું છે, જેનાથી આયોજનબદ્ધ રીતે શહેરીકરણને વેગ મળશે. અમૃતકાળમાં શહેરી આયોજન શહેરોનું ભાવિ નક્કી કરશે કારણ કે જ્યારે આયોજન વધુ સારું હશે ત્યારે શહેરો આબોહવાને અનુકૂળ અને જળ સંરક્ષિત પણ બનશે. હવે એવી નીતિઓ ઘડવામાં આવી રહી છે કે જે શહેરોના લોકોનું જીવન સરળ બનાવે છે, અને સાથે સાથે તેમના પોતાના વિકાસમાં પણ મદદ કરે છે.



## બજેટમાં જોગવાઈ

- શહેરી માળખાકીય સુવિધા વિકાસ ભંડોળ માટે સરકાર દર વર્ષે 10,000 કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. આ ખર્ચ ટિઅર-2 અને ટિઅર-3 શહેરોમાં માળખાકીય સુવિધાના નિર્માણ પર કરવામાં આવશે.
- શહેરી આયોજનના ધોરણો માટે રૂ. 15,000 કરોડનું પ્રોત્સાહન નક્કી કરવામાં આવ્યું છે.
- પીએમ-આવાસ યોજના માટે 79 હજાર કરોડ રૂપિયા ખર્ચવા માટે સરકાર પ્રતિબદ્ધ છે.
- શહેરી સ્વચ્છતા માટે, સેપ્ટિક ટાંકીઓ અને નાળાઓની સફાઈનું કામ સંપૂર્ણપણે મશીનો દ્વારા કરવામાં આવશે. સૂકા અને ભીના કચરાનું વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થાપન કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.
- મ્યુનિસિપલ બોન્ડ્સની ધિરાણપાત્રતા સુધારવા માટે શહેરોને તૈયાર કરવા.



“

શહેરી આયોજન અમૃતકાળમાં આપણા શહેરોનું ભવિષ્ય નક્કી કરશે અને માત્ર સુઆયોજિત શહેરો જ ભારતનું ભવિષ્ય નક્કી કરશે. જ્યારે આયોજન સારું હશે ત્યારે જ આપણાં શહેરો આબોહવા સામે પ્રતિરોધક અને જળ સંરક્ષિત બનશે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



## આધારરૂપ સિદ્ધિઓ

- 2014 પહેલાંની દેશમાં મેટ્રો કનેક્ટિવિટીની સ્થિતિમાં પરિવર્તન લાવીને આજે ઘણા શહેરોમાં મેટ્રો રેલ પર કામ કરવામાં આવ્યું છે. આજે મેટ્રો રૂટની લંબાઈના સંદર્ભમાં ભારત સમગ્ર વિશ્વમાં 5મા સ્થાને પહોંચી ગયું છે, જે આગામી થોડા મહિનામાં ત્રીજા સ્થાને આવી જશે. હવે તેને છેલ્લા છેડા સુધી જોડવાની દિશામાં ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે.
- શહેરોમાંથી કચરાના ડુંગર દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આના માટે સ્ટાર્ટઅપને જોડવામાં આવી રહ્યા છે. સરકાર તેમને સતત મદદ કરી રહી છે.
- વલયાકાર ઈકોનોમીને આધાર બનાવીને હજારો ટન કચરામાંથી કંચન બનાવવાનું કામ એટલે કે તેનો સદુપયોગ કરવાનું કામ ચાલી રહ્યું છે. 2014માં દેશમાં માત્ર 14-15 ટકા કચરો જ પ્રોસેસ થતો હતો, આજે તે વધીને 75 ટકા સુધી થઈ ગયો છે.
- શહેરોમાં પીવાના શુદ્ધ પાણી માટે 'અમૃત-2.0' યોજના લોન્ચ કરવામાં આવી છે અને હવે આ યોજનાની મદદથી પાણી અને ગટરના પરંપરાગત મોડલથી આગળની યોજના પર કામ કરવામાં આવશે.

## અમલીકરણની સફર...

- બજેટની જોગવાઈ દેશમાં આયોજિત અને વ્યવસ્થિત શહેરીકરણની નવી શરૂઆત કરશે.
- તજજ્ઞો દ્વારા શહેરના વિકાસમાં આયોજન અને શહેરી સુશાસનને વધુ મજબૂત બનાવવામાં આવશે. તેમાં પરિવહન, માળખાકીય સુવિધાઓ, જળ વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરીને સતત કામ કરવામાં આવશે.
- સરકારે બજેટના અમલીકરણમાં શહેરી આયોજનની ઈકો-સિસ્ટમને મજબૂત કરવા, ખાનગી ક્ષેત્રની નિપુણતાનો લાભ લેવા અને સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા શહેરી વિકાસને નવા સ્તરે લઈ જવાની પહેલ કરી છે.
- જૂના શહેરો કચરા મુક્ત, જળ સુરક્ષિત બને અને નવા શહેરો કચરા મુક્ત, જળ સુરક્ષિત અને આબોહવાને અનુકૂળ બને તેના માટે ટિઅર-2 અને ટિઅર-3 શહેરોમાં માળખાકીય સુવિધા અને પ્લાનિંગમાં રોકાણ વધશે.
- આર્કિટેક્ચર, ઝીરો ડિસ્ચાર્જ મોડલ, એનર્જી પોઝિટિવિટી, જમીનનો કાર્યક્ષમ ઉપયોગ, ટ્રાન્ઝિટ કોરિડોર અને જાહેર સેવાઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવશે.
- શહેરી આયોજનમાં બાળકોને લગતી સુવિધાઓનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ભવિષ્યમાં પણ રમતના મેદાનથી માંડીને સાયકલ ચલાવવા સુધીની જરૂરિયાતોનું ધ્યાન રાખવામાં આવશે.
- જ્યારે પણ કોઈ ઘર બને છે ત્યારે સિમેન્ટ, સ્ટીલ, રંગ અને ફર્નિચર જેવા ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે. તેમાં સ્ટાર્ટઅપ અને ઉદ્યોગોને સાથે જોડવામાં આવી રહ્યા છે.

**આઝાદી પછી દેશમાં અત્યાર સુધી માત્ર બે જ આયોજનબદ્ધ શહેરોનો વિકાસ કરવામાં આવ્યો છે. જો આઝાદીના 75 વર્ષ પછી 75 આયોજનબદ્ધ શહેરો વિકસાવવામાં આવ્યા હોત તો વિશ્વમાં ભારતની સ્થિતિ તદ્દન અલગ જ હોત.**

## એક વર્ષમાં આ લક્ષ્યો પૂરાં થશે

**23,175 કરોડ રૂપિયા**

MRTS અને મેટ્રો પ્રોજેક્ટ માટે રાખવામાં આવ્યા. અંદાજે 75 કિલોમીટર નવી મેટ્રો લાઈન નાંખવાનું અને 24 કિલોમીટર લાઈનને ઓપરેશનલ કરવાનું લક્ષ્ય.

**67,000 નવા ઘર**

પીએમ આવાસ યોજના શહેરી અંતર્ગત બનશે જેનું નિર્માણ ઝુંપડપટ્ટી હોય ત્યાં મકાન યોજના હેઠળ થશે.

## પર્યટન ક્ષેત્રનો મિશન મોડમાં વિકાસ

# પર્યટનની ઓળખ ભારત પ્રથમ

આસ્થા અને ઉપાસના હોય, પૌરાણિક સ્થળ હોય કે પછી ચિકિત્સા માટે હોય, પર્યટનનું કોઈપણ સ્વરૂપ જીવનમાં નવી ઉર્જા અને રાષ્ટ્રની ગૌરવશાળી ઓળખનો પરિચય આપે છે. આ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી છે. રેલ, રોડ, એરવેઝ, વોટરવેઝ, હોટલ, હોસ્પિટલ, ઈન્ટરનેટ-મોબાઈલ કનેક્ટિવિટી, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સંપૂર્ણ વ્યવસ્થા હોય કે સ્વચ્છ પર્યાવરણની ખાતરી આપતી ઊર્જા હોય કે હવે કોવિડના સમયમાં, રસીકરણનું સુરક્ષા ચક્ર હોય. આ બધા જ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલા છે જે પર્યટનને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. પર્યટન એ ખૂબ જ ઝડપી ગતિથી વિકસતું વ્યાવસાયિક ક્ષેત્ર છે અને 21મી સદીનું ભારત 'ઈઝ ઓફ ટ્રાવેલ'ના આ વિઝન સાથે ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અને પર્યટન ક્ષેત્રે દેશ તેમજ દુનિયામાં નવો આત્મવિશ્વાસ પેદા કરી રહ્યું છે...



## બજેટમાં જોગવાઈ

- પસંદ કરવામાં આવેલા 50 પર્યટન સ્થળોનો સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓ માટે સંપૂર્ણ પેકેજ તરીકે વિકાસ કરવામાં આવશે.
- રાજ્યના પાટનગરોમાં યુનિટી મોલની સ્થાપના કરવામાં આવશે.
- એક જિલ્લો એક ઉત્પાદન, GI ઉત્પાદનો અને અન્ય હસ્તકળા ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન અપાશે.
- વર્ચ્યુઅલ કનેક્ટિવિટી, ટૂરિસ્ટ ગાઈડ, સ્ટ્રીટ ફૂડ અને પ્રવાસીઓની સુરક્ષા માટે એપ્સ ઉપલબ્ધ રહેશે.
- પર્યટન ક્ષેત્ર માટે 24,00 કરોડ રૂપિયાની બજેટલક્ષી જોગવાઈ કરવામાં આવી છે.



"

જ્યારે આપણે પર્યટન વિશે વાત કરીએ છીએ, ત્યારે કેટલાક લોકો એવું વિચારે છે કે તે સમાજના ઉચ્ચ આવક ધરાવતા વર્ગનો જ એક ફેન્સી શબ્દ છે અને તે લોકોને જ રજૂ કરે છે. પરંતુ ભારતના સંદર્ભમાં જોવામાં આવે તો પર્યટનનો વ્યાપ ઘણો વિશાળ છે. અહીં સદીઓથી યાત્રાઓ થતી રહી છે, તે આપણા સાંસ્કૃતિક-સામાજિક જીવનનો એક ભાગ રહી છે અને જ્યારે કોઈ સંસાધનો ન હતા ત્યારે પણ યાત્રાઓ થતી હતી. ત્યારે પણ લોકો દુઃખ ભોગવીને પણ યાત્રાએ જતા હતા.


**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## આધારરૂપ સિદ્ધિઓ



**7 કરોડ** કરતાં વધારે શ્રદ્ધાળુઓ કાશી વિશ્વનાથ ધામના દર્શન માટે ગયા વર્ષે આવ્યા. જ્યારે, પુનરોદ્ધાર કર્યા પહેલાં અહીં દર વર્ષે માંડ 70-80 શ્રદ્ધાળુઓ જ દર્શન કરવા માટે આવતા હતા.

- પ્રવાસીઓ માટે પ્રાથમિક સુવિધાઓમાં વધારો કરવામાં આવે તો પર્યટનમાં અનેકગણો વધારો થઈ શકે છે.
- આ વર્ષે જાન્યુઆરીમાં 8 લાખ વિદેશી પર્યટકો ભારત આવ્યા હતા જ્યારે ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં માત્ર 2 લાખ વિદેશી પર્યટકો જ ભારત આવ્યા હતા.
- ગુજરાતમાં પાવાગઢ યાત્રાધામના પુનરોદ્ધાર પહેલાં દરરોજ 2 થી 5 હજાર લોકો આવતા હતા, પરંતુ પુનરોદ્ધાર, માળખાકીય સુવિધાઓ અને સવલતોમાં વધારો થવાને કારણે હવે સરેરાશ 80 હજાર લોકો આવે છે.
- વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ થયું તેના માત્ર એક વર્ષમાં 27 લાખ લોકો તેને જોવા આવ્યા હતા.
- અમદાવાદના કાંકરિયા તળાવમાં લોકો જતા ન હતા, પરંતુ તેનો ફરી વિકાસ કર્યા બાદ ફી ભરીને પણ રોજના 10,000 લોકો અહીં ફરવા માટે આવી રહ્યા છે.
- કેન્દ્ર સરકારે સરહદી વિસ્તારોમાં આવેલા ગામો માટે વાઈબ્રન્ટ બોર્ડર વિલેજ સ્કીમ શરૂ કરી છે. આવી સ્થિતિમાં, હોમસ્ટે, નાની હોટેલ્સ, નાની રેસ્ટોરન્ટ્સ સહિતના ઘણા વ્યવસાયો માટે લોકોને શક્ય તેટલી વધુ મદદ આપણે સૌએ કરવી જોઈએ.



**15 લાખ** કરતાં વધારે શ્રદ્ધાળુઓ કેદારઘાટીમાં પુનરોદ્ધાર કર્યા પછી દર્શન કરવા માટે આવવા લાગ્યા જ્યારે પહેલાંના સમયમાં દર વર્ષે અહીં માત્ર 4 થી 5 લાખ શ્રદ્ધાળુઓ જ આવતા હતા.



## અમલીકરણની સફર...

- આ વર્ષના બજેટમાં સ્પર્ધાત્મક ભાવના અને પડકારના માધ્યમથી ભારતમાં અનેક સ્થળોની ઓળખ કરવામાં આવી છે અને ગંતવ્ય સ્થળોના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. આમાં વિવિધ હિતધારકોને પણ સામેલ કરવામાં આવશે.
- વિદેશમાં રહેતા જે લોકો પાસે ખર્ચ કરવાની ક્ષમતા વધુ હોય છે, તેમને વધુને વધુ સંખ્યામાં ભારતમાં લાવવા માટે ખાસ રણનીતિ તૈયાર કરવાની જરૂર છે.
- ભારતમાં વિવિધ પ્રકારના પક્ષીઓ છે. ઘણા પ્રવાસીઓ પક્ષીઓને જોવા માટે મહિનાઓ સુધી અહીં રોકાય છે. આપણે આવા પ્રવાસીઓને પણ લક્ષિત કરીને તેને સંબંધિત નીતિઓ બનાવવી પડશે.
- પ્રોફેશનલ ટૂરિસ્ટ ગાઈડની અછતને દૂર કરવા માટે, સ્થાનિક કોલેજોમાં સર્ટિફિકેટ કોર્સ, સ્પર્ધા હોવી જોઈએ જેથી સારા યુવાનો તેમાં આવે અને પ્રગતિ કરે.
- ડિજિટલ ટૂરિસ્ટ ગાઈડ માટે ટેક્નોલોજીનો ઉપયોગ થવો જોઈએ. વિશેષ પર્યટન સ્થળોએ ગાઈડ માટે ચોક્કસ ડ્રેસ પણ નક્કી કરેલો હોવો જોઈએ.
- પૂર્વોત્તરની શાળાઓ અને કોલેજોના પ્રવાસોને પ્રોત્સાહન આપવા પર પણ ભાર મૂકવો જોઈએ જેથી કરીને વધુને વધુ લોકો જાગૃત થાય અને પર્યટકો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓનો વિકાસ કરી શકાય.
- 'વેડિંગ ડેસ્ટિનેશન'ની સાથે સાથે 'સ્પોર્ટ્સ ડેસ્ટિનેશન્સ'ને પ્રોત્સાહન આપવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આવા 50 પર્યટન સ્થળોનો વિકાસ કરવા પર ભાર મૂક્યો હતો જ્યાં વિશ્વના દરેક પ્રવાસી ભારતની મુલાકાત લેવા માટે મજબૂર બની જાય.
- સંયુક્ત રાષ્ટ્રમાં સૂચિબદ્ધ તમામ ભાષાઓમાં પર્યટન સ્થળો માટે એપ વિકસાવવામાં આવશે.

**1700 ડૉલર**
વિદેશી પર્યટકો સરેરાશ ભારતમાં ખર્ચ કરે છે.

| અમેરિકામાં | ઑસ્ટ્રેલિયામાં |
|---|---|
| **2500 ડૉલર** | **5 હજાર ડૉલર** |

દરેક રાજ્યએ આ વિચાર સાથે પોતાની પર્યટન નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે.

## પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન

# ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિકાસની નવી ઉર્જા

માળખાકીય સુવિધાઓની મજબૂતી એ કોઈપણ દેશની કાયમી પ્રગતિનો આધાર હોય છે. આ જ કારણ છે કે, આ વર્ષનું બજેટ પણ માળખાકીય સુવિધાઓના વિકાસમાં નવી ઉર્જાનો સંચાર કરી રહ્યું છે. આવી સ્થિતિમાં તમામ હિતધારકો માટે નવી જવાબદારીઓ, નવી સંભાવનાઓ અને સાહસપૂર્ણ નિર્ણયો લેવાનો અત્યારે સમય છે. જો કે, આઝાદી પછી લાંબા સમય સુધી આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જોઈએ તેટલું ધ્યાન આપવામાં આવ્યું નહોતું, જ્યારે ભારતમાં સદીઓથી ધોરીમાર્ગોના મહત્વને સ્વીકારવામાં આવ્યું છે. હવે લાંબા ગાળાની વિચારસરણી સાથે મલ્ટી મોડલ કનેક્ટિવિટીને સાથે જોડીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ એ દેશની અર્થવ્યવસ્થાનું ચાલકબળ છે. આ માર્ગે આગળ વધીને, દેશ 2047 સુધીમાં વિકસિત ભારત બનવાનું લક્ષ્ય પ્રાપ્ત કરશે.




**50**

નવા એરપોર્ટ, હેલિપોર્ટ અને વોટર એરોડ્રામનું નિર્માણ કરવામાં આવશે.

## બજેટમાં જોગવાઈ

- આ નાણાકીય વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ પાછળ 10 લાખ કરોડનું રોકાણ કરવામાં આવશે.
- રેલવેમાં મૂડીગત ખર્ચ માટે 3.7 લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.
- શહેરી માળખાકીય સુવિધાઓના વિકાસ માટે દર વર્ષે 10 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધારવા માટે અને પૂરક નીતિગત પગલાંને વધારવા માટે રાજ્ય સરકારોને 50 વર્ષની વ્યાજમુક્ત લોનને વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો છે.
- બંદર, કોલસો, સ્ટીલ, ખાતર અને ખાદ્ય અનાજ ક્ષેત્રો માટે આરંભથી અંત સુધીની કનેક્ટિવિટી માટે 100 મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર રૂ. 75,000 કરોડનું રોકાણ કરવામાં આવશે.
- ઉડાન યોજના હેઠળ વર્ષ 2024 સુધીમાં 100 એરપોર્ટનો વિકાસ કરવામાં આવશે.






## આધારરૂપ સિદ્ધિઓ

- મૂડીગત ખર્ચમાં 2013-14ની સરખામણીમાં 5 ગણો વધારો થયો છે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવાના વિચાર અને પ્રયાસોનું પરિણામ એ આવ્યું છે કે આજે રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું સરેરાશ વાર્ષિક બાંધકામ 2014 પહેલાંના સમયની સરખામણીમાં લગભગ બમણું થઈ ગયું છે.
- 2014 પહેલાં, દર વર્ષે 600 રૂટ કિલોમીટર રેલ લાઈનોનું વિદ્યુતીકરણ થતું હતું, જ્યારે આજે તે લગભગ 4 હજાર રૂટ કિલોમીટર સુધી પહોંચી રહ્યું છે.
- વૈશ્વિકરણના યુગમાં દરિયાઈ બંદર (સી-પોર્ટ)નું પણ ખૂબ જ મહત્વ છે. આપણા બંદરોની ક્ષમતામાં વધારો પણ અગાઉની સરખામણીએ લગભગ બમણો થઈ ગયો છે.

**110 લાખ**


કરોડ રૂપિયાના રોકાણનું લક્ષ્ય સરકારે આવનારા સમયમાં નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન અંતર્ગત કરવા માટે નિર્ધારિત કર્યું છે.

**હવાઈમથકોની સંખ્યા**




## અમલીકરણની સફર...

- માળખાકીય સુવિધાઓના વિકાસમાં પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનની ભૂમિકા ઘણી વિશાળ છે. ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મલ્ટી મોડલ લોજિસ્ટિક્સમાં કાયાકલ્પ કરવા જઈ રહ્યો છે.
- ફર્સ્ટ માઈલ અને લાસ્ટ માઈલ કનેક્ટિવિટીને ધ્યાનમાં રાખીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનના પરિણામો પણ આજે આપણી સમક્ષ આવવાના શરૂ થઈ ગયા છે. તેના અવરોધોને ઓળખવામાં આવ્યા છે.
- ગુણવત્તા અને મલ્ટી મોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી આવનારા દિવસોમાં આપણા લોજિસ્ટિક્સ ખર્ચમાં હજુ પણ વધુ ઘટાડો થશે.
- આનાથી લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં સુધારો થશે તેમજ ઈઝ ઓફ લિવિંગ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સુધારો આવશે. આમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવામાં આવશે.
- આપણી મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રી માટે ઘણી વિશાળ સંભાવનાઓ છે. આના માટે સિસ્ટમ તૈયાર કરવામાં આવશે અને વલયાકાર ઈકોનોમીને ભવિષ્યના વિનિર્માણ કાર્ય સાથે જોડવામાં આવશે.
- વિવિધ ક્ષેત્રોમાં, નાના અને મોટા પાયાના ઉદ્યોગોમાં કૌશલ્યના પૂર્વાનુમાનને લગતું એક વ્યવસ્થાતંત્ર પણ વિકસાવવું પડશે. આનાથી દેશના માનવ સંસાધન સમૂહને પણ ઘણો ફાયદો થશે.
- એક મજબૂત સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મદદથી, વધુ પ્રતિભાશાળી અને કૌશલ્યવાન યુવાનો દેશની સેવા કરવા માટે આગળ આવશે. પીએમ મોદીએ આ લક્ષ્યને પૂરું કરવા માટે કૌશલ્ય વિકાસ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, નાણાકીય કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.
- જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરીએ તો ક્યારેક રેલ, રોડ, એરપોર્ટ, બંદરોની વાત પણ કરવામાં આવે છે. હવે આ બજેટમાં ગામડાઓમાં સંગ્રહનો વિશાળ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. કેટલું મોટું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું જોઈએ, તે અંગે આપણે અત્યારથી જ વિચારી શકીએ છીએ.
- દેશમાં બની રહેલ વેલનેસ સેન્ટર, ગામડાઓમાં સ્વાસ્થ્ય સુવિધાઓ, રેલ્વે સ્ટેશન, દરેક પરિવાર માટે પાકું ઘર, આ બધું પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલું છે. આમાં નવી ટેક્નોલોજી સાથે હરણફાળ ભરવાના પ્રયાસો ચાલુ છે.



## સ્વાસ્થ્ય અને ચિકિત્સા સંશોધન

# સ્વાસ્થ્ય સમૃદ્ધિની દિશામાં ભારત

કોવિડની આપત્તિએ સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું મહત્વ સમજાવ્યું છે. આ આપદાએ બતાવ્યું અને શીખવ્યું કે આટલી મોટી આફતમાં સમૃદ્ધ દેશોની વિકસિત વ્યવસ્થાઓ પણ ધ્વસ્ત થઈ જાય છે. આવી સ્થિતિમાં, રોગોની સારવાર પર ધ્યાન આપવાની સાથે સાથે, રોગોને રોકવા માટે વધુ સારી આરોગ્ય સુવિધાઓનું નિર્માણ કરવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. કેન્દ્ર સરકાર હવે સર્વગ્રાહી અભિગમ અને એક પૃથ્વી – એક સ્વાસ્થ્યના મંત્ર સાથે સ્વાસ્થ્યનું એક એવું માળખું તૈયાર કરવાની દિશામાં કામ કરી રહી છે કે, જેથી ભવિષ્યમાં આવો રોગચાળો ક્યારેય આવે જ નહીં, તેમજ અન્ય રોગો સામે પણ નાગરિકોને સુરક્ષિત રાખી શકાય...



## બજેટમાં જોગવાઈ

- વર્ષ 2014 પછી બનેલી 157 સરકારી મેડિકલ કોલેજોમાં 157 નર્સિંગ કોલેજોની સ્થાપના કરવામાં આવશે.
- 2047 સુધીમાં લોહી સાથે સંકળાયેલી બીમારી સિકલ સેલ એનિમિયાને, નાબૂદ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.
- 0 થી 40 વર્ષની વય જૂથના સાત કરોડ લોકોની સાર્વત્રિક તપાસ કરવામાં આવશે.
- ફાર્મા ઉદ્યોગમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં 11.5 ગણો વધારો કરવામાં આવ્યો છે.
- ખાનગી મેડિકલ કોલેજો અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓને પણ ICMRની પસંદગીની પ્રયોગશાળાઓમાં સંશોધન કરવાની મંજૂરી આપવામાં આવી છે.



**માત્ર બે યોજનાઓથી નાગરિકોના ખિસ્સામાંથી લગભગ એક લાખ કરોડ રૂપિયાની બચત થઈ.**

**80,000**

માત્ર બે યોજનાઓથી નાગરિકોના ખિસ્સામાંથી લગભગ એક લાખ કરોડ રૂપિયાની બચત થઈ.

**50 કરોડ**

કરતાં વધારે લોકોને 5 લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા આપવામાં આવી છે.

**20,000 કરોડ**

રૂપિયાની બચત ગરીબો અને મધ્યમ વર્ગના લોકો જન ઔષધી કેન્દ્રોમાંથી દવાની ખરીદી દ્વારા કરી શક્યા છે. દેશભરમાં લગભગ 9 હજાર જન ઔષધી કેન્દ્રો છે.



## આધારરૂપ સિદ્ધિઓ

- પાછલા વર્ષોના બજેટમાં ભારતે સ્વાસ્થ્ય ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપ્યું છે. વિદેશો પર ભારતની નિર્ભરતા ઓછી કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
- સ્વાસ્થ્ય સેવાને માત્ર સ્વાસ્થ્ય મંત્રાલય પુરતી સીમિત નથી રાખવામાં આવી પરંતુ આના માટે સંપૂર્ણ સરકારનો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે.
- ફાર્મા અને મેડિકલ ડિવાઈસ ક્ષેત્રમાં રહેલી સંભાવનાઓને ધ્યાનમાં રાખીને, છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણી નવી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. જથ્થાબંધ ડ્રગ પાર્ક, મેડિકલ ડિવાઈસ પાર્કનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.
- પીએમ માતૃ વંદના યોજના અને મિશન ઈન્દ્રધનુષ જેવા કાર્યક્રમોની મદદથી, આપણે સ્વસ્થ માતૃત્વ અને સ્વસ્થ બાળપણની ખાતરી કરી રહ્યા છીએ. યોગ, આયુર્વેદ, ફિટ ઈન્ડિયા કે મૂવમેન્ટથી રોગોથી બચવામાં મદદ મળી છે.

**260**

કરતાં વધારે નવી મેડિકલ કોલેજો વિતેલા કેટલાક વર્ષમાં ખુલી છે, તેનાથી મેડિકલની બેઠકોની સંખ્યા 2014ની સરખામણીએ બે ગણી વધી ગઈ છે.




ઈ-સંજીવની જેવા ટેલિ-કન્સલ્ટેશનના પ્રયાસોથી ઘરે બેઠા જ **10 કરોડ** લોકોએ ડૉક્ટરો પાસેથી ઑનલાઈન કન્સલ્ટેશનનો લાભ મેળવ્યો છે.

## અમલીકરણની સફર...

- ગંભીર રોગો માટે દેશમાં સારું અને આધુનિક હેલ્થ ઈન્ફ્રા હોવું જરૂરી છે. ઘરની નજીકમાં જ ટેસ્ટિંગની સુવિધા અને પ્રાથમિક સારવારની વધુ સારી સુવિધા પૂરી પાડવા માટે સમગ્ર દેશમાં દોઢ લાખ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની સ્થાપના કરવામાં આવી રહી છે.
- પીએમ આયુષ્મા ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન હેઠળ ગંભીર આરોગ્ય ઈન્ફ્રાને નાના શહેરો અને નગરોમાં લઈ જવામાં આવી રહ્યું છે. આને કારણે, નાના શહેરોમાં નવી હોસ્પિટલો બનાવવામાં આવી રહી છે, આરોગ્ય ક્ષેત્ર સાથે સંબંધિત એક સંપૂર્ણ ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે.
- આમાં પણ સ્વાસ્થ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગસાહસિકો- રોકાણકારો- વ્યાવસાયિકોને ઘણી નવી તકો આપવામાં આવી રહી છે.
- હવે 5G ટેક્નોલોજી આવી ગઈ હોવાથી આ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ માટે પણ ઘણી સંભાવનાઓ ઊભી થઈ રહી છે. ડ્રોન ટેક્નોલોજીના કારણે દવાની ડિલિવરી અને ટેસ્ટિંગના લોજિસ્ટિક્સમાં ક્રાંતિ આવી રહી છે. આમાં ઉદ્યોગ સાહસિકો માટે તકો ઉભી કરવામાં આવી રહી છે.
- મેડિકલ ઉપકરણ ક્ષેત્ર છેલ્લા કેટલાક વર્ષોમાં 12 થી 14 ટકાના દરે પ્રગતિ કરી રહ્યું છે. આગામી 2-3 વર્ષમાં આ માર્કેટ 4 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી જશે.
- ભવિષ્યની તબીબી ટેકનોલોજી, ઉત્પાદન અને સંશોધન માટે કૌશલ્યવાન કાર્યબળ પર કામ શરૂ કરવામાં આવ્યું છે. જો આપણે આમાં ખાનગી ક્ષેત્ર અને શિક્ષણ જગત સાથે તાલમેલ બેસાડી દઈશું તો આ ક્ષેત્ર 10 લાખ કરોડ રૂપિયાનું માર્કેટ પણ પાર કરી શકે છે.
- IIT અને અન્ય બીજી સંસ્થાઓમાં તબીબી ઉપકરણોના ઉત્પાદનની તાલીમ માટે બાયોમેડિકલ એન્જિનિયરિંગ અને અન્ય સમાન અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવશે. આમાં પણ ખાનગી ક્ષેત્રની મહત્તમ ભાગીદારી કેવી રીતે રાખી શકાય, ઉદ્યોગ, શૈક્ષણિક ક્ષેત્ર અને સરકાર વચ્ચે મહત્તમ સંકલન કેવી રીતે રહે તે માટે સાથે મળીને કામ કરવામાં આવશે.
- સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા ફાર્મા ક્ષેત્રમાં સંશોધન અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે એક નવો કાર્યક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે.
- ભારતના પ્રયાસોને કારણે વિશ્વ આરોગ્ય સંસ્થાનું પરંપરાગત દવા સંબંધિત વૈશ્વિક કેન્દ્ર ભારતમાં જ બનાવવામાં આવી રહ્યું છે.

**વિકાસની તકોનું સર્જન કરવા માટે આર્થિક સેવાઓની કાર્યદક્ષતા વધારવી**

# સશક્ત આર્થિક વ્યવસ્થા દ્વારા પ્રગતી કરી રહેલું ભારત

કોવિડની આપત્તિ પછી, દુનિયાએ ભારતની આર્થિક અને નાણાકીય નીતિની અસર જોઈ લીધી છે. આનું કારણ કેન્દ્ર સરકારે છેલ્લા 9 વર્ષમાં ભારતના અર્થતંત્રનો આધાર મજબૂત કરવા માટે હાથ ધરેલા પ્રયાસો છે. ભૂતકાળમાં 'શા માટે ભારત'ના અભિગમથી પરિવર્તન થઈને વર્તમાનમાં 'ભારત કેમ નહીં'નો વિચાર આવ્યો છે, તો તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને સર્વસમાવેશી દૂરંદેશી કારણભૂત રહ્યા છે. હવે ભારતને પ્રશ્ન કે ચિંતાની નજરે નહીં પરંતુ અપેક્ષા સાથે જોવામાં આવે છે. આજે સ્પષ્ટતા, દૃઢ વિશ્વાસ અને આત્મવિશ્વાસથી સજ્જ ભારતને વૈશ્વિક અર્થવ્યવસ્થાની દીવાદાંડી તરીકે ઓળખવામાં આવે છે કારણ કે ભારત મજબૂત નાણાકીય વ્યવસ્થા સાથે આગળ વધી રહ્યું છે.



## બજેટમાં જોગવાઈ

- મૂડીગત ખર્ચ માટે રૂ. 10 લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પીએમ ગતિશક્તિના કારણે પ્રોજેક્ટના આયોજન અને તેના અમલીકરણમાં અભૂતપૂર્વ ઝડપ જોવા મળશે.
- મહામારી દરમિયાન 1 કરોડ 20 લાખ MSMEને સરકાર તરફથી મોટી મદદ આપવામાં આવી છે.
- MSME માટે ક્રેડિટ ગેરંટી સ્કીમનું નવીકરણ કરવામાં આવ્યું છે. તેના ફંડમાં રૂ. 9,000 કરોડ ઉમેરવામાં આવ્યા છે. આ સાથે જ, 2 લાખ કરોડ રૂપિયાની વધારાની જામીન મુક્ત ગેરેન્ટેડ લોન ઉપલબ્ધ થઈ શકશે.



## આધારરૂપ સિદ્ધિઓ

2021-22માં દેશમાં અત્યાર સુધીનું સૌથી વધુ FDI આવ્યું છે.

નવું ભારત હવે નવા સામર્થ્ય સાથે આગળ વધી રહ્યું છે, 8-10 વર્ષ પહેલાં જે બેંકિંગ સિસ્ટમ પતનના આરે હતી તે હવે નફાકારક બની ગઈ છે.


ભારતમાં બેંકિંગ સિસ્ટમમાં આવેલી મજબૂતીનો લાભ મહત્તમ પ્રમાણમાં છેવાડાની વ્યક્તિ સુધી પહોંચે તે દિશામાં કામ ચાલી રહ્યું છે.

નાણાકીય સમાવેશને લગતી સરકારી નીતિઓએ ઔપચારિક રીતે કરોડો લોકોને નાણાકીય વ્યવસ્થાનો ભાગ બનાવ્યા છે.

20 લાખ કરોડથી વધુની મુદ્રા લોન કોઈપણ બેંક ગેરંટી વિના આપવામાં આવી છે. આનાથી યુવાનોના સપના પૂરા કરવાનું શક્ય બની રહ્યું છે.

પીએમ સ્વનિધિ યોજનાના માધ્યમથી, 40 લાખથી વધુ શેરી પરના ફેરિયાઓ અને નાના દુકાનદારોને પ્રથમ વખત બેંકો તરફથી મદદ મળી છે.

### કુલ કરની આવક



₹ 11 લાખ કરોડ
2013-14

₹ 33 લાખ કરોડ
2023-24

### વ્યક્તિગત આવકવેરા રીટર્ન ફાઈલ થયા



3 કરોડ
2013-14

6 કરોડ
2020-21

## અમલીકરણની સફર...

- આજનું ભારત નવી ક્ષમતાઓ સાથે આગળ વધી રહ્યું છે અને જે લોકો ભારતના નાણાકીય જગતમાં કામ કરી રહ્યા છે તેમની જવાબદારી પણ વધી ગઈ છે.
- વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભરતાનું વિઝન એક રાષ્ટ્રીય જવાબદારી છે. તેના કારણે સ્થાનિક ઉત્પાદનમાં વધારો થવાની સાથે સાથે નિકાસમાં પણ વિક્રમી પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે.
- નિકાસ વધી રહી છે જેનો અર્થ એવો છે કે, ભારતની બહાર વધુને વધુ તકો ઊભી થઈ રહી છે. આવી સ્થિતિમાં, દરેક વ્યક્તિ જવાબદારી લઈ શકે છે કે તેઓ સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપશે, તેઓ એન્ટરપ્રાઈઝને પ્રોત્સાહિત કરશે.
- અલગ અલગ જૂથો, સંગઠનો, ચેમ્બર ઓફ કોમર્સ, જેટલા પણ વ્યાપાર અને ઉદ્યોગ સંગઠનો છે, તેઓ સાથે મળીને ઘણા પગલાં લઈ શકે છે.
- ભારતમાં જ ક્ષમતા નિર્માણ કરીને દેશના પૈસા બચાવી શકાય છે. ઉચ્ચ શિક્ષણ, ખાદ્યતેલ વગેરેમાં હજારો કરોડો રૂપિયા બહાર જઈ રહ્યા છે. આ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનીને તે પૈસા બચાવવાનું કામ કરવું જોઈએ.
- વિવિધ ભૌગોલિક વિસ્તારો, આર્થિક ક્ષેત્રોની પ્રગતિ માટે ખાનગી ક્ષેત્રે વધુને વધુ સહકાર આપવો પડશે. દેશના ખાનગી ક્ષેત્રેએ સરકારની જેમ જ રોકાણ વધારવું જોઈએ જેથી દેશને તેનો મહત્તમ લાભ પ્રાપ્ત થઈ શકે.
- GST લાવવાથી દેશમાં આવકવેરા અને કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો થવાથી ભારતમાં ટેક્સ ઘણો નીચે આવ્યો છે. નાગરિકો પર કરનો બોજ ઓછો થઈ રહ્યો છે પરંતુ કુલ કરની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે.
- ટેક્સ બેઝમાં વધારો એ વાતનો પુરાવો છે કે લોકોને સરકારમાં વિશ્વાસ છે. તેઓ માને છે કે તેઓ જે ટેક્સ ચૂકવી રહ્યા છે તે માત્ર સાર્વજનિક વસ્તુઓ માટે ખર્ચવામાં આવી રહ્યો છે.
- ભારત પાસે એવા પ્રતિભાશાળી લોકો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેટર્સ છે જેઓ આપણી નાણાકીય વ્યવસ્થાને ટોચ પર લઈ જઈ શકે છે. ઈન્ડસ્ટ્રી 4.0ના આ યુગમાં, ભારત આજે જે પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવી રહ્યું છે તે સમગ્ર વિશ્વ માટે એક મોડેલ બની રહ્યું છે.
- GeM એટલે કે ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસની મદદથી ભારતના દૂર-દૂરના વિસ્તારોમાં રહેતા નાના દુકાનદારોને પણ તેમનો માલ સીધો સરકારને વેચવા માટે તેમને સમર્થ બનાવી શકાયા છે.
- ભારત જે રીતે ડિજિટલ કરન્સીમાં આગળ વધી રહ્યું છે, તે પણ અભૂતપૂર્વ છે. આઝાદીના 75માં વર્ષમાં 75,000 કરોડ ટ્રાન્ઝેક્શન ડિજિટલ માધ્યમથી થયા છે. આ બાબત દર્શાવે છે કે UPIનું કેટલી હદે વિસ્તરણ થયું છે.
- અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે નાનામાં નાની ખરીદીનું પણ બિલ લેવું જોઈએ અને લોકોએ આ અંગે જાગૃત રહેવું જોઈએ.

## મહિલાઓનું આર્થિક સશક્તિકરણ

# નારીના નેતૃત્વમાં વિકાસને મળી રહી છે નવી દિશા

આરોગ્ય ક્ષેત્ર હોય કે રમતગમતનું ક્ષેત્ર, વ્યવસાય હોય કે રાજનીતિનું ક્ષેત્ર, ભારતમાં મહિલાઓની ભાગીદારીમાં માત્ર વધારો જ નથી થયો પરંતુ દરેક ક્ષેત્રમાં તેઓ નેતૃત્વ પણ કરી રહી છે. છેલ્લા 9 વર્ષમાં દેશ નારી સશક્તિકરણ અને મહિલાઓના નેતૃત્વમાં વિકાસના વિઝન તરફ આગળ વધી રહ્યો છે. હવે G-20ની અધ્યક્ષતા કરી રહેલા ભારતે આ બાબતને વિશ્વના એજન્ડામાં સામેલ કરી છે. આ વર્ષનું સામાન્ય બજેટ પણ મહિલાઓના નેતૃત્વમાં વિકાસને નવી ગતિ આપનારું છે કારણ કે નારી શક્તિની સંકલ્પ શક્તિ, ઈચ્છા શક્તિ, કલ્પના શક્તિ, નિર્ણય શક્તિ, ઝડપી નિર્ણય લેવાનું તેમનું સામર્થ્ય નિર્ધારિત લક્ષ્યોને પ્રાપ્ત કરવાની તેમની તપસ્યા, તેમના પરિશ્રમની પરાકાષ્ઠા, આ બધું જ માતૃશક્તિનું એક પ્રતિબિંબ છે.



## બજેટમાં જોગવાઈ

- મહિલા સન્માન બચત પત્ર યોજનામાં મહિલાઓને 7.5% વાર્ષિક વ્યાજ દર આપવામાં આવશે.
- પીએમ આવાસ યોજના માટે 79 હજાર કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે. પીએમ આવાસ યોજનામાં ઘરની ફાળવણીમાં મહિલાઓને માલિકી હક્ક આપવાની પ્રાથમિકતા છે.
- મહિલાઓના 81 લાખ સ્વ-સહાય જૂથોને મોટા ઉત્પાદક સાહસો બનાવીને મોટા પાયે જોડવામાં આવશે.
- 1 કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ સાથે જોડાયેલી મહિલાઓને પણ ધ્યાનમાં રાખવામાં આવી છે.





## આધારરૂપ સિદ્ધિઓ

- ભારતના સામાજિક જીવનમાં ખૂબ જ મોટું ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે મહિલા સશક્તિકરણ માટે જે રીતે કામ કર્યું છે, તેના પરિણામો આજે સામે દેખાઈ રહ્યા છે.
- ભારતમાં પુરૂષોની સરખામણીએ મહિલાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.
- છેલ્લા લગભગ 9 વર્ષોમાં, હાઈસ્કૂલ અથવા તેનાથી આગળ અભ્યાસ કરતી છોકરીઓની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે.
- ભારતમાં, વિજ્ઞાન-ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના ક્ષેત્રોમાં છોકરીઓની નોંધણી આજે 43 ટકા સુધી પહોંચી ગઈ છે, જે અમેરિકા, યુનાઈટેડ કિંગડમ, જર્મની જેવા સમૃદ્ધ અને વિકસિત દેશોની તુલનામાં સૌથી વધુ છે.
- મુદ્રા લોનના લાભાર્થીઓમાં લગભગ 70 ટકા લાભાર્થીઓ દેશની મહિલાઓ છે.
- આજે દેશમાં પ્રત્યેક પાંચમાંથી એક બિનખેતી વ્યવસાય મહિલાઓ દ્વારા સંભાળવામાં આવે છે. છેલ્લા 9 વર્ષમાં સાત કરોડથી વધુ મહિલાઓ સ્વ-સહાય જૂથોમાં જોડાઈ છે અને વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહી છે.
- 9 વર્ષમાં આ સ્વ-સહાય જૂથોએ 6.25 લાખ કરોડ રૂપિયાની લોન લીધી છે.
- ભારતમાં વિતેલા વર્ષોમાં, પીએમ આવાસ યોજના હેઠળ 3 કરોડથી વધુ મકાનો બનાવવામાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના મકાનો મહિલાઓના નામે છે.

GeM Government e Marketplace — GEM પોર્ટલ અને ઈ-કોમર્સ પણ મહિલાઓના વ્યવસાયનું વિસ્તરણ કરવાના માધ્યમ બની રહ્યા છે.

## અમલીકરણની સફર...

- દેશની અડધી વસ્તીના સામર્થ્ય સાથે દેશને કેવી રીતે આગળ લઈ જઈ જવો, નારી શક્તિના સામર્થ્યમાં કેવી રીતે વધારો કરવો તેનું પ્રતિબિંબ પણ આ બજેટમાં જોવા મળી રહ્યું છે, જેને સૌના સહકારથી આગળ લઈ જવામાં આવી રહ્યું છે.
- સહકારી ક્ષેત્રમાં પણ મહિલાઓએ મુખ્ય ભૂમિકા ભજવી છે. આગામી વર્ષોમાં 2 લાખથી વધુ બહુલક્ષી સહકારી, ડેરી સહકારી અને મત્સ્યઉદ્યોગ સહકારીની રચના થવાની છે.
- 1 કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. આમાં મહિલાઓ ખેડૂતો અને ઉત્પાદક જૂથોની ભૂમિકા ઘણી મોટી હોઈ શકે છે. આમાં સ્વ-સહાય જૂથની મહિલાઓને પણ તક મળશે.
- મહિલાઓને આદિવાસી વિસ્તારોમાં ઉગાડવામાં આવતા શ્રી અન્નનો પરંપરાગત અનુભવ છે. શ્રી અન્નના માર્કેટિંગથી લઈને તેમાંથી બનાવેલા પ્રોસેસ્ડ ફૂડ સુધીની તકોને આગળ વધારવી પડશે.
- છોકરીઓના કૌશલ્ય વિકાસમાં પીએમ વિશ્વકર્મા યોજના એક મોટા સેતુ તરીકે કામ કરશે.
- આઝાદી બાદ નાગાલેન્ડમાં પ્રથમ વખત થોડા દિવસ પહેલા જ બે મહિલાઓ ધારાસભ્ય બની છે. તેમાંથી એકને મંત્રી પણ બનાવવામાં આવ્યા છે. મહિલાઓના સન્માન અને સમાનતાની ભાવના આગળ વધારીને જ ભારત ઝડપથી પ્રગતિ કરી શકે છે.
- જ્યારે દીકરીઓ સેનામાં જોડાય છે અને દેશનું રક્ષણ કરતી જોવા મળે છે, રાફેલ ઉડતી જોવા મળે છે, ત્યારે તેમના વિશેની વિચારસરણી પણ બદલાઈ જાય છે. જ્યારે મહિલાઓ ઉદ્યોગસાહસિક બને છે, નિર્ણયો લે છે, જોખમ ઉપાડે છે, ત્યારે તેમના વિશેની વિચારસરણી પણ બદલાય છે.
- તમામ હિતધારક મહિલાઓ- બહેનો- દીકરીઓ સમક્ષત આવી રહ્યા હોય તેવા દરેક અવરોધ દૂર કરવાના સંકલ્પ સાથે આગળ વધીએ.

“

આપણા સૌની એટલે કે આપણામાંથી દરેક વ્યક્તિની જવાબદારી છે કે આપણે આ પ્રગતિને વેગ આપીએ. તેથી આજે હું તમને બધાને વિનંતી કરવા માંગુ છું કે તમે તમારા પરિવાર, પડોશમાં અથવા કાર્યસ્થળમાં પરિવર્તન લાવવા માટે પોતાને સમર્પિત કરો. એવું કોઈપણ પરિવર્તન જે નાની બાળકીના ચહેરા પર સ્મિત લાવી દે, એવું કોઈપણ પરિવર્તન જે તેના માટે જીવનમાં આગળ વધવાની તકો વધારશે. આપ સૌને આ વિનંતી હું મારા હૃદયના ઊંડાણમાંથી કરું છું.

**- દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ**

કર્ણાટકને 16,000 કરોડ રૂપિયાની પરિયોજનાઓની ભેટ આપી

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા કર્ણાટકના વિકાસને ગતિ મળી રહી છે



**ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના વિકાસની ગતિ સમગ્ર દેશમાં વિશ્વ સ્તરીય કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનનો પુરાવો આપે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોતાની સાથે માત્ર સુવિધા જ નથી લાવતું પરંતુ રોજગાર, રોકાણ અને કમાણીનાં માધ્યમો પણ લઈ આવે છે. માત્ર કર્ણાટકમાં જ, કેન્દ્ર સરકારે ધોરીમાર્ગોના નિર્માણના પ્રોજેક્ટ્સ માટે વર્ષોથી રૂ. 1 લાખ કરોડથી વધુનું મૂડી રોકાણ કર્યું છે. આ પ્રયાસમાં આગળ વધતા, પ્રધાનમંત્રી મોદીએ 12 માર્ચે કર્ણાટકની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે લગભગ રૂ. 16,000 કરોડના મૂલ્યની વિવિધ માળખાકીય સુવિધાઓ સહિત અલગ અલગ વિકાસલક્ષી પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો...**

કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે સાથે ઈઝ ઓફ લિવિંગ રેન્કિંગમાં સુધારો કરવો પણ એટલો જ જરૂરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર છેવાડાની વ્યક્તિ સુધી પહોંચવા માટે અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થાય તેવું સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતાની ઝલક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં કર્ણાટકની મુલાકાત લીધી ત્યારે જોવા મળી હતી. અહીં તેમણે IIT ધારવાડ, બેંગલુરુ-મૈસૂર એક્સપ્રેસ-વે સહિત અનેક વિકાસલક્ષી યોજનાઓનું ઉદ્ઘાટન કર્યું હતું અને શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, "ધારવાડમાં IITનું નવું સંકુલ કર્ણાટકની વિકાસ યાત્રામાં એક નવો અધ્યાય લખી રહ્યું છે. એક સંસ્થા તરીકે, અહીંની હાઈ-ટેક સુવિધાઓ IIT ધારવાડને વિશ્વની શ્રેષ્ઠ સંસ્થાઓની સમકક્ષ પહોંચવા માટે તેને પ્રેરણા આપશે."



## બેંગલુરુ-મૈસુર એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન

- આ પ્રોજેક્ટમાં NH-275ના બેંગલુરુ-નિદાઘટ્ટા-મૈસુર સેક્શનને 6-માર્ગીય બનાવવાની કામગીરીનો સમાવેશ થાય છે.
- 118 કિલોમીટર લાંબો માર્ગ બનાવવાનો આ પ્રોજેક્ટ કુલ રૂ. 8,480 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.
- આનાથી બેંગલુરુ અને મૈસુર વચ્ચેનો મુસાફરીનો સમય 3 કલાકથી ઘટીને લગભગ 1 કલાક 15 મિનિટ થઈ જશે. આનાથી સમગ્ર વિસ્તારના સામાજિક-આર્થિક વિકાસને વેગ મળશે.




## મૈસુર-ખુશાલનગર ધોરીમાર્ગનો શિલાન્યાસ

- 92 કિલોમીટર લાંબો આ પ્રોજેક્ટ લગભગ 4,130 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ બેંગલુરુ સાથે ખુશાલનગરની પરિવહનની કનેક્ટિવિટી વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને મુસાફરીનો સમય લગભગ 5 કલાકથી ઘટાડીને 2.5 કલાક કરવામાં મદદ કરશે.

# ધારવાડમાં IITના નવા સંકુલનું રાષ્ટ્રને લોકાર્પણ

- IIT ધારવાડના સંકુલનું રાષ્ટ્રને લોકાર્પણ કરવામાં આવ્યું. 850 કરોડ રૂપિયા કરતાં વધુના ખર્ચે તૈયાર થયેલી આ સંસ્થાનો શિલાન્યાસ પણ ફેબ્રુઆરી 2019માં પ્રધાનમંત્રી મોદીએ જ કર્યો હતો.
- શ્રી સિદ્ધરૂઢ સ્વામીજી હુબલી સ્ટેશન પર વિશ્વના સૌથી લાંબા રેલ્વે પ્લેટફોર્મનું ઉદ્ઘાટન કરાયું. આ રેકોર્ડને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવી છે. આ 1507 મીટર લાંબુ આ પ્લેટફોર્મ લગભગ 20 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.
- કાયાકલ્પ કરવામાં આવેલા હોસપેટે જંક્શન રેલ્વે સ્ટેશનનું ઉદ્ઘાટન કરાયું. રૂપિયા 530 કરોડ કરતાં વધુના ખર્ચે પુનર્વિકસિત હોસપેટે સ્ટેશન મુસાફરોને આરામદાયક અને આધુનિક સુવિધાઓ પ્રદાન કરશે. તેને હમ્પીના સ્મારકો સાથે તાલમેલ બેસે તેવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે.
- હુબલી-ધારવાડ સ્માર્ટ સિટીમાં રૂપિયા 520 કરોડના અંદાજિત ખર્ચ સાથે વિવિધ વિકાસલક્ષી કાર્યોનો શિલાન્યાસ કરાયો અને લોકાર્પણ કરાયું.
- જયદેવ હોસ્પિટલ અને સંશોધન કેન્દ્રનો શિલાન્યાસ કરાયો. આ હોસ્પિટલ લગભગ 250 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવશે.
- આ પ્રદેશમાં પાણી પુરવઠાની સુવિધામાં હજી વધારો કરવા માટે, પ્રધાનમંત્રી મોદીએ ધારવાડ બહુગ્રામ જલપૂર્તિ યોજનાનો શિલાન્યાસ કર્યો છે, જે રૂ. 1,040 કરોડથી વધુના ખર્ચે વિકસિત કરવામાં આવશે.
- રૂપિયા 150 કરોડના ખર્ચે પૂર્ણ થનાર તુપ્પરીહલ્લા ફ્લડ ડેમેજ કંટ્રોલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે.

કર્ણાટકના માંડ્યામાં વિકાસલક્ષી કાર્યોના લોકાર્પણ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "છેલ્લા કેટલાય દિવસથી દેશમાં બેંગલુરુ-મૈસુર એક્સપ્રેસ-વેની ખૂબ ચર્ચા થઈ રહી છે. એક્સપ્રેસ-વે સાથે જોડાયેલી તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. તમામ દેશવાસીની અને આપણા યુવાનોની ઈચ્છા રહી છે કે આવા શાનદાર અને આધુનિક એક્સપ્રેસ વે ભારતમાં દરેક જગ્યાએ બાંધવામાં આવે. બેંગલુરુ-મૈસુર એક્સપ્રેસ વે જોઈને આપણા દેશના યુવાનો ગૌરવથી છલકાઈ રહ્યા છે. આ એક્સપ્રેસ વે શરૂ થવાથી, મૈસુર અને બેંગલુરુ વચ્ચેનો મુસાફરીનો સમય હવે અડધાથી પણ ઓછો થઈ ગયો છે." પ્રધાનમંત્રી મોદીએ મૈસુર-ખુશાલનગર ફોર લેન માર્ગનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ તમામ પ્રોજેક્ટ આ વિસ્તારમાં સૌના વિકાસના પ્રયાસોને વેગ આપશે અને સમૃદ્ધિનો માર્ગ પણ મોકળો કરશે. આજે દેશમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઝડપી ગતિએ કામ ચાલી રહ્યું છે. ભારતમાલા અને સાગરમાલા યોજનાઓથી કર્ણાટક અને દેશનું પરિદ્રશ્ય બદલાઈ રહ્યું છે. કર્ણાટકમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "અગાઉના સમયમાં રાજકીય નફા-નુકસાનને ધ્યાનમાં રાખીને જ રેલ અને માર્ગ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવતી હતી. અમે સમગ્ર દેશ માટે પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન લઈને આવ્યા છીએ. જેથી દેશમાં જ્યાં પણ જરૂર હોય ત્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ ઝડપી ગતિએ થઈ શકે." દુનિયા જ્યારે કોરોનાથી ઉભી થયેલી મુશ્કેલીઓ સામે ઝઝૂમી રહી હતી ત્યારે પણ ભારતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બજેટમાં બે ગણો વધારો કર્યો છે.●



# હરિત યાત્રા

# વિકલ્પની મૂક ક્રાંતિ ફેમ ઈન્ડિયા

ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનોને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવેલી ફાસ્ટર એડપ્શન એન્ડ મેન્યુફેક્ચરિંગ ઓફ હાઈબ્રિડ એન્ડ ઈલેક્ટ્રિક વ્હીકલ (FAME) યોજના, ભારતને પરવડે તેવા અને હરિત ટ્રાન્સપોર્ટેશનના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. સરકારી સહાયતા મળી હોવાથી ખાનગી ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના વપરાશકારોની સંખ્યા વધી રહી છે. આના કારણે શહેરોના ગરીબ અને મધ્યમ વર્ગને ધુમાડો છોડતી બસોમાંથી મુક્તિ મળી રહી છે. 1 એપ્રિલ 2015ના રોજ શરૂ કરવામાં આવેલી ફેમ ઈન્ડિયા યોજનાથી જનતા જનાર્દનને સબસિડી મળી રહી છે અને રાષ્ટ્રીય ઈંધણ સુરક્ષા મિશનને તેમજ ભારતના નેટ ઝીરો લક્ષ્યને મજબૂતી મળી રહી છે...

કેન્દ્ર સરકારે હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે તેમજ રાષ્ટ્રીય ઈંધણ સુરક્ષાના ઉદ્દેશ્યો માટે 2013માં નેશનલ ઈલેક્ટ્રિક મોબિલિટી મિશન પ્લાન-2020નો પ્રારંભ કર્યો હતો. આના ભાગરૂપે, ભારે ઉદ્યોગ મંત્રાલયે 2015માં હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન અને ઉપયોગને ઝડપથી વધારવા માટે ફેમ ઈન્ડિયા નામની એક યોજના શરૂ કરી છે. તેનો પ્રથમ તબક્કો 2015માં શરૂ કરવામાં આવ્યો હતો જે 31 માર્ચ 2019 સુધી ચાલ્યો હતો. આના માટે 895 કરોડ રૂપિયાની બજેટ જોગવાઈ કરવામાં આવી હતી. તે મૂળભૂત રીતે ટેક્નોલોજી વિકાસ, માંગમાં વૃદ્ધિ, પાયલોટ પરિયોજનાઓ અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવા જેવા ચાર ઉદ્દેશ્યો પર કેન્દ્રિત હતો.

નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્ય અને ઈંધણની આયાત પર ખર્ચ કરવામાં આવતા વિદેશી હૂંડિયામણને બચાવવાના સંકલ્પને પ્રથમ તબક્કાના કારણે વધારે મજબૂતી મળી. ઈલેક્ટ્રિક વાહનો ખરીદનારા લોકોની સંખ્યા તો વધી જ છે, સાથે સાથે રાજ્ય સરકારો પણ ઈલેક્ટ્રિક બસોને સેવામાં મૂકવા માટે આગળ આવી છે.. આ બાબતને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે માત્ર ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો નથી કર્યો, પરંતુ લગભગ રૂ. 44 હજાર કરોડના મૂલ્યના ઈલેક્ટ્રિક વાહનો સંબંધિત બે પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજના પણ શરૂ કરી છે.

### પ્રથમ તબક્કામાં 2.80 લાખથી વધુ ઈલેક્ટ્રિક વાહનો લોન્ચ કરવામાં આવ્યા છે

યોજનાના પ્રથમ તબક્કામાં 2.8 લાખ ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનો ખરીદવામાં આવ્યા હતા જેના માટે 359 કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવી હતી. 280 કરોડના સરકારી ખર્ચ સાથે 425 ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ બસોને દેશની સેવામાં શરૂ કરવામાં આવી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત કરવા માટે 520 ચાર્જિંગ સ્ટેશનના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મંજૂરી આપવામાં આવી છે.

### ડિસેમ્બર, 2022 સુધીમાં બીજા તબક્કામાં 7.66 લાખથી વધુ વાહનોને સબસિડી

યોજનાના બીજા તબક્કામાં, ડિસેમ્બર 2022 સુધીમાં 7.66 લાખથી વધુ ઈલેક્ટ્રિક-હાઈબ્રિડ વાહનો માટે 3,311 કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવી છે. એવી જ રીતે, 65 શહેરો માટે 6315 ઈ-બસ અને 68 શહેરોમાં 2877 ચાર્જિંગ સ્ટેશનો શરૂ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે. આ સમય દરમિયાન 132 ઈલેક્ટ્રિક વ્હીકલ મોડલને રજીસ્ટ્રેશન આપવામાં આવ્યું છે.


## ફેમ ઈન્ડિયા તબક્કા-2માં વાહનની કિંમતના 40% સુધીની છૂટ

- ફેમ ઈન્ડિયા તબક્કો-2 મુખ્યત્વે જાહેર અને સહિયારી પરિવહન પ્રણાલીને ઈલેક્ટ્રિક વાહનોમાં રૂપાંતરિત કરવા માટે શરૂ કરવામાં આવ્યો છે. આ તબક્કા અંતર્ગત 7090 ઈ-બસ, 5 લાખ ઈ-થ્રી વ્હીલર, 55 હજાર ઈ-ફોર વ્હીલર પેસેન્જર કાર અને 10 લાખ ઈ-ટુ-વ્હીલર માટે માંગ પ્રોત્સાહન અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવા માટે પણ સહાય આપવામાં આવી રહી છે.
- ઈલેક્ટ્રિક વાહન ખરીદનારા લોકોને વાહનની ખરીદી કિંમત પર તાત્કાલિક ડિસ્કાઉન્ટના રૂપમાં પ્રોત્સાહન આપવામાં આવે છે, જે બૅટરીની ક્ષમતાના આધારે વધુ કે ઓછું હોઈ શકે છે.
- ઈ-થ્રી વ્હીલર અને ઈ-ફોર વ્હીલર વાહનો માટે, 10,000 રૂપિયા પ્રતિ કિલોવોટ કલાકનું પ્રોત્સાહન આપવામાં આવે છે, જે વાહનની કિંમતના મહત્તમ 20%ને આધીન છે.
- ઈ-ટુ વ્હીલર વાહનોના કિસ્સામાં, વાહનની કિંમતના મહત્તમ 40%ને આધીન રૂ. 15,000 પ્રતિ કિલોવોટ કલાકનું પ્રોત્સાહન આપવામાં આવે છે.

## ખરાબ બૅટરીનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવશે

ભારત સરકારે 24 ઑગસ્ટ 2022ના રોજ બૅટરી વેસ્ટ મેનેજમેન્ટ નિયમો 2022 બહાર પાડ્યા છે જેથી ઈલેક્ટ્રિક વાહનની બૅટરી સહિત બૅટરીના કચરાનું પર્યાવરણીય રીતે યોગ્ય વ્યવસ્થાપન કરી શકાય. આ નિયમો બૅટરીના ઉત્પાદકો માટે સમયસર રિસાયક્લિંગ અને બૅટરીનું નવીનીકરણ કરવાનું કામ હાથ ધરવા માટેનું માળખું પૂરું પાડે છે. બૅટરી રિસાયકલ કરનારાઓ માટે બૅટરીમાંથી એક ઓછામાં ઓછા ટકા ઉપયોગમાં લઈ શકાય તેવા સામાનને કાઢી લેવાની જોગવાઈ કરવામાં આવી છે.


## પાંચ વર્ષમાં ફેમ ઈન્ડિયાનું બજેટ 35 ગણું વધ્યું




## સરકારના આ પગલાં ઈલેક્ટ્રિક વાહનોને પણ પ્રોત્સાહન આપી રહ્યા છે

- 15 સપ્ટેમ્બર 2021ના રોજ, ઓટોમોટિવ ક્ષેત્ર માટે રૂ. 25,938 કરોડની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આમાં, ઈલેક્ટ્રિક વાહનો માટે 18% સુધીની પ્રોત્સાહન રકમ આપવામાં આવે છે.
- સરકારે ઉન્નત રસાયણ સેલ માટે 12 મે 2021ના રોજ રૂ. 18,100 કરોડની PLI યોજનાને મંજૂરી આપી છે.
- 18 ઓક્ટોબર 2018થી બૅટરી અથવા ઈથેનોલ પર ચાલતા વાહનોને પરમિટની આવશ્યકતાઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.
- 2 ઑગસ્ટ 2021થી, બૅટરી દ્વારા સંચાલિત વાહનોના નોંધણી પ્રમાણપત્ર ઈશ્યુ કરવું, રીન્યૂ કરવું અથવા નવા નોંધણીકરણ ચિહ્નની ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે.
- ઈલેક્ટ્રિક વાહનો પર 12% GST લેવામાં આવતો હતો તેને ઘટાડીને 5% કરવામાં આવ્યો છે, ચાર્જર અને ચાર્જિંગ સ્ટેશનો પર GST 18%થી ઘટાડીને 5% કરવામાં આવ્યો છે.

## ઈલેક્ટ્રિક વાહનોના લાભો




ઈલેક્ટ્રિક વાહનોની એક મોટી વિશેષતા એ છે કે, તે સાયલન્ટ હોય છે. ટુ વ્હીલર હોય કે ફોર વ્હીલર, આ વાહનોમાંથી કોઈ અવાજ નથી આવતો. આ સાયલન્સ માત્ર તેના એન્જિનિયરિંગના કારણે નથી, પરંતુ તે દેશમાં એક સાયલન્ટ (મૂક) ક્રાંતિની શરૂઆત પણ છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

યોજનાનો બીજો તબક્કો 1 એપ્રિલ, 2019થી શરૂ કરવામાં આવ્યો હતો, જે માર્ચ 2024 સુધી ચાલશે. આના માટે 10 હજાર કરોડ રૂપિયાની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. ફેબ્રુઆરી 2023 સુધીમાં, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફેમ ઈન્ડિયા હેઠળ 7 હજારથી વધુ ઈલેક્ટ્રિક બસો ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે અને 10 લાખથી વધુ ઈલેક્ટ્રિક-હાઈબ્રિડ ખાનગી વાહનોની ખરીદી માટે સબસિડી આપવામાં આવી છે. ફેમ ઈન્ડિયામાં મળેલી સહાયની અસર એ જોવા મળી છે કે, ડિસેમ્બર 2022 સુધીમાં સમગ્ર દેશમાં 20.40 લાખ ઈલેક્ટ્રિક વાહનો નોંધાયા હતા, જેમાં વર્ષ 2022માં સૌથી વધુ 6.28 લાખ ટુ-વ્હીલર અને 3.38 લાખ થ્રી-વ્હીલરની નોંધણીનો સમાવેશ થાય છે. ●

## પ્રધાનમંત્રી મુદ્રા અને ઈ-નામ યોજના

# પ્રધાનમંત્રી મુદ્રા અને ઈ-નામ યોજના નાના વેપારીઓ અને ખેડૂતોનો મોટો સહારો

સહિયારા વિકાસ માટે અંતિમ છેડા અને છેવાડાની વ્યક્તિ સુધી પહોંચવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્ર સરકાર 'અંત્યોદય' માટે પ્રતિબદ્ધ છે. કેન્દ્ર સરકાર સર્વજન હિતાય, સર્વજન સુખાયના મોટા સંકલ્પને ચરિતાર્થ કરવા અનેક યોજનાઓ સાથે આગળ વધી રહી છે. આ શ્રેણીમાં જ, નાના વેપારીઓને મોટો આધાર આપનારી 8 એપ્રિલ 2015ના રોજ શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી મુદ્રા યોજના અને ખેડૂતો માટે ‘એક રાષ્ટ્ર, એક બજાર’ની કલ્પના સાથે 14 એપ્રિલ 2016ના રોજ શરૂ કરવામાં આવેલી ઈ-નામ યોજનાનો સમાવેશ થાય છે. આ 7-8 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશીથી એક તરફ વેપારીઓ અને ખેડૂતો સશક્ત થઈ રહ્યા છે, તો સાથે સાથે તેઓ દેશના વિકાસમાં ભાગીદાર પણ બની રહ્યા છે...



# પીએમ મુદ્રા યોજના: નવા વેપારીઓ માટે મૂડીનો આધાર

એક સમય એવો હતો કે જ્યારે લોકોને ખૂબ જ ખરાબ અનુભવ થતો હતો. તેઓ કહેતા કે, "ભાઈ, મારે તો શાહુકાર પાસેથી જ પૈસા લેવા પડે છે. 24 ટકા, 30 ટકા વ્યાજ ચૂકવવું પડે છે." લોકોને આ બધી જાણે કે આદત પડી ગઈ હતી પરંતુ આજે પરિસ્થિતિ બદલાઈ રહી છે. જો આજે આ શક્ય બન્યું છે, તો તે પ્રધાનમંત્રી મુદ્રા યોજનાને કારણે છે, જેનો મંત્ર એવા લોકોને ભંડોળ પૂરું પાડવાનો છે જેમને ભંડોળ નથી મળતું. પ્રધાનમંત્રી મુદ્રા યોજના લોન (PMMY) દેશમાં મોટા પાયે નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી છે, જેનો હેતુ જરૂરિયાતમંદ લોકોને રૂ. 10 લાખ સુધીની લોન આપવાનો છે. આ યોજના દ્વારા કેન્દ્ર સરકારે એક નવો વિશ્વાસ જગાવ્યો છે કે, જો તમે દેશ માટે કામ કરી રહ્યા હોવ, દેશના વિકાસમાં ભાગીદાર હોવ, તો દેશ તમારી ચિંતા કરવા તૈયાર છે. મુદ્રા યોજનાએ એક એવું પ્લેટફોર્મ તૈયાર કર્યું છે કે જેની મદદથી આજે નાની-મોટી નાણાકીય વ્યવસ્થાઓ શરૂ થઈ ગઈ છે. તદ્દન સામાન્ય માણસની પણ ચિંતા કરવાનો કેન્દ્ર સરકારનો પ્રયાસ રહ્યો છે અને પ્રધાનમંત્રી મુદ્રા યોજના દેશની અર્થવ્યવસ્થાને જીવંત તેમજ તેજસ્વી બનાવવામાં ઘણી મોટી ભૂમિકા ભજવી રહી છે. સાથે જ, આ યોજના આજે સફળતાનો મંત્ર પણ બની ગઈ છે.

## યોજનાની સિદ્ધિઓ

### પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત સ્વીકૃત

**લોન** — **39.71** કરોડ અરજદારોને લોન આપવામાં આવી

**મંજૂર રકમ** — **22.48** લાખ કરોડ રૂપિયા મંજૂર

(આંકડા 3 માર્ચ 2023 સુધીના)

- ઉત્પાદન, સેવા, રીટેઈલ અને કૃષિ ક્ષેત્રે આવકમાં વૃદ્ધિ થવાની સાથે સાથે રોજગારીની તકો પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી મુદ્રા યોજના શરૂ કરવામાં આવી છે.
- આ યોજનામાં ત્રણ કેટેગરીમાં લોન આપવામાં આવે છે. શિશુ – રૂ. 50,000 સુધી, કિશોર – રૂ. 50,000 થી રૂ. 5 લાખ. તરુણ – 5 થી 10 લાખ રૂપિયા.
- લોન લેવા માટે કોઈ ગેરંટી જરૂરી નથી હોતી. મુદ્રા લોન ચૂકવવાની મહત્તમ મુદત 5 વર્ષ છે.
- આ યોજના હેઠળ, દુકાનદારો, ફળ-શાકભાજી વેચનારા, ટ્રક અથવા અન્ય વાહન ચાલકો, હોટેલ માલિકો, નાના ઉદ્યોગો, કારીગરો અને અન્ય લોકો લોન માટે અરજી કરી શકે છે.
- આ યોજનાનો લાભ લેવા માટે, અરજદારે મુદ્રા વેબસાઈટની મુલાકાત લઈને જરૂરી પ્રક્રિયાઓનું પાલન કરવું પડશે.

# ઈ-નામ દ્વારા ખેડૂતોને તેમની ઉપજ ગમે ત્યાં વેચવાનો અધિકાર મળ્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ખેડૂતોના હિત માટે સતત અને ઝડપથી કામ કરી રહી છે. નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ (ઈ-નામ) એ આ દિશામાં લેવામાં આવેલું એક મહત્વપૂર્ણ પગલું છે. ખેડૂતોને ફાયદો પહોંચાડવા અને તેમની ઉપજો વેચવાની રીતમાં પરિવર્તન લાવવા માટે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 14 એપ્રિલ 2016ના રોજ 8 રાજ્યોમાં 21 મંડીઓ (બજારો) સાથે 'ઈ-નામ' યોજના શરૂ કરી હતી. આ પહેલથી એક તરફ પારદર્શિતા આવી છે તો સાથે સાથે ખેડૂતોને પણ ઘણો ફાયદો થયો છે. આ યોજના ખેડૂત સમુદાય માટે ગેમ ચેન્જર છે અને તે ભારતમાં પ્રથમ વખત "એક રાષ્ટ્ર - એક બજાર"ની વિભાવના વિકસાવી રહી છે. ડૉ. ભીમરાવ આંબેડકરે પોતાનું જીવન ગરીબો, સૌથી પછાત વર્ગો અને ખેડૂતો માટે સમર્પિત કરી દીધું હતું, આ કારણે જ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાબાસાહેબની 125મી જન્મજયંતિના અવસર પર ખેડૂતો માટે રાષ્ટ્રીય કૃષિ બજાર ખોલવાનો નિર્ણય લીધો હતો.

| ઈ-નામ પર નોંધાયેલા ખેડૂતોની સંખ્યા | 22 રાજ્ય અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ઈ-નામ બજાર |
|---|---|
| **1,74,89,327** | **1260** |
| નોંધાયેલા વેપારી | FPO |
| **2,40,500** | **2,433** |

(આંકડા 3 માર્ચ સુધીના)

- ઈ-નામ ખેડૂતોને વધુ સારા ભાવ, સંચાલનમાં સરળતા, પારદર્શિતા અને ડિજિટાઈઝેશન દ્વારા નાગરિકોનું સશક્તિકરણ કરવામાં મદદ કરે છે.
- કિસાન ઈ-નામ પોર્ટલ પર નોંધણી કરવા માટે સ્વતંત્ર છે. તોલમાપમાં પારદર્શિતા લાવવા માટે, ઈલેક્ટ્રોનિક ત્રાજવાઓનો ઉપયોગ કરી શકાય છે અને BHIM ચુકવણી સુવિધાનો ઉપયોગ કરી શકાય છે.
- ખેડૂતો તેમની ઉપજ ઈ-નામ બજારોમાં ઑનલાઈન વેચાણ માટે અપલોડ કરી શકે છે. વેપારીઓ ગમે ત્યાંથી ઈ-નામ હેઠળ ખરીદી માટે બિડ પણ કરી શકે છે. ●




ભારતની G-20ની અધ્યક્ષતા

# વૈશ્વિક પડકારોના ઉકેલ આપતું ભારત

G-20ની પ્રથમ વખત યજમાની કરી રહેલું ભારત આ સમૂહના અધ્યક્ષ તરીકે તે વૈશ્વિક મંચ પર તેની ભૂમિકા ખૂબ જ સારી રીતે આગળ ધપાવી રહ્યું છે. G-20ની અધ્યક્ષતાની થીમ 'વસુધૈવ કુટુંબકમ્ - એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય' અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, "આ થીમ રાખવાનો હેતુ અને કાર્યવાહીમાં તે એકતાની જરૂરિયાતનો સંકેત આપે છે. એકતાની ભાવના દર્શાવે છે. આ માટે આપણે મતભેદોથી ઉપર ઉઠીને ઉકેલ શોધવા પડશે." માર્ચ મહિનાના પ્રથમ પખવાડિયામાં હરિયાણાના ગુરુગ્રામમાં ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથની પ્રથમ બેઠક, નવી દિલ્હીમાં G-20ના વિદેશ મંત્રીઓની બેઠક અને હૈદરાબાદમાં નાણાકીય સમાવેશ માટે વૈશ્વિક ભાગીદારીની બીજી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાલો, બેઠકોમાંથી જે ઉકેલો આવ્યા તેના પર એક નજર કરીએ...

### "વિકાસશીલ દેશોની વાત સાંભળ્યા વિના, કોઈ વૈશ્વિક નેતૃત્વનો દાવો કરી શકે નહીં"

"નાણાકીય સંકટ, આબોહવા પરિવર્તન, મહામારી, આતંકવાદ અને છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા યુદ્ધો સામે પ્રતિભાવ આપવામાં વૈશ્વિક શાસન નિષ્ફળ ગયું છે. લગભગ તમામ વિકાસશીલ દેશો આ નિષ્ફળતાના દુઃખદ પરિણામોનો સામનો કરી રહ્યા છે. વર્ષોની પ્રગતિ પછી પણ, દુનિયા ટકાઉક્ષમ વિકાસ ભાંગી પડવાની અણી પર આવીને ઉભી છે. વર્તમાન વૈશ્વિક સંજોગોને ધ્યાનમાં રાખીને, આપણે સૌએ સ્વીકારવું જોઈએ કે આજે બહુપક્ષવાદ પર સંકટ છે." G-20 વિદેશ મંત્રીઓની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલો આ વીડિયો સંદેશ સ્પષ્ટ કરે છે કે, G-20ની ભારતની અધ્યક્ષતાએ ગ્લોબલ સાઉથનો અવાજ ઉઠાવવાનો પ્રયાસ કર્યો છે.

**આપણે આ વર્ષે જાન્યુઆરીમાં વોઈસ ઓફ ગ્લોબલ સાઉથ સમિટ દ્વારા વિકાસશીલ દેશોની ખાદ્ય, ખાતર અને ઈંધણ સુરક્ષા સહિત વિવિધ ચિંતાઓ સાંભળી છે. આ પ્રકારના મુદ્દાઓને આંતરરાષ્ટ્રીય ચર્ચાના પરિઘમાંથી હટાવવા જોઈએ નહીં.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, વિશ્વને પ્રગતિ, વિકાસ, આર્થિક સમાયોજન, આપદા પ્રતિરોધકતા, નાણાકીય સ્થિરતા, સીમા પારથી થતી ગુનાખોરી, ભ્રષ્ટાચાર, આતંકવાદ અને ખાદ્ય તેમજ ઉર્જા સુરક્ષાના પડકારોનો સામનો કરવાની જરૂર હોવાથી તે, G-20 સામે મીટ માંડીને બેઠી છે. ઘણા વિકાસશીલ દેશો તેમના નાગરિકો માટે અન્ન અને ઊર્જા સુનિશ્ચિત કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. તેઓ સમૃદ્ધ દેશો દ્વારા થતા ગ્લોબલ વોર્મિંગના કારણે પણ સૌથી વધુ અસરગ્રસ્ત છે. તેથી કોઈપણ જૂથ તેમના નિર્ણયોથી અસરગ્રસ્ત થતા હોય તેવા લોકોનો અવાજો સાંભળ્યા વિના વૈશ્વિક નેતૃત્વનો દાવો કરી શકે નહીં.

રાજધાની દિલ્હીમાં 1 અને 2 માર્ચ દરમિયાન G-20ના વિદેશ મંત્રીઓની બેઠક યોજવામાં આવી હતી. અમૃતકાળથી સ્વર્ણિમકાળ તરફ મજબૂત રીતે આગળ વધી રહેલા ભારતની G-20ની અધ્યક્ષતા હેઠળ, વિદેશ મંત્રીઓએ વર્તમાન વૈશ્વિક પડકારો અંગે ચર્ચા કરી હતી. આ બેઠક દરમિયાન બહુપક્ષીયવાદ, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા, મહત્વાકાંક્ષી આબોહવા અને પર્યાવરણીય કાર્યવાહીને મજબૂત બનાવવી, ટકાઉક્ષમ વિકાસ પર સહકારને ગાઢ બનાવવો, આતંકવાદ વિરોધી કામગીરી, નશીલા દ્રવ્યો સામેની કાર્યવાહી, વૈશ્વિક આરોગ્ય, વૈશ્વિક પ્રતિભા સમૂહ, માનવતાવાદી સહાય અને આપદાના જોખમમાં ઘટાડો લાવવાની સાથે સાથે લૈંગિક સમાનતા અને મહિલા સશક્તિકરણના મુદ્દાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું હતું કે, એક વૈશ્વિક સંકટ વચ્ચે પહેલી વખત આજે આપણે એક સાથે આવ્યા છીએ, આજે ફરી વખત આપણે અનેક સંકટનો સામનો કરી રહ્યા છીએ. આમાં કોવિડ મહામારીની અસર, દેવાના સંકટ અંગેની ચિંતા અને આબોહવા સંબંધિત ઘટનાઓથી થતા વિક્ષેપો જેવા વિષયોનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે,



**ભારતે 78 દેશોમાં વિકાસના પ્રોજેક્ટ શરૂ કર્યા છે. વૈશ્વિક ઉકેલોમાં યોગદાન આપવાનો પ્રયાસ કર્યો છે. આજની પરિસ્થિતિની માંગ એવી છે કે, આપણે આપણી આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ નિભાવવાનું ચાલુ રાખીએ.**

**ચર્ચામાં આપણે એવા મુદ્દાઓને મંજૂરી ન આપવી જોઈએ કે, જેનો આપણે સાથે મળીને ઉકેલી ન લાવી શકીએ, જેથી કરીને જેનો ઉકેલી શકાય હોય તેવા મુદ્દાઓ આડા પાટે ન જતા રહે. એક તરફ વિકાસ અને કાર્યક્ષમતા અને બીજી તરફ અવરોધ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવામાં G-20 મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

એવું જરૂરી નથી કે આપણે આ મુદ્દાઓ પર સહમત થઈએ, પરંતુ આપણે સાથે મળીને તમામ પડકારોનો ઉકેલ લાવવો પડશે કારણ કે દુનિયા આપણી પાસેથી એવી જ અપેક્ષા રાખે છે.

## G-20ના વિદેશ મંત્રીઓ 22 મુદ્દાઓ પર સહમત થયા

G-20ના વિદેશ મંત્રીઓની બેઠકમાં 1-2 માર્ચના રોજ બે સત્રોમાં વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા પૂરી થયા બાદ, પ્રતિનિધિઓ 22 કરતાં વધુ મુદ્દાઓ પર સંમત થયા હતા. બેઠકનું પરિણામ અને તેનો સારાંશ જાણવા માટે, નીચે આપેલ લિંકની મુલાકાત લો.

https://www.g20.org/content/dam/gtwenty/gtwenty_new/document/FMM_OUTCOME_DOC.pdf

# વિકસિત ભારતમાં ભ્રષ્ટાચાર માટે શૂન્ય સહિષ્ણુતા પ્રશાસનિક ઈકોસિસ્ટમ



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતમાં ભ્રષ્ટાચાર માટે શૂન્ય સહિષ્ણુતા પ્રશાસનિક ઈકોસિસ્ટમની કલ્પના કરી છે. આના માટે અનેક સ્તરે ડિજિટાઈઝેશનને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે અને જે કાયદાઓ અવરોધો બનતા હતા તેને નાબૂદ કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ ઘણી વખત એવું કહ્યું છે કે- "સુરક્ષિત અને સંરક્ષિત વિશ્વ આપણી સહિયારી જવાબદારી છે. જ્યારે સારી શક્તિઓ સહકાર આપે છે, ત્યારે અપરાધની શક્તિઓ કામ કરી શકતી નથી."

ભારતની G-20ની અધ્યક્ષતા દરમિયાન, 13 વર્ષ પહેલાં ભ્રષ્ટાચાર વિરોધી પહેલમાં G-20 દેશોને માર્ગદર્શન આપવા માટે સ્થાપવામાં આવેલા ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી સમૂહની બેઠક હરિયાણાના ગુરુગ્રામમાં 1 માર્ચથી 3 માર્ચ દરમિયાન યોજવામાં આવી હતી. આ બેઠકમાં, ભ્રષ્ટાચાર સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિને સુનિશ્ચિત કરવા માટે અને આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી વ્યવસ્થાતંત્રને વધુ મજબૂત કરવા પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ભ્રષ્ટાચાર અને આર્થિક ગુનાઓ સામે લડવા, આર્થિક ગુનાઓ સાથે જોડાયેલી સંપત્તિની વસૂલાત કરવા સહિત એજન્ડામાં સમાવિષ્ટ ઉચ્ચ-સ્તરના સિદ્ધાંતો પર પ્રતિનિધિઓ વચ્ચે સર્વસંમતિ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

G-20 દેશોના ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી સમૂહની પ્રથમ બેઠકનું ઉદ્ઘાટન કેન્દ્રીય કર્મચારી અને PMO રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્રસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. ઈટાલીએ બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી. G-20 દેશોને આહ્વાન કરવામાં આવ્યું હતું કે તેઓ ભાગેડુ આર્થિક અપરાધીઓના ઝડપી પ્રત્યાર્પણ માટે બહુપક્ષીય પગલાં અપનાવે અને દેશ તેમજ વિદેશમાં તેમની સંપત્તિની રિકવરી કરે.

આ બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, આર્થિક ગુનાઓ એક સમસ્યા બની રહી છે અને તે પણ એવી સ્થિતિમાં જ્યારે ગુનેગારો દેશના અધિકારક્ષેત્રમાંથી ભાગી જાય છે. ભારત એવું માને છે કે, દેશ અને વિદેશમાં ગુનાખોરી દ્વારા ઉપાર્જિત કરેલી આવક જપ્ત કરવા અને ગુનેગારોને તેમના દેશમાં પાછા ફરવા દબાણ કરવા માટે એક મજબૂત વ્યવસ્થાતંત્ર હોવું જોઈએ. ભ્રષ્ટાચાર એ એક જટિલ સામાજિક, રાજકીય અને આર્થિક પડકાર છે જે તમામ દેશોને અસર કરે છે. વૈશ્વિકીકરણની દુનિયામાં ભ્રષ્ટાચાર G-20ની મર્યાદાઓથી વધુ અસરો ધરાવે છે. વૈશ્વિક આર્થિક સહયોગ માટે પ્રાથમિક મંચ તરીકે, G-20 ભ્રષ્ટાચારના જોખમનો સામનો કરવા માટે વૈશ્વિક પ્રયાસોનું નેતૃત્વ કરવાની જવાબદારી ધરાવે છે.

આ બેઠકમાં નિષ્ણાતોએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે ભ્રષ્ટાચાર એક અભિશાપ છે જે સંસાધનોના અસરકારક ઉપયોગ અને સમગ્ર પ્રશાસનને અસર કરે છે. હાંસિયામાં રહેતા ગરીબ લોકોને તે સૌથી વધુ અસર કરે છે. બેઠકમાં, તમામ સભ્ય દેશોએ ભવિષ્યની કાર્યવાહીના ક્ષેત્રો પર વિચાર વિમર્શ કર્યો કે, કેવી રીતે ભાગેડુ આર્થિક અપરાધીઓને ઝડપથી શોધીને તેમનું પ્રત્યાર્પણ કરી શકાય. વિદેશમાં આવેલી તેમની મિલકતોને દેશના કાયદાની પહોંચમાં લાવવાની પણ ચર્ચા થઈ. ગુનેગારોને નાસી છૂટતા રોકવા અને તેમને કાર્યવાહીના પરિઘમાં લાવવા અંગે પણ વિચારણા કરવામાં આવી હતી.

ઈવેન્ટ દરમિયાન, ભારતના અગ્રણી નિષ્ણાતોએ જાહેર સેવા વિતરણમાં ભ્રષ્ટાચારને રોકવા માટે ભારતે ICTની શક્તિનો જે રીતે ઉપયોગ કર્યો છે તે પણ દર્શાવ્યું હતું. આ સમૂહની બીજી બેઠક 25 થી 27 મે દરમિયાન ઋષિકેશમાં અને ત્રીજી બેઠક 9 થી 11 ઑગસ્ટ દરમિયાન કોલકાતામાં યોજાશે.

## ભારત અને ઈટાલી ત્રણ વર્ષ માટે GPFIના સહ-અધ્યક્ષ છે

ફાઈનાન્સ ટ્રેક હેઠળ ગ્લોબલ પાર્ટનરશિપ ફોર ફાઈનાન્સિયલ ઈન્ક્લુઝન (GPFI) કાર્યકારી સમૂહની બીજી બેઠક હૈદરાબાદમાં 6 થી 7 માર્ચ દરમિયાન યોજાઈ હતી. જાન્યુઆરી 2023માં કોલકાતામાં પ્રથમ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં નાણાં મંત્રાલયો, G-20 અને G-20 સિવાયના દેશોની કેન્દ્રીય બેંકો પ્રતિનિધિઓ અને GPFI અમલીકરણ ભાગીદારો સહિત આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભાગીદારી જોવા મળી હતી. આ બેઠક દરમિયાન ભારત અને ઈટાલીને નવા લાંબા ગાળાના સહ-અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. નવા સહ-અધ્યક્ષ ત્રણ વર્ષના સમયગાળા માટે ચૂંટવામાં આવ્યા છે અને તેમનો કાર્યકાળ 2024થી શરૂ થશે.


G20
भारत 2023 INDIA

# આગામી સમયમાં યોજનારી બેઠકો

## કુમારકોમ: શેરપાની બીજી બેઠક

ચમકતા પાણી સાથે બેકવોટરની એક ભુલભુલામણી, મેન્ગ્રોવના જંગલોની ઘટાદાર હરિયાળી, સમુદ્રકાંઠા પર નાળિયેરનાં વૃક્ષો, આસામની રંગનું આકાશ, પાણીમાં તરતા કરતા પ્રવાસી પક્ષીઓનાં ઝૂંડ – આ કુમારકોમ છે, વાસ્તવમાં પૃથ્વી પર આવેલી એક સ્વપ્નભૂમિ! આ પ્રખ્યાત પ્રવાસી બેકવોટર હબ વેમ્બનાડ તળાવના પૂર્વ કિનારે આવેલા ટાપુઓનો સમૂહ છે.

- પહેલી બેઠક ડિસેમ્બર 2022ની વચ્ચે રાજસ્થાનના ઉદયપુરમાં થઈ હતી.




વિકાસ કાર્યકારી સમૂહની બીજી બેઠક
**6 એપ્રિલથી 9 એપ્રિલ**

**કુમારકોમ, કેરળ : 2 એપ્રિલ**

## ગુવાહાટી: રોજગાર કાર્યકારી જૂથની બીજી બેઠક

ગુવાહાટી એ પ્રકૃતિ, સંસ્કૃતિ, વારસો, ધર્મ અને વાઈબ્રન્ટ નાઈટલાઈફનું સંપૂર્ણ મિશ્રણ છે. શહેરમાં ઉજવાતો સૌથી મહત્વપૂર્ણ તહેવાર બિહુ છે. મુખ્ય પ્રવાસન સ્થળોમાં કામાખ્યા મંદિર અને ઉમાનંદા ખાતેનો વિશ્વનો સૌથી નાનો વસવાટ ધરાવતો નદી ટાપુનો સમાવેશ થાય છે. નજીકમાં કાઝીરંગા નેશનલ પાર્ક છે – જે એક યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે, જ્યારે પોબીટોરા વન્યજીવન અભયારણ્ય એક શૃંગી ગેંડા જોવા મળતા હોવાથી તે વિશ્વ પ્રસિદ્ધ છે.




- રોજગાર કાર્યકારી સમૂહની પ્રથમ બેઠક ફેબ્રુઆરીમાં રાજસ્થાનના જોધપુરમાં યોજાઈ હતી.

**ગુવાહાટી, આસામ : 3-5 એપ્રિલ**

## સિલીગુડી: પ્રવાસન કાર્યકારી સમૂહની બીજી બેઠક

સિલીગુડી પશ્ચિમ બંગાળના ઉત્તરપૂર્વીય રાજ્યમાં આવેલું એક શહેર છે. તે 4T ની ભૂમિ તરીકે ઓળખાય છે, એટલે કે: 'ચા, પ્રવાસન, પરિવહન અને ઈમારતી લાકડા'. કંચનજંગા સ્ટેડિયમ અને હોંગકોંગ માર્કેટ પ્રખ્યાત પ્રવાસી આકર્ષણો છે. અહીં તમે હિમાલયની પર્વતમાળાના બરફથી ઢંકાયેલા શિખરોનો નજારો મેળવી શકો છો.



- શેરપા ટ્રેકના પ્રવાસન કાર્યકારી સમૂહની પ્રથમ બેઠક ફેબ્રુઆરીમાં ગુજરાતમાં કચ્છના રણમાં યોજાઈ હતી.

**સિલીગુડી, દાર્જીલિંગ : 1-4 એપ્રિલ**

## ગાંધીનગર: ઉર્જા કાર્યકારી સમૂહની બીજી બેઠક

ગુજરાતના પાટનગર ગાંધીનગરને તેના શાંત વાતાવરણ અને ભવ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે ઈકોપોલિટ સિટી અથવા કોસ્મોપોલિટ સિટી પણ કહેવામાં આવે છે. ગાંધીનગર તેના શિલ્પ કાર્યો જેમ કે લાકડામાં કોતરણી, ટેરાકોટાના કામ અને નવરાત્રિમાં દાંડિયા ઉત્સવ માટે જાણીતું છે. અક્ષરધામ મંદિર તેના પ્રખ્યાત પર્યટન આકર્ષણોમાં પૈકી એક છે.



- ઉર્જા ટ્રાન્ઝિશન કાર્યકારી સમૂહની પ્રથમ બેઠક ફેબ્રુઆરીમાં બેંગલુરુમાં યોજવામાં આવી હતી.

**ગાંધીનગર, ગુજરાત : 2-4 એપ્રિલ**

## વોશિંગ્ટન ડીસી: નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરોની બીજી બેઠક



G-20 દેશોના નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકોના ગવર્નરોની બીજી બેઠક 12થી 13 એપ્રિલ દરમિયાન અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં યોજાશે.

- પહેલી બેઠક ફેબ્રુઆરીમાં બેંગલુરુમાં યોજાઈ હતી.

**વોશિંગ્ટન ડીસી : 12-13 એપ્રિલ**



# બ્રિટિશ સામ્રાજ્ય સામે સંઘર્ષ કર્યો, લોકોને સંગઠિત કર્યા અને નવી ચેતના જગાડી

**એક સ્વતંત્ર અને આધુનિક રાષ્ટ્ર તરીકેનો આપણો ઈતિહાસ ભલે 75 વર્ષ જૂનો હોય પરંતુ આપણી સભ્યતા 5,000 વર્ષથી પણ વધુ જૂની છે. માનવ જ્ઞાનમાં પણ ભારતનું યોગદાન પ્રશંસનીય રહ્યું છે. દેશની પંચોતેર વર્ષની સિદ્ધિને નવી પેઢી સમક્ષ રજૂ કરવાની અને વૈશ્વિક સ્તરે જ્ઞાનની સરિતાનું વિસ્તરણ કરવાની દિશામાં એક વધુ સારા અને કેન્દ્રિત પ્રયાસ તરીકે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. સ્વતંત્ર ભારત આજે જે મુકામ પર પહોંચ્યું છે, તેનો પાયો એવા સ્વાતંત્ર્ય સેનાનીઓ છે જેમણે ભારતની આઝાદી દરમિયાન પોતાના લખાણો અને જનસંગઠનના નેતૃત્વ કૌશલ્ય દ્વારા લોકોના મનમાં રાષ્ટ્ર પ્રત્યે સ્વાભિમાન જગાડ્યું હતું. આવા સ્વાતંત્ર્ય સેનાનીઓમાં - સી.વાય. ચિંતામણી, સાગરમલ ગોપા, સી.એફ. એન્ડ્રૂઝ અને વી.વી. સુબ્રમણ્ય ઐયરનો સમાવેશ થાય છે. આઝાદીના અમૃત મહોત્સવ શ્રૃંખલાની આ કડીમાં, કેવી રીતે તેઓ માત્ર બ્રિટિશ સામ્રાજ્ય સામે માત્ર લડ્યા જ નહીં, પણ લોકોને સંગઠિત કરીને ચેતનાની નવી લહેર જગાવી તેના વિશે વાંચીએ...**



# સી.વાય. ચિંતામણી

## સ્વતંત્ર અને નીડર, સિદ્ધાંતો પ્રત્યે અડગ રહેનારા વ્યક્તિ

**જન્મ:** 10 એપ્રિલ 1880, **અવસાન:** 1 જુલાઈ 1941

મહાન રાષ્ટ્રવાદી નેતા અને સ્વાતંત્ર્ય સેનાની સી.વાય. ચિંતામણીનો જન્મ 10 એપ્રિલ 1880ના રોજ આંધ્રપ્રદેશના વિજયનગરમમાં થયો હતો. તેમનું પૂરું નામ ચિરાવુરી યજ્ઞેશ્વર ચિંતામણી હતું. ગરીબ પરિવારમાં જન્મ્યા હોવા છતાં ચિંતામણીએ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં ખ્યાતિ મેળવી હતી. તેમને પોતાની ગરીબી માટે ક્યારેય શરમ ન હતી આવી. કોઈપણ પ્રકારના દેખાડા અને આડંબરથી તેમને ખૂબ જ ઘૃણા હતી. એકવાર જ્યારે બિહારમાં ભયંકર ભૂકંપ આવ્યો ત્યારે કેટલાક લોકો તેમની પાસે દાન માંગવા આવ્યા હતા, પરંતુ તેમણે તેમની અપેક્ષા મુજબ રકમ નહોતી આપી. તેમના જેવી સામાજિક પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિ માટે દાનની આટલી રકમ પૂરતી માનવામાં આવતી ન હતી. પછી ચિંતામણીએ નમ્રતાપૂર્વક તે લોકોને કહ્યું કે, તેઓ આનાથી વધુ દાન કરવાની સ્થિતિમાં નથી. આ માટે તેમણે પોતાની પાસબુક લોકોને બતાવવામાં પણ જરાય ખચકાય નહોતો રાખ્યો. આ તેમની સાદગીનો પરિચય હતો.

> **ચિંતામણીનું જીવન એકદમ પારદર્શક હતું. તેઓ જેવું કહેતા હતા તેવું જ કરતા હતા. એવું માનવામાં આવે છે કે, ચિંતામણી અદભૂત યાદશક્તિ ધરાવતા હતા**

ચિંતામણીનું જીવન એકદમ પારદર્શક હતું અને તેઓ જે કંઈ પણ કહે તે પ્રમાણે કરતા હતા. કહેવાય છે કે ચિંતામણીની યાદશક્તિ અદભૂત હતી. કોઈના મોઢેથી જે કંઈ પણ સાંભળ્યું હોય તેને તેઓ ક્યારેય ભૂલતા નહોતા. તેઓ એક સારા વક્તા પણ હતા. તેમણે પોતાના જીવનનો મોટાભાગનો સમય પ્રયાગરાજમાં વિતાવ્યો હતો. ચિંતામણી તેમની યુવાવસ્થાના સમયથી જ ઉદાર વિચારોથી પ્રેરિત હતા. ગોપાલ કૃષ્ણ ગોખલેને પોતાના રાજકીય ગુરુ માનતા હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નરમપંથી નેતાઓથી પ્રભાવિત હતા. ચિંતામણી 1898માં પક્ષમાં જોડાયા હતા. તેમને વાઈઝેગ સ્પેક્ટેટર અખબારના તંત્રી બનાવવામાં આવ્યા હતા. તેઓ આ અખબારના તંત્રી બન્યા પછી તેનું નામ બદલીને ઈન્ડિયન હેરાલ્ડ રાખી દીધું હતું. જો કે, ચિંતામણીની પત્રકાર તરીકેની કારકિર્દીની પરાકાષ્ઠા ત્યારે જોવા મળી જ્યારે તેઓ ધ લીડર અખબારમાં જોડાયા. અલ્હાબાદથી પ્રકાશિત ધ લીડરને સંયુક્ત પ્રોવિન્સમાં અગ્રણી અંગ્રેજી રાષ્ટ્રવાદી અખબાર માનવામાં આવતું હતું. ધ લીડર પંડિત મદન મોહન માલવિયા, મોતીલાલ નેહરુ, સચ્ચિદાનંદ સિંહા અને તેજ બહાદુર સપ્રુ જેવા અગ્રણી રાષ્ટ્રવાદીઓનું સંયુક્ત સાહસ હતું. ચિંતામણીને ગણેન્દ્રનાથ ગુપ્તા સાથે આ અખબારના પ્રથમ સંયુક્ત તંત્રી બનાવવામાં આવ્યા હતા પરંતુ ટૂંક સમયમાં તેઓ ધ લીડરના સંપૂર્ણ તંત્રી બની ગયા. આ અખબારે બ્રિટિશ રાજ અને તેની નીતિઓની ભરપૂર ટીકા કરી હતી. ચિંતામણીએ 1918માં કોંગ્રેસ છોડીને સુરેન્દ્રનાથ બેનર્જી, દિનશૉ વાચા, ચીમનલાલ સેતલવાડ અને તેજ બહાદુર સપ્રુ સાથે લિબરલ પાર્ટીની રચના કરી અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે બંધારણીય પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું. ભારત સરકારના અધિનિયમ, 1919 હેઠળ, ચિંતામણીને યુનાઈટેડ પ્રોવિન્સના શિક્ષણ પ્રધાન બનાવવામાં આવ્યા હતા. 1927થી 1936ની વચ્ચે તેઓ ઉત્તરપ્રદેશ વિધાન પરિષદમાં વિપક્ષના નેતા બન્યા. 1930માં, તેમને લંડનમાં પ્રથમ ગોળમેજી પરિષદમાં પ્રતિનિધિ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું. સ્વતંત્ર અને નીડર, ચિંતામણી સિદ્ધાંતો પ્રત્યે અડગ રહેનારા વ્યક્તિ હતા. તેમને 1939માં નાઈટની ઉપાધી આપવામાં આવી હતી, તેમ છતાં તેમણે બ્રિટિશરાજ સામેની તેમની ટીકા ક્યારેય બંધ કરી ન હતી. સી.વાય. ચિંતામણીનું અવસાન થયું ત્યાં સુધી તેઓ ધ લીડરના તંત્રી રહ્યા હતા. 1 જુલાઈ 1941ના રોજ તેમનું અવસાન થયું હતું.



# વી.વી. સુબ્રમણ્ય અય્યર

## એવા રાષ્ટ્રવાદી જેઓ શસ્ત્રોના જોરે આઝાદી મેળવવામાં માનતા હતા

**જન્મઃ** 2 એપ્રિલ 1881, **અવસાનઃ** 3 જૂન 1925

સ્વતંત્રતા સેનાની અને ક્રાંતિકારી દેશભક્ત વી.વી. સુબ્રમણ્ય અય્યરનો જન્મ 2 એપ્રિલ 1881ના રોજ તત્કાલિન મદ્રાસ પ્રદેશના તિરુચિરાપલ્લી જિલ્લાના વરાકાનેરી ગામમાં થયો હતો. તેમનું પૂરું નામ વરાહનેરી વેંકટેશ સુબ્રમણ્ય અય્યર હતું. શિક્ષણ પૂરું કર્યા પછી તેમણે તેમના જિલ્લામાં વકીલાત કરવાનું શરૂ કર્યું હતું. બાદમાં વધુ સફળતા પ્રાપ્ત કરવાના હેતુથી તેઓ પહેલા રંગૂન ગયા અને પછી બેરિસ્ટર બનવા માટે ઈંગ્લેન્ડ ગયા હતા. લંડનમાં તેમણે બેરિસ્ટર ઓફ લૉની પરીક્ષા પાસ કરી હતી પરંતુ ડિગ્રી લેવાની ના પાડી દીધી હતી. અહીં જ તેમની મુલાકાત મહાત્મા ગાંધી સાથે થઈ હતી. તેઓ અહીં વીર સાવરકર અને શ્યામજી કૃષ્ણ વર્માને પણ મળ્યા હતા, જેઓ ત્યાં ભારતની આઝાદી માટે કામ કરી રહ્યા હતા. ત્યાં અય્યર અવારનવાર 'ઈન્ડિયા હાઉસ' પણ આવતા-જતા હતા, જે લંડનમાં ભારતીય રાષ્ટ્રવાદીઓનું મુખ્ય ઠેકાણું હતું. વીર સાવરકર અને વી.વી. સુબ્રમણ્ય અય્યર ટૂંક સમયમાં જ ગાઢ મિત્રો બની ગયા હતા. બાદમાં તેઓ ભારત આવ્યા અને સુબ્રમણ્યમ ભારતી અને મંડયમ શ્રીનિવાસચારી જેવા અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે પોંડિચેરી (હાલમાં પુડુચેરી)માં સ્થાયી થયા હતા.

સુબ્રમણ્ય ક્રાંતિકારી વિચારો ધરાવતા માણસ હતા. તેઓ એવું માનતા હતા કે શસ્ત્રોના જોરે પણ ભારતને આઝાદ કરી શકાય છે. તેમણે ક્રાંતિકારીઓ દ્વારા અત્યાચારી બ્રિટિશ શાસકોની હત્યાને સ્વતંત્રતાના સંગ્રામનો એક ભાગ ગણાવ્યો હતો. એવું કહેવાય છે કે પોંડિચેરી પહોંચીને તેમણે યુવાનોને શસ્ત્રો વાપરવાનું શીખવ્યું હતું અને દેશના અન્ય ક્રાંતિકારીઓને પણ શસ્ત્રો પહોંચાડ્યા. તેઓ એક પ્રખ્યાત તમિલ વિદ્વાન પણ હતા. આ ભાષાના વિકાસમાં પણ તેમનું ઘણું યોગદાન રહ્યું છે. વી.વી. સુબ્રમણ્ય અય્યરે સાવરકરને ભારતના જુદા જુદા ભાગોમાં, જેમાં ખાસ કરીને પંજાબ, મહારાષ્ટ્ર, બંગાળ, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં વિરોધ પ્રદર્શન યોજવામાં મદદ કરી હતી. તેમણે વીર સાવરકર દ્વારા મરાઠીમાં લખાયેલા પુસ્તક '1857 કા સ્વાતંત્ર્ય સમર'ના અંગ્રેજી અનુવાદમાં સહયોગ કર્યો હતો અને ભારતમાં ગુપ્ત રીતે તેનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. આ પુસ્તકનો તમિલમાં અનુવાદ પણ થયો હતો. તેમણે જીવનભર ધરપકડ ટાળવાનો પ્રયાસ કર્યો. જો કે, જ્યારે અંગ્રેજોએ તેમને કેદ કર્યા, ત્યારે તેમણે તે સમયનો ઉપયોગ મહત્વપૂર્ણ તમિલ સાહિત્યનો અંગ્રેજીમાં અનુવાદ કરવા માટે કર્યો. અય્યર 1917માં પોંડિચેરીની મુલાકાત દરમિયાન મહાત્મા ગાંધીને મળ્યા હતા અને અહિંસાના અનુયાયી બન્યા હતા. તેઓ બાળ ગંગાધર તિલકના પણ અનુયાયી હતા. અય્યર ઘણી ભાષાઓના જાણકાર હતા અને તમિલ મેગેઝિન 'દેશબક્થન'ના તંત્રી હતા. આજે પણ તેઓ આધુનિક તમિલ ટૂંકી વાર્તાના પિતામહ તરીકે ઓળખાય છે. 3 જૂન, 1925ના રોજ તેમનું અવસાન થયું.


### જેમ્સ અને જ્વેલરીના ક્ષેત્રમાં ભારત વિશ્વમાં અગ્રેસર

કહેવાય છે કે- પરિવર્તન વિના પ્રગતિ અશક્ય છે અને જે પોતાની વિચારસરણી બદલી શકતા નથી તેઓ કંઈપણ બદલી શકતા નથી. આઝાદીના અમૃતકાળમાં આ પરિવર્તન હવે આપણા જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રમાં પણ જોવા મળી રહ્યું છે. આ પરિવર્તનને કારણે, આપણા જેમ્સ અને જ્વેલરીના ક્ષેત્રમાં 'લોકલ ગોઝ ગ્લોબલ અને મેક ઈન ઈન્ડિયા, મેક ફોર વર્લ્ડ'ના ધ્યેયને પ્રાપ્ત કરવાની અને નવા ભારતનું પ્રેરક બળ બનવાની ક્ષમતા છે. ભારતનું જેમ્સ અને જ્વેલરી ક્ષેત્ર તેની આકર્ષકતા અને ઓછી કિંમતોના કારણે વિશ્વભરમાં જાણીતું છે. સાથે જ, આ ક્ષેત્ર નવા ભારતની ભાવનાનું પ્રતિક છે, જે કારીગરોને રોજગાર પ્રદાન કરે છે...

- 2021-22માં ભારતમાંથી લગભગ 3 લાખ કરોડ રૂપિયાના જેમ્સ અને જ્વેલરીની નિકાસ કરવામાં આવી હતી.
- કુલ ઘરેલું ઉત્પાદ (GDP)માં સોના અને હીરાનો વેપાર લગભગ 7 ટકા જેટલું યોગદાન આપે છે. આમાં 50 લાખથી વધુ લોકો કામ કરી રહ્યા છે.
- છેલ્લા બે દાયકામાં નિકાસ લગભગ 9 ગણી વધી છે.
- હીરા અને ચાંદીના આભૂષણોની નિકાસમાં ભારત પ્રથમ ક્રમે છે.

#### જેમ્સ અને જ્વેલરીની નિકાસ વધી રહી છે

ભારતમાંથી લગભગ 3 લાખ કરોડ રૂપિયાના જેમ્સ અને જ્વેલરીની નિકાસ કરવામાં આવી હતી




સ્રોતઃ આર્થિક સર્વેક્ષણ (2021-22, 2019-20), PIB, Dashboard



# સાગરમલ ગોપા

## જેમના બલિદાનથી આઝાદીના આંદોલનને નવી ચેતના મળી

**જન્મ:** 3 નવેમ્બર 1900, **અવસાન:** 4 એપ્રિલ 1946

ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને દેશભક્ત સાગરમલ ગોપાનો જન્મ 3 નવેમ્બર 1900ના રોજ રાજસ્થાનના જેસલમેર રજવાડામાં થયો હતો. સાગરમલ પ્રતિબંધિત પ્રજામંડળના નેતા હતા અને તેમણે જેસલમેર અને આસપાસના વિસ્તારોમાં લોકોને સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતા. 1921માં, સાગરમલ પણ મહાત્મા ગાંધીના અસહકાર ચળવળમાં જોડાયા હતા અને જેસલમેરના લોકોને આંદોલનમાં ભાગ લેવા માટે આહ્વાન કર્યું હતું. સાગરમલના પિતા, આખ્યા રાજ, જેસલમેરના તત્કાલિન શાસક મહારાવલ જવાહર સિંહના દરબારમાં કામ કરતા હતા. તેમની યુવાની દરમિયાન, તેમણે બ્રિટિશ ભારતમાં સ્વતંત્રતાની ચળવળ પ્રત્યે તેમના ગૃહ રાજ્યમાં દર્શાવવામાં આવેલા ઉદાસીન વલણનો અનુભવ કર્યો હતો. આનાથી તેમને ઘણું દુઃખ થયું હતું અને ધીમે ધીમે તેની અંદર વિદ્રોહની જ્વાળા ભડકવા લાગી હતી.

જવાહર સિંહે રજવાડામાં સામયિકો છાપવા અને વાંચવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આવી સ્થિતિમાં સાગરમલે તેમના પુસ્તક 'જેસલમેરનું ગુંડારાજ'માં જવાહર સિંહના અત્યાચારોનો ઉલ્લેખ કરીને મહારાજાના પ્રતિબંધને ખોટો ગણાવ્યો તેમજ અનેક પુસ્તકો પ્રકાશિત કરીને લોકોને સ્વતંત્રતાની ચળવળમાં જોડાવા માટે પ્રેરિત કર્યા હતા. સાગરમલે જેસલમેર રાજ્યના શાસનની જનવિરોધી નીતિઓનો ઉગ્ર વિરોધ કર્યો હતો, જેના કારણે હૈદરાબાદ અને જેસલમેર રાજ્યના રજવાડાઓએ પોતાના પ્રદેશમાં તેમને પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો હતો. સાગરમલ તેમના પરિવાર સાથે નાગપુર ગયા, પરંતુ જ્યારે તેમના પિતાનું અવસાન થયું, ત્યારે તેઓ તેમના અંતિમ સંસ્કાર કરવા માટે 25 મે 1941ના રોજ જેસલમેર આવ્યા હતા. ત્યારબાદ રાજદ્રોહના આરોપમાં તેની ધરપકડ કરવામાં આવી હતી અને છ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. વર્ષો સુધી તેમને જેલમાં ત્રાસ આપવામાં આવ્યો. કહેવાય છે કે, આ દરમિયાન તેમને જેલમાં પણ સળગાવી દેવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. 4 એપ્રિલ 1946ના રોજ તેમનું અવસાન થયું હતું. સાગરમલ ગોપાના બલિદાનથી દેશની જનતાને આઝાદીની ચળવળમાં ભાગ લેવાની નવી ચેતના મળી હતી. તેમની શહીદીએ જનતાના આક્રોશને નવી દિશા આપી હતી અને તમામ પ્રકારની ગુલામીઓની બેડીઓ તોડવાના સંકલ્પને મજબૂત કર્યો હતો. 1986માં, ભારત સરકારે તેમના સન્માનમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી. વર્ષ 2022માં, લાલ કિલ્લાની ભવ્ય દિવાલોને વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અગ્રણી સ્વતંત્રતા સેનાનીઓ સાથે સંકળાયેલી કલાકૃતિઓથી શણગારવામાં આવી હતી, જેમાં સાગરમલ ગોપાને તેમના અનન્ય યોગદાન બદલ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.



# સી.એફ. એન્ડ્રૂઝ

## ગરીબો અને શોષિતોના 'દીનબંધુ'


**જન્મ:** 12 ફેબ્રુઆરી 1871, **અવસાન:** 5 એપ્રિલ 1940

ભારતની સ્વતંત્રતાની ચળવળમાં દેશવાસીઓની સાથે વિદેશીઓએ પણ સક્રિય ભૂમિકા ભજવી હતી. આવા જ એક વિદેશી ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની સી.એફ. એન્ડ્રૂઝનું નામ પણ તેમાં સામેલ છે, જેમનો જન્મ 12 ફેબ્રુઆરી 1871ના રોજ ઈંગ્લેન્ડમાં થયો હતો. સી.એફ. એન્ડ્રૂઝનું પૂરું નામ ચાર્લ્સ ફ્રેયર એન્ડ્રૂઝ હતું. તેઓ 20 માર્ચ 1904ના રોજ ભારત આવ્યા અને પછી દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કોલેજ સાથે જોડાયા હતા. એન્ડ્રૂઝે ભારતમાં તેમના આગમનને તેમનો બીજો જન્મ ગણાવ્યો હતો. અહીં આવતાની સાથે જ તેમને એવું લાગ્યું હતું કે તેઓ કોઈ સ્વપ્નલોકમાં આવી ગયા છે. બ્રિટિશ સમાજ સુધારક એન્ડ્રૂઝ ભારતમાં લાંબા સમય સુધી રોકાયા તે દરમિયાન, તેઓ ભારતીય લોકોની સામાજિક, આર્થિક અને રાજકીય સમસ્યાઓને સમજ્યા હતા. તેઓ મહાત્મા ગાંધી, ગોપાલ કૃષ્ણ ગોખલે અને અન્ય અગ્રણી ભારતીયોના સમર્થનથી બ્રિટિશ શાસન સામે લડ્યા હતા. એન્ડ્રૂઝને રવિ ઈન્દ્રનાથ ટાગોર સાથે ગાઢ સંબંધ હતો. ટાગોરે તેમને અનેક પ્રસંગોએ શાંતિનિકેતનમાં આમંત્રણ આપ્યું હતું. એન્ડ્રૂઝે મહાત્મા ગાંધી સાથે આફ્રિકામાં પણ કામ કર્યું હતું. ત્યાંના ભારતીયોને તેમના મૂળભૂત અધિકારો અપાવવામાં તેમને સફળતા મળી હતી. તેમણે પોતાનું સમગ્ર જીવન ભારતને આઝાદ કરાવવા અને ગરીબ ભારતીયોની સેવા માટે સમર્પિત કરી દીધું હતું. આ જ કારણ છે કે ભારતીયો તેમને દીનબંધુ અથવા ગરીબો અને પીડિતોના મિત્ર કહેતા હતા. સી.એફ. એન્ડ્રૂઝે ભારતીય નેતાઓ દ્વારા શરૂ કરવામાં આવેલી અનેક ચળવળોમાં પણ ભાગ લીધો હતો. તેમણે માત્ર ભારતની સ્વતંત્રતાની ચળવળને માત્ર સમર્થન જ નહોતું આપ્યું પરંતુ બ્રિટિશ નીતિઓનો ઉગ્ર વિરોધ પણ કર્યો હતો. તેઓ એક પ્રખ્યાત લેખક પણ હતા. તેમણે સેંકડો લેખોની સાથે સાથે લગભગ એક ડઝન જેટલી એવી રચનાઓ રચી હતી, જેનો સામાન્ય ભારતીય જીવન અને માનવજાતની સમસ્યાઓ સાથે ઊંડો સંબંધ હતો. મહાત્મા ગાંધીએ એકવાર એન્ડ્રૂઝ વિશે કહ્યું હતું કે, "તેઓ ઈંગ્લેન્ડના સારા પુત્ર હતા અને તેઓ ભારતના પણ પુત્ર બન્યા. હું ક્યારેય તેમના કરતાં કોઈ સારી વ્યક્તિ કે બહેતર ખ્રિસ્તીને મળ્યો નથી." એવું માનવામાં આવે છે કે મહાત્મા ગાંધી અને રવિ ઈન્દ્રનાથ ટાગોરની મુલાકાત એન્ડ્રૂઝના માધ્યમથી થઈ હતી. એક તરફ, એન્ડ્રૂઝે પશ્ચિમમાં મહાત્મા ગાંધીના સિદ્ધાંતોનું અર્થઘટન કરવાનું અને ભારતીય નેતાઓ અને બ્રિટિશ સરકાર વચ્ચે સંવાદની શક્યતાઓ શોધવાનું કામ હાથમાં લીધું અને બીજી તરફ, તેમણે વિશ્વ ભારતની સ્થાપનામાં રવિ ઈન્દ્રનાથ ટાગોરને પણ સમર્થન આપ્યું. 5 એપ્રિલ 1940ના રોજ તેમનું અવસાન થયું હતું. ભારત સરકારે તેમના સન્માનમાં ટપાલ ટિકિટ પણ બહાર પાડી છે. ●

# ઓસ્કાર પુરસ્કારમાં ભારતીય ફિલ્મો છવાઈ, પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યા

ઓસ્કાર પુરસ્કાર 2023થી સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છે. 95માં એકેડેમી એવોર્ડ્સમાં સર્વશ્રેષ્ઠ અસલ (ઓરિજનલ) ગીતની શ્રેણીમાં તેલુગુ ફિલ્મ 'RRR'ના પ્રખ્યાત ગીત 'નાટુ નાટુ'ને ઓસ્કાર મળ્યો છે. આ ઉપરાંત, ભારતીય શોર્ટ ફિલ્મ 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ'ને પણ 'બેસ્ટ શોર્ટ ડોક્યુમેન્ટરી' શ્રેણીમાં ઓસ્કાર પુરસ્કાર જીતી હોવાથી ઈતિહાસ રચાયો છે. આ પુરસ્કાર જીતવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક નેતાઓએ અભિનંદન પાઠવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકેડમીના ટ્વીટના જવાબમાં લખ્યું હતું કે, “અસાધારણ! 'નાટુ નાટુ'ની લોકપ્રિયતા વિશ્વ સ્તરે છે. આ એક એવું ગીત છે જેને આવનારા કેટલાય વર્ષો સુધી લોકો યાદ રાખશે. આ પ્રતિષ્ઠિત સન્માન બદલ એમ.એમ. કીરવાણી, ચંદ્રબોઝ અને સમગ્ર ટીમને અભિનંદન. ભારત ખુશખુશાલ છે અને ગૌરવ અનુભવે છે.” આ ઉપરાંત, 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ'ની ટીમ માટે, પ્રધાનમંત્રી મોદીએ લખ્યું હતું કે, “આ સન્માન બદલ અર્થ સ્પેક્ટ્રમ, ગુણિત મોંગા અને 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ'ની આખી ટીમને ખૂબ જ અભિનંદન. તેમનું કામ સતત વિકાસ અને પ્રકૃતિ સાથે સદભાવમાં રહેવાના મહત્વ પર અદભૂત રીતે પ્રકાશ પાડે છે.”

આ સિદ્ધિ બદલ સંસદના બંને ગૃહોમાં અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહ, માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે પણ ટ્વીટ કરીને અભિનંદન પાઠવ્યા હતા.





**Narendra Modi**
@narendramodi

Cricket, a common passion in India and Australia! Glad to be in Ahmedabad with my good friend, PM @AlboMP to witness parts of the India-Australia Test Match. I am sure it will be an exciting game! 🇮🇳 🇦🇺



**रक्षा मंत्री कार्यालय/ RMO India**
@DefenceMinIndia

The MoD has signed a contract for six upgraded Dornier-228 aircraft for IAF from HAL at a cost of ₹667 Cr. The Dornier-228 aircraft to further bolster IAF op-capability from remote areas with short/ semi-prepared runways.



**Amit Shah**
@AmitShah

एक जमाने में कश्मीर में बम धमाके, हड़ताल व पत्थरबाजी होती थी, लेकिन आज मोदी जी के नेतृत्व में आये बदलाव से यहाँ के युवाओं के हाथ में पुस्तकें और लैपटॉप के साथ स्टार्टअप के लिए नई सोच है और वे विश्व के युवाओं को चुनौती देने की क्षमता रखते हैं।



**Nitin Gadkari**
@nitin_gadkari

Addressing concluding session of post-budget webinar on Infrastructure and Investment. #UnionBudget2023 #AmritKaalBudget

वित्त मंत्रालय
MINISTRY OF FINANCE

**Ministry of Finance**
@FinMinIndia

In the series of post-Budget Webinar opened by Prime Minister Shri @narendramodi on 'Enhancing Efficiency of Financial Services for Creating growth opportunities', a final plenary session was held via virtual mode today. (1/3)
#AmritKaalBudget



**Smriti Z Irani**
@smritiirani

बीते 9 वर्षों में देश 'Women-Led Development' के विजन लेकर आगे बढ़ा है। इस वर्ष का बजट भी इस दिशा में हो रहे प्रयासों को नई गति देने में सक्षम है।
आज भारत की अध्यक्षता में हो रही 'G20' की बैठकों में भी यह विषय प्रमुखता से छाया हुआ है।
#NariShaktiForNewIndia

# अभूतपूर्व: दो भारतीय फिल्मों ने ऑस्कर जीतकर इतिहास रचा

लॉस एंजिलिस में ऑस्कर समारोह में भारतीय फिल्मों ने इतिहास रचा। पहली बार देश की झोली में दो ऑस्कर आए। सम्मान पाने वाली फिल्म आरआरआर और वृत्तचित्र 'द एलिफेंट व्हिस्परर्स' भारत में बनी हैं।

**23** श्रेणियों में ऑस्कर पुरस्कार दिए गए | **01** करोड़ के उपहार मिले न जीत सके प्रतिभागियों को



लॉस एंजिलिस में सोमवार को ऑस्कर ट्रॉफी के साथ फिल्म आरआरआर के संगीतकार एमएम कीरावानी और गीतकार चंद्रबोस। • एएफपी



**आरआरआर** — सर्वश्रेष्ठ मूल गीत की श्रेणी

- फिल्म आरआरआर के नाटू-नाटू गीत को अवार्ड, नाटू-नाटू का अर्थ 'नाचना' होता है
- पॉप स्टार लेडी गागा और रिहाना के नामांकन को पीछे छोड़ नाटू-नाटू ने सम्मान जीता
- अभिनेता राम चरण और जूनियर एनटीआर के नृत्य को काफी सराहना मिली

**द एलिफेंट व्हिस्परर्स** — डॉक्यूमेंट्री शॉर्ट सब्जेक्ट श्रेणी

- दिल्ली में पढ़ी गुनीत मोंगा (प्रोड्यूसर), कार्तिकी गोंजाल्विस (निर्देशक) की जोड़ी ने अवार्ड जीता
- यह फिल्म दो हाथियों और उनकी देखभाल करने वालों के बीच के अटूट बंधन पर आधारित है
- कार्तिकी ने पुरस्कार स्वीकार करते हुए इसे अपनी 'मातृभूमि भारत' को समर्पित किया



असाधारण। नाटू-नाटू की लोकप्रियता वैश्विक है। यह एक ऐसा गीत होगा जिसे आने वाले कई वर्षों तक याद रखा जाएगा। पूरी टीम को बधाई। भारत खुश और गौरवान्वित है। कार्तिकी गोंजाल्विस और 'द एलिफेंट व्हिस्परर्स' की पूरी टीम को भी सम्मान के लिए बधाई।

—नरेंद्र मोदी, प्रधानमंत्री

**दीपिका पादुकोण भावुक हुईं**

अभिनेत्री दीपिका पादुकोण समारोह में प्रस्तोता के तौर पर शामिल हुईं। वे मंच पर भावुक हो गईं।

**समारोह की खास बातें**

1. 62 साल में पहली बार समारोह में लाल की जगह शैंपेन रंग की कार्पेट बिछाई गई
2. आरआरआर के गाने नाटू-नाटू पर काल भैरव और राहुल सिप्लीगुंज ने प्रस्तुति दी। दर्शकों ने खड़े होकर तालियां बजाईं

# छोटे व्यापारियों की मदद को मिशन मोड में काम करें: मोदी

नई दिल्ली, एजेंसी। प्रधानमंत्री नरेंद्र मोदी ने शनिवार को कहा कि कारीगरों, छोटे कारोबारियों की मदद के लिए मिशन मोड में काम करने की जरूरत है। उन्होंने कहा, हमारा उद्देश्य आज के कारीगरों को कल का बड़ा उद्यमी बनाना है। इसके लिए उनके व्यापार मॉडल में स्थिरता जरूरी है।

मोदी ने बजट के बाद 'प्रधानमंत्री विश्वकर्मा कौशल सम्मान' योजना पर आयोजित एक वेबिनार में सभी हितधारकों से छोटे कारीगरों को अपनी मूल्य श्रृंखला का हिस्सा बनाने का आह्वान किया। उन्होंने कहा कि कारीगरों और छोटे व्यवसायों से जुड़े लोगों की मदद करना ही इस योजना का उद्देश्य है। उन्होंने कहा कि कारीगरों को हम मूल्य श्रृंखला का हिस्सा बनाकर ही मजबूत कर सकते हैं। मोदी



- कारीगरों की मदद करने का पीएम ने किया आह्वान
- स्किल इंडिया के तहत करोड़ों लोग प्रशिक्षित हुए

ने कहा कि योजना के तहत कारीगरों के कौशल को निखारना, उनके लिए कर्ज उपलब्ध करना और ब्रांड प्रचार में उनकी मदद करना है, ताकि उनके उत्पाद बाजार में जल्दी पहुंच सकें। स्किल इंडिया मिशन के तहत करोड़ों लोगों को प्रशिक्षित किया जा चुका है।

# 'एमएसएमई आर्थिक वृद्धि का अहम स्तंभ'

नई दिल्ली, एजेंसी। प्रधानमंत्री नरेंद्र मोदी ने सोमवार को कहा कि सरकार की संशोधित [illegible]



[illegible]

# बेंगलुरु- मैसूर एक्सप्रेस वे का उद्घाटन आज

बेंगलुरु। प्रधानमंत्री नरेंद्र मोदी रविवार को कर्नाटक का दौरा करेंगे। इस दौरान वे करीब 16,000 करोड़ रुपए की परियोजनाओं का उद्घाटन और शिलान्यास करेंगे। पीएम आज कर्नाटक को सबसे



बड़ी सौगात भी देंगे। वे बेंगलुरु-मैसूर एक्सप्रेसवे राष्ट्र को समर्पित करेंगे। ये एक्सप्रेसवे 8480 करोड़ रुपए की लागत से बना है और 118 किलोमीटर लंबा है। इससे बेंगलुरु और मैसूरु के बीच यात्रा का समय लगभग तीन घंटे से घटकर करीब 75 मिनट हो जाएगा। पीएमओ के मुताबिक, रविवार दोपहर करीब 12 बजे प्रधानमंत्री मोदी मांड्या में प्रमुख सड़क परियोजनाओं का लोकार्पण और शिलान्यास करेंगे। इस साल पीएम मोदी का कर्नाटक का यह छठवां दौरा है।

# टैक्स कलेक्शन में तेजी

■ विस, नई दिल्ली: डायरेक्ट टैक्स कलेक्शन में तेज कलेक्शन अब तक 17 प्रतिशत की बढ़ोतरी के साथ पहुंच गया है। यह वित्त वर्ष 2023 के संशोधित लक्ष्य बजाय कि रिफंड देने के बाद डायरेक्ट टैक्स कलेक्शन

RNI
DELGUJ/2020/78810
1-15 April, 2023

ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

RNI Registered No. DELGUJ/2020/78810, Delhi Postal License No. DL(S)-1/3554/2020-22, WPP No. U(S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi-110 001 on 26-30 advance Fortnightly (Publishing Date- 17 March, 2023, Pages-52)



# જનસંવાદની શ્રેણીમાં એક મહત્વપૂર્ણ મુકામ...



## મન કી બાતનો 100મો એપિસોડ

**30 એપ્રિલ 2023**

'મન કી બાત' ને તમામ વ્યક્તિએ જનભાગીદારીની અભિવ્યક્તિ માટે એક અદ્ભુત પ્લેટફોર્મ બનાવ્યું છે. હવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ ખૂબ જ પ્રખ્યાત રેડિયો કાર્યક્રમ મન કી બાતનો 100મો એપિસોડ આવી રહ્યો છે. 30 એપ્રિલ 2023ના રોજ તૈયાર રહો અને મન કી બાતના 100મા એપિસોડનો હિસ્સો બનો. આ એપિસોડને યાદગાર બનાવવા માટે, 1800-11-7800 ડાયલ કરીને તમારા સૂચનો જણાવો અથવા

મુલાકાત લોઃ https://www.mygov.in/group-issue/inviting-ideas-celebrate-100th-episode-mann-ki-baat/

“મારા વ્હાલા દેશવાસીઓ, હવે આપણે ‘મન કી બાત’ના 100મા એપિસોડના અભૂતપૂર્વ મુકામ તરફ આગળ વધી રહ્યા છીએ. મને ઘણા દેશવાસીઓના અનેક પત્રો મળ્યા છે, જેમાં તેમણે 100મા એપિસોડ વિશે ખૂબ જ ઉત્સુકતા વ્યક્ત કરી છે. 100મા એપિસોડમાં આપણે શાની ચર્ચા કરીએ, તેને કેવી રીતે ખાસ બનાવીએ તે અંગે તમારા સૂચનો મોકલશો તો મને ખૂબ જ ગમશે.”

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



Gujarati

**Editor in Chief**
**Rajesh Malhotra,**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Director General, on behalf of **Central Bureau Of Communication**

**Published from:**
**Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at**
Infinity Advertising services Pvt.Ltd. FBD-One Corporate Park, 10th floor, New Delhi-Faridabad border, NH-1,Faridabad-121003